


ઔરંગાબાદ (દક્ષિણ)માં તાજમહાલની પ્રતિકૃતિ સમો ઔરંગઝેબે બંધાવેલો પોતાની બેગમનો મુકરબો—ફોટો • બલવન્ત ભટ્ટ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

કુમાર

અંક ૧૩૧ મો

તંત્રી
રવિશંકર
રાવળ ✻ સંપાદક
બચુભાઈ રાવત ✻ કાર-
તક ઓગણીસ સો
એકાણુંનો
અંક



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહક. વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦–૧૦–૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



હિમશિખરોમાં મૂર્તિમંત થતી શંકરની સૌમ્યગંભીર મુખમુદ્રાનું ધ્યાન ધરતી

ગૌરીની તપશ્ચર્યા

(ચિત્રકાર • કનુ દેસાઇ)

કુમાર ઉગતી પ્રજાનું માસિક

કારતક

નવા વર્ષની ઉષાને

• વંશસ્થ •

પ્રશસ્ત તારાં ચરણે, પ્રભાવતી
ઉષા! અમારી ઢળતી છ અર્ચના.

અમાસનાં અંધ તમિસ્રનીરથી
પ્રફુલ્લતી આ તવ પદ્મપાંદડી,
મધ્યાહ્નની એ પગલી સુકોમળી!
તમિસ્રતીરે ઊંઘતાં ઉઠાડજે,
મધ્યાહ્ન જોવા ઝળકંત જિન્દગી–
તણો તું ખુલ્લાં નયને જિવાડજે.

અને બને તો,
સન્ધ્યા અમારી સુરખીભરી કરી
મધ્યાહ્નથી યે ઉજળી બનાવજે.

સુન્દરમ્




નાનીસરખી ને સાદી પ્રાર્થના છે—છતાં કેટલી આકાંક્ષાબલવાળી છે! ઉષાને મધ્યાહ્નની સુકોમળ પગલીની નમણી ઉપમાથી સંબોધી કહે છે: 'અમાસનાં અંધકારનીરમાંથી સ્વયંભૂ તારી પદ્મપાંદડી પ્રફુલ્લે છે; અમને અંધકારતીરે સૂતેલાંને એમ ઉઠાડજે, અમારી જિન્દગીનો ઝળહળતો મધ્યાહ્ન જોવા ઉઘાડી આંખે (આત્મભાનપૂર્વક) જીવાડજે, અને એ મધ્યાહ્નથી યે વધારે સુરખીભરી–ઓજસ્વી–કરીને અમારી જીવનસંધ્યાને ઊજળી બનાવજે.'



પલ્ની

● ગયા એપ્રિલના મારા દક્ષિણ હિંદના પ્રવાસનું એક સ્મરણ: ૩૦મી એપ્રલની રાત્રે ત્રણ વાગ્યે અમારી પાર્ટી પલ્ની આવી ઠરી. નોકરોએ સામાન ઉતારી સ્ટેશનના યાર્ડમાં પડાવ નાખ્યો. અમે જાગ્યા ત્યારે એક બાજુ નીલગિરિની પર્વતમાળ પથરાઇ હતી અને બીજી બાજુ સપાટ ભૂમિપ્રદેશને સામે કાંઠે સૂર્યોદય-ના રંગો ચળકી ઊઠયા હતા. એક જ માઇલ દૂર પલ્નીની ટેકરી ભૂરી ગિરિમાળાની આડે એકલી ઊભી હતી અને તેની ઉપર સુબ્રહ્મણ્યમ (કાર્તિકેય)નું મંદિર દેખાતું હતું. અરધા કલાક-માં તો મોટરો અને બસ મારફતે અમે એ ટેકરીની તળેટીની ધર્મ-શાળામાં પડાવ નાખ્યો અહીં ધર્મશાળાને ચૌલ્ટ્રી(Chaultry) કહે છે. એક તરફ ચાપાણી અને રસોડાનું કારખાનું ચાલ્યું, બીજી તરફ અમે બધાએ તાબડતોબ સ્નાન કરી લીધું; કારણકે તડકા પહેલાં ટેકરી ઉપર જઇ વિધિ પતાવી આવવાનું હતું.

સ્નાન તથા ચાપાણીથી સૌ પરવાર્યા એટલે મંદિરના પુરોહિત અને મૅનેજર વાજિંત્રો તથા એક હાથી લઇ સામૈયું લઇ આવ્યા અને સૌ પગે ચાલતા ટેકરી આગળ પહોંચ્યા. કાર્તિકેયની પૂજા આટલા ઠાઠમાઠ અને શ્રદ્ધાથી થતી તો મદ્રાસ ઈલાકામાં જ જોઇ. એ સુબ્રહ્મણ્યમ્ (કાર્તિકેય)નું પ્રિય વાહન મોર તેમના મંદિરની સામે તેમજ આસપાસ એક નાના મંડપમાં દેખા દે છે. મહાદેવ સામે પોઠિયો રહે છે તેમ અહીં સુબ્રહ્મણ્યમને મોર હોય જ. વળી



અહીંની કથામાં તો તે પરણેલા દેવ મનાય છે. (આપણે ત્યાં તે આજન્મ કુમાર ગણાય છે) ગણેશજી તો અહીં ફાલતુ દેવતા બની ગયા છે. સુબ્રહ્મણ્યમનાં આવાં આઠ કે નવ મોટાં ધામ આ બાજુ છે; તે ઉપરાંત ગામેગામ નાનાં દેવળોનો તો શુમાર નથી. અહીં પલ્નીમાં જોયું તો ગામેગામથી લોકો દર્શન માટે આવે છે. સાથે સુબ્રહ્મણ્યમના અભિષેક માટે નીચેથી કાવડો બાંધી લાવે છે; તેમાં દૂધની લોટીઓ બાંધી હોય છે અથવા નાળીએર બાંધ્યાં હોય છે. એવી રીતે સંખ્યાબંધ નરનારીઓ કાવડ સાથે ટેકરી પર ચડતાં નજરે પડે છે. પૈસેટકે ઠીક હોય તેઓ શરણાઇ ત્રાંસાં સાથે ચડતા દેખાય છે. અમે ચડવાનું શરૂ કર્યું તે પહેલાં મંદિરના કીર્તનકારની મંડળીએ થોડો વખત જે સુંદર ગીતતાલની લહેર ઉપજાવી હતી તે ભૂલાય એવી નથી.

તળેટીની આસપાસના પડોશમાં મંદિરે આવનારાં યાત્રી-ઓને સગવડરૂપ થાય એવા સામાનની બજાર લાગેલી છે તેમજ સગવડવાળી ચૌલ્ટ્રીઓ છે. તળેટીથી ગાંડી ઉપર જાઓ ત્યાંસુધી ભિખારાંઓ તો પગથિયે પગથિયે પડેલાં જ હોય, પણ કોઇની જરા યે સતાવણી નહિ. પણ અહીં ખરી સતાવણી તો લાલ મોંનાં માકડાંની છે. અહીં માણસજાત સાથે તેમને એટલી છૂટ મળી ગઇ છે કે તમારા હાથમાંથી કંઇપણ ઝૂંટવીને ખાઇ જતાં તેમને વાર લાગતી નથી! એમનું તોફાન અને કૂદંકૂદા તથા જાતજાતનાં લટકાં જોવાની પણ મજા પડે છે.

આ તરફ ધાર્મિકતા વધુપડતી છે. પ્રદક્ષિણા કરીને જ મંદિરમાં દાખલ થવાય. દેવની પાસે ઘી વિના બીજો દીવો જ ન હોય; જોકે હમણાં બહારના બધા જ ભાગોમાં વીજળીના દીવા ગોઠવાઇ ગયા છે. પલ્નીની ટેકરી પરની દીવાની હાર રાત્રે નવું આકર્ષણ આપે છે. મંદિરના ઘાટ અને કલાકારીગરી ચોલ સમયથી જે ઢબ ચાલુ થઇ છે તે જ હોય છે, પણ



મૂર્તિવિધાનમાં નવાનવા ઘાટ મળી આવે છે. પલ્ની-માં અમે કાર્તિકેયની જે મૂર્તિ જોઇ તેમાં ઘણી યે સૂચક પરંપરા લાગી. કાર્તિકેયે માતાની આજ્ઞાથી પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી એટલે મૂર્તિમાં, તે હાથમાં એક લાંબો દંડ પકડી ઊભેલા જગપ્રવાસી રૂપે નજરે પડે છે;— જેમ ગાંધીજીની કૂચના સ્મરણરૂપે તેમની લાકડી સાથે ચાલતી છબી પ્રતીક બની ગઇ છે એમ. ભગવાન કાર્તિકેય મનવાંછિત ફળ આપવા શક્તિ-માન છે એવી લોકમાન્યતા હોવાથી યાત્રીઓનો આ સ્થાન પર બહુ ભાવ જણાયો. જેમણે મૂર્તિના અભિષેકની માનતા લીધી હોય તેઓ મધ, માખણ, દહીં, દૂધ, ખારેક, સાકર, કેળાં વગેરેને એકરસ કરી સ્નાન કરાવે છે, સુગંધિત ચંદનથી અર્ચન કરાવે છે ને વસ્ત્રાલંકાર પણ અર્પણ કરે છે. કહે-વાય છે કે આ મૂર્તિ પર મધ ચડે છે એટલું કોઇ મૂર્તિ ખમી શકે નહિ, કેમકે બહુ મધ પડતાં કોઈપણ પથ્થર ફાટી જાય છે. છતાં આ મૂર્તિ ટકી છે તેમાં એ પથ્થરનો ખાસ ગુણ ગણાય છે.

પલ્ની ગામ વીસબાવીસ હજારની વસ્તીવાળું છે અને ગામમાં એક હાઇસ્કૂલ પણ છે. પણ વધારે આનંદ તો ત્યાંના કૃષિજીવનની સુખમયતા જોઇને થયો. ભરઉનાળામાં પણ ત્યાં ચારેકોર લીલોતરી લહેરાતી હતી. કયાંયે મજૂરો અને ખેડુતોનાં હાડપાંસળાં બહારપડતાં દેખાતાં નહોતાં.

સાંજ સુધીનો બધો વખત આસપાસ ભમી પૂરો કર્યો. ટેકરીની પ્રદક્ષિણા કરી. રાત્રે ઇડલી અને કૉફી લઇ સ્ટેશને આવ્યા અને પરોઢીએ ચાર વાગ્યે ગાડી ઊપડી ત્યાંસુધી સ્ટેશન-માં જ વખત પસાર કર્યો.

—૨.મ.રા.

શ્રીમતી સ્ની ડી. પિટિટ

એમને વિષે ગયા અંકમાં અમે એમ જણાવ્યું હતું કે એમણે મુંબાઇની સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટની ચિત્રકળાની ડિપ્લોમા મેળવી છે; પરંતુ તે હકીકતમાં સુધારો કરતાં અમને આનંદ થાય છે કે તેમણે એ કલાશાળાનો લેશ પણ આશ્રય લીધો નથી. આથી તો તેમની કલા વધુ ધન્યવાદપાત્ર બને છે.



હેનરી રૂસો—એક સ્વયંભૂ ફ્રેન્ચ કલાકાર

જકાતની છાપરી સાચવતો એક સ્વયંભૂ ફ્રેન્ચ કલાકાર આજે મોડેમોડે પણ જગતની સાચી કદર પામે છે.

હેનરી રૂસો નાકેદારનાં જે ચિત્રો આ ઉપર આપવામાં આવ્યાં છે તેનું નામ આજકાલ યૂરોપના કલાક્ષેત્રમાં બહુ અસાધારણની પંક્તિમાં મૂકાયું છે.

પચાસ વર્ષની ઉમર સુધી તો તે ફ્રેંચ જકાતખાતામાં નોકરી કરતો હતો, અને પારીસની સીમમાં કોઇ એક છાપરીએ બેસી ત્યાંથી નીકળતા મુસાફરોને રોકી તેમની પાસે દાણની ચીજો હોય તો તેની નોંધ કરતો અને ચીઠી કાઢી આપતો.

માત્ર રવિવારે આ તરંગી નાકેદાર રંગની પેટી લઇ, ઘોડી પર ચિત્રપાટી માંડી પોતાના પરાનાં દૃશ્યો ચીતરવા બેસી જતો. આખરે પેન્શન પર છૂટો થયો ત્યારે એકલી કલાકૃતિઓ જ કરવી એવા નિશ્ચય પર એ આવ્યો.

રૂસોને કળાનું શિક્ષણ નામે મળ્યું નહોતું. જે કાંઇ કરતો તે પોતાની જ ઉકલતથી. ચિત્રાલયોમાં મહાન કૃતિઓ પડી છે એનું તેને ભાન નહોતું. તેની દૃષ્ટિએ જે જણાયું તે જ તેણે ચીતર્યું. ભૂત કે વર્તમાન કોઇપણ ચિત્રકારનું જરાપણ ઋણ તેના કામમાં નથી આવ્યું.

તેનાં ચિત્રો બાલોચિત અને અત્યંત સરળ શૈલીથી ચીતરાએલાં છે. તેથી કેટલાકને પારીસના ઉત્તમોત્તમ રાષ્ટ્રીય ચિત્રાલયોના સંગ્રહ આગળ તે જંગલી ને અણઘડ દેખાતાં. તેના જીવનકાળમાં તો કોઇએ તેનાં ચિત્રો પર ખરૂં ધ્યાન આપ્યું જ નહિ અને તેના લત્તાના ઓળખીતાઓને મન તે એક નિર્દોષ ચક્રમ લાગતો.

પણ રૂસોને મનમાં થયું કે લાવને દુનિયા આગળ આ કૃતિઓ મૂકી તો જોઉં. પારીસના એક સ્વતંત્ર મતધારી કળામંડળને તેણે ચિત્રો મોકલ્યાં પણ ત્યાં કોઇએ તેના પર લક્ષ્ય દીધું નહિ; બલ્કે કોઇકે ઉપહાસ પણ કર્યો. એમ કરતાંકરતાં એકબે ચિત્રકારો અને મીમાંસકોને તેના કામની સરળ શૈલી અને મોહિનીની ચોટ લાગી. તેમાંનો એક તો ઘનદર્શનની કળાનો નેતા પૅબ્લો પિકાસો (Pablo Picasso—leader of cubists) હતો. તેણે નજીવી કિંમતે રૂસોનું એક ચિત્ર પણ ખરીદ્યું. આવી રડીખડી કદરદાની બાદ કરતાં, આ વૃદ્ધ જકાતી ૧૯૧૦માં ગુજરી ગયો ત્યારે જાહેર પ્રજા-

માં ચિત્રકાર તરીકે તેની જરાયે નામના થઈ નહોતી.

પછી જ ધીમેધીમે તેના પ્રશંસકો વધતા ચાલ્યા; અને આજે તો ઓગણીસમી સદીના વિરલ ચિત્રકારો કે જેમનાં ચિત્રો ખુલ્લી બજારમાં ચાર આંકડા જેટલી કિંમતે જ મળી શકે તે પૈકી તેનું નામ આવી ગયું છે. થોડા જ વખત પર પારીસના વિખ્યાત લુવ્ર ચિત્રાલય માટે તેનું ચિત્ર ખરીદાયું અને તાજેતરમાં અમેરિકાના પ્રસિદ્ધ ચિત્રસંગ્રાહક ડૉ. બાર્નીએ તેનાં સાત ચિત્રો ખરીદ્યાં છે.

રૂસો જુવાન હતો ત્યારે ફ્રેંચ લશ્કરની ભરતીમાં જોડાઇને મેક્સિકો ગયો હતો. ત્યાંનાં મોટાં જંગલોની તેના મગજ પર જબ્બર છાપ પડી હતી. પછીના જીવનમાં તેણે ચીતરવા માંડ્યું ત્યારે એ સ્મૃતિઓ ઊભરાઈ આવી અને તેથી જ તેનાં કેટલાંક ચિત્રોમાં ઉષ્ણ પ્રદેશનાં જંગલો, ભરચક ફૂલવેલો, જંગલી જાનવરો વગેરે સ્વાભાવિકપણે વિચરતાં નજરે પડે છે. આ લેખ સાથે આપેલાં ચિત્રોમાં તેનો નમૂનો મળશે.

ચિત્રકારો એના ચિત્રોમાં આજે બહુ રસ પામે છે, કારણકે તે બધાં માત્ર કલ્પનાબળે જ ચીતરાયાં છે. ક્યાં એ જંગલો અને ક્યાં પારીસનું પરૂં! એ લાંબું અંતર ઉડાવીને માત્ર અંતરપ્રેરણાને બળે એ એકાંતી ચિતારાએ ચિત્રરચનાના અટપટા વિષયોની સિદ્ધિ મેળવી. આવી સિદ્ધિ વર્તમાન બુદ્ધિમાન ચિતારાઓ પણ ઘણા વખતે અને ખાસ અભ્યાસબળે માત્ર મેળવી શકે છે.

જંગલનાં ચિત્રો સાથે પારીસના પરાનાં દશ્ય જુઓ તો બજારૂ ફરતા ચિતારાના કામ જેવું લાગે; પણ ક્રિયાશક્તિની ખામી ભૂલી જઇને અવિરોધી દૃષ્ટિથી નીરખશો તો ચિત્રની સુશોભિત ઘટના કરવાની શાસ્ત્રીય બુદ્ધિનું તેમાં સાન્નિધ્ય દેખાશે. ઉપરાંત નામચીન ચિતારાઓની વિવિધ ચતુરાઇથી થાકેલી આંખને આ ચિતારાની સચોટ સરળતાભરી કલ્પના સજ્જડ આકર્ષણ કર્યા વિના નહિ રહે.

રૂસો મેક્સિકો ગયો ત્યારે તેની ટુકડીના બૅન્ડમાં જોડાયો હતો, એટલે પાછલી જિંદગીમાં તે સંગીતાચાર્ય તેમજ ચિત્રકાર બની રહ્યો હતો અને નોકરીમાંથી ફારેગ થયા બાદ આવકમાં તોટો પડતો તે પાવા કે વાયોલિનનાં શિક્ષણ આપીને કે કોઇને ચિત્રકામ શીખવીને પૂરતો. ઉપરાંત ભાઇશ્રીએ એક નાટક પણ લખી નાખ્યું હતું, પણ તે કોઇએ ભજવ્યું હોય તેમ લાગતું નથી.

કેટલાક એકાંતી ચિત્રકારો સિપાઇ, મજૂર કે એવુંએવું ચીતરે છે ત્યારે સિદ્ધ થએલા ચિત્રકારોની ઢબ કે પ્રવીણતાની હરીફાઇ કરે છે; પણ રૂસોએ એમાંનું કાંઇ કર્યું નથી. અતીવ કુશળતાના જમાનામાં સંપૂર્ણ વ્યક્તિગત અને નરી સરળતાભરી દૃષ્ટિ તેણે પ્રાપ્ત કરી હતી. એની કૃતિઓ આપણને બાળપણ સભારી આપે છે, અને તેથી જ વિશેષ રમણીય લાગે છે. —ર. (આર.એચ. વિલેન્સ્કી નામના વિખ્યાત અંગ્રેજ કલાવિવેચકના લેખ ઉપરથી)

જંગબારના સુલતાન સૈયદ માજીદ સિંહાસન પર બિરાજ્યા છે. તેમના પ્રધાનમંડળના મંત્રીઓ આસપાસ ગાલીચા પર બેઠા છે.

'ગુલામોના વેપારી અબ્દુલ કાદર બુખારીએ એક વેપારી વહાણ પકડાયાની ખબર હમણાં જ આપી છે.' સુલતાન હુક્કાની રૂપેરી નળીમાંથી ધુમાડા કાઢતા બોલ્યા.

'કયું વહાણ, નામવર ?' લધાભાએ પૂછ્યું.

'ઘણુંકરીને દરિયાદોલત. પચીસેક બાનોને પણ દોઝખી અલહસને પકડ્યાં છે.' સુલતાન સખ્તાઇથી બોલ્યા.

'એ તો અમારૂં વહાણ. આજ ત્રણ માસ થયાં એનો પત્તો નથી.' લધાભાએ દિલગીરી સાથે કહ્યું.

'અને એ બાનોને છોડવા માટે મુબાદિલો શું માગે છે, નામવર?' અજમીઓ (ઇરાનીઓ)ના ઉપરી મુરાદઅલીએ પૂછ્યું.

'બસો રીઆલથી માંડીને પાંચ હજાર રીઆલ સુધી—બાનોની આર્થિક સ્થિતિ પ્રમાણે માગવામાં આવ્યા છે. કુલ પચાસ હજાર રીઆલ માગે છે.' નૌકાધ્યક્ષ ટીપુટીબ ધીમેથી બોલ્યો.

'મારે એ શયતાનને એક ખોટી બદામ પણ પરખાવવી નથી. હવે તો એને જડમૂળથી ઉખેડી જ



નાખવો છે.' સુલતાને રોષયુક્ત સ્વરથી કહ્યું.

'પણ એનો કિલ્લો ઘણો મજબૂત છે. વળી તે સ્થાન આંટીઘૂંટીવાળી ખાડીઓની વચ્ચે કોઈ એવા દુર્ગમ અને કષ્ટસાધ્ય બેટમાં આવેલું છે કે અમારા બાહોશ નૌકાખાતાનું વહાણ તો શું પણ એક હોડી સરખી તે સ્થળને પહોંચી શકી નથી.' નૌકાધ્યક્ષે લાચારી બતાવી.

'અરે, ખુદ નામવરનાં ત્રણ વહાણોને પકડી તેનાં માણસોને છોડવા માટે તેણે પુષ્કળ ધન અમારી પાસેથી લીધું છે. હવે આ ત્રાસ વધારે વખત સહન થાય તેમ નથી. એનો તો હવે મૂળમાંથી નાશ જ કરવો જોઇએ.' આરબોના સરદાર જિલાનીએ કહ્યું.

'બહુ અસહ્ય સ્થિતિ થઇ પડી છે, નામવર! અમારાં વહાણો, માણસો, વેપારરોજગાર, ધનદોલત, માલસરંજામ કાંઇપણ સુરક્ષિત નથી. આપના પ્રતાપ અને શક્તિ ઉપરના વિશ્વાસે તો અમે હજારો માઇલ દૂર અહીં આવ્યા છીએ. પણ જોઇએ છીએ કે આપની સત્તા અમારા વેપારનું કશું રક્ષણ કરી શકતી નથી. અમારા ભાઇઓ જુલમીઓના હાથમાં પકડાઇ ભારે દુઃખ ભોગવે, અમારી માલમત્તા લૂંટાય, અમારો ધંધો રંજાડ પામે તેની સામે આપનો કોઇ બચાવ વહાર કરી શકે નહિ ત્યારે અમારે શું કરવું? વેપાર બંધ



લધા શેઠ

પેટવડીઆ નોકર તરીકે જિંદગી શરૂ કરીને ખંત, જહેમત અને હૈયાઉકલતથી આપઉન્નતિ સાધી જે જંગબારના શાહ વેપારી થયા ને જેણે પૂર્વ આફ્રિકાની નાની ગુજરાતી વસાહતમાંથી વીસ-હજાર ગુજરાતીઓનું બલવાન સંસ્થાન જમાવ્યું

અઢારમી સદીની મહાગુજરાતની વસાહતના એ કાળની વાર્તા

દરિયાઈ શયતાન

કરી અહીંથી પોતાને દેશ ભાગી જવું?' અત્યાર સુધી સમસમી રહેલા લધાભાએ રોષયુક્ત વચનો કહ્યાં.

સુલતાન માજીદ આ શબ્દોથી સતેજ થઇ સિંહાસન ઉપર જરા ટટ્ટાર થયો અને નૌકાધ્યક્ષ ટીપુટબ તરફ એક સ્થિર દૃષ્ટિ નાખી: 'તારા જેવો કાર્યદક્ષ નૌકાધ્યક્ષ હોવા છતાં મારે આ સાંભળવાનો વખત આવે? ગમે તેટલાં નાણાં ખર્ચાય, ચાહ્ય તેટલી જહેમત પડે, પરંતુ તું જાતે બંદોબસ્ત કરી આ હરામખોર હસનને નસીહત આપ. પૈસા, માણસો કે નુકસાન સામું જોઇશ નહિ. કોઇપણ ભોગે આ ચાંચીઆને મૂળ સહિત ઉખેડી નાખ. અને તમે સૌ મંત્રીઓ પોતપોતાનાં સાધનો નૌકાખાતાના સહકારમાં મૂકો. મારે તો બસ એક જ પરિણામ જોઇએ: આ ચાંચિયાનો નાશ. એ અમારો જન્મશત્રુ છે. દિલગીરીની વાત છે કે તે હજી ટકી રહ્યો છે!'

દરબાર બરખાસ્ત થયો અને થોડી વારમાં તો મોજીલો સુલતાન શિકારની મોજ ચાખવા દારેસ્સલામના મહેલ તરફ સિધાવી ગયા.

ઠક્કર લધા દામજી જંગબારના વીસ હજાર હિંદી-

ઓના મુખી હતા. અત્યંત ગરીબાઇથી દબાએલા લધાભાએ બાર વરસની નાની વયે શેઠ જેરામ શિવજીની પેઢી ઉપર પેટવડીઆ નોકર તરીકે જિંદગી શરૂ કરેલી. પેઢી ઉપર દીવાબત્તી કરવાં અને ગાદીતકીઆ બિછાવવા એ તેમનું શરૂઆતનું કામ હતું. તે પછી તરત વાસણ માંજવાનું અને અબોટવાનું કામ મળ્યું. બે'ક વરસે રસોયાના મદદનીશ થયા. પાંચેક વરસ બાદ રસોયાનો પૂરો પાકો ચાર્જ મળ્યો. ત્યાથી ચડતી થતાં ઉઘરાણીનું કામ મળ્યું. કાર્યદક્ષ, મહેનતુ અને ખંતીલા લધાભાએ ઝપાટાભેર હિસાબ અને નામું લખતાં શીખી લીધાં અને જોતજોતાંમાં તો એ કૅશીઅર થયા, જેમાંથી ઉન્નતિ થઇ અને જકાતખાતાના ઉપરી બન્યા. જેરામ શેઠ નિવૃત્ત થતાં તે લધાભાને જંગબારની પેઢીનું કામ સોંપીને સ્વદેશ ગયા. જંગબારના સુલતાનનું જકાતખાતું, કરોડોનો વેપાર અને મોટી સ્થાવરજંગમ મિલ્કત લધાભાએ પોતાની બુદ્ધિથી વિકસાવ્યાં. એ જ પોતાની કુશાગ્ર બુદ્ધિના ચમત્કારથી તેમણે ખુદ સુલતાનને પણ ઘણી વખત કટોકટીના પ્રસંગોમાંથી ઉગારી લીધા હતા. સુલતાનના તેના ઉપર ચારે હાથ હતા. કસ્ટમની પેદાશ સાઠ હજાર રીઆલથી વધારી તેમણે ત્રીસ લાખે પહોંચાડી પોતાના શેઠને કરોડાધિપતિ બનાવ્યા.

અંગ્રેજ, ફ્રેંચ અને પોર્ચુગીઝ કૉન્સલો તેમના અંગત મિત્રો હતા. તેઓ અરબી, સ્વાહિલી, અંગ્રેજી અને ફ્રેંચ ભાષાઓ બોલી જાણતા. તેમની લાગવગ ભારે હતી. સુલતાન તો તેમને નાના ભાઇ જેટલું માન આપતા.

સર થારિયા ટો પણ લધાભાની જ માફક સીડીના ઠેઠ નીચેના પગથિયેથી ટોચે ચડયા હતા. એ ઠક્કર લધા દામજીના જ હાથ નીચે કેળવાએલા હતા. એમની સમજાવવાની શક્તિ અદ્ભુત હતી. તેમણે મોટો વેપાર શરૂ કર્યો. શાહ સોદાગર થયા ને સુલતાને તેમને વજીર બનાવ્યા; સુલતાનના રાજ્યદ્વારી કામે વિલાયત જઇને ફત્તેહ મેળવી આવ્યા; સુલતાનની, સરદારોની અને પરદેશીઓની ભારે કૃપા મેળવી; લાખોની સખાવત કરી નાઇટ થયા. એમનો વગવસીલો પણ વ્યાપક હતો.

મુરાદઅલી અજમીઓ (એટલે ઇરાનીઓ)ની ટુકડીનો સેનાધિપતિ હતો. ઇરાનનો આ યુવાન સરદાર ત્યાંના શાહની સામે બહારવટે નીકળેલો. તેની ટોળીએ અનેક ગામડાં અને શહેરો લૂંટયાં,લશ્કરો સાથે લડાઇઓ કરી અનેક જયપરાજયો મેળવ્યા અને રૈયતને ત્રાહેત્રાહે પોકરાવી. પોતે પણ ઘણું વેઠ્યું. રેતીનાં મેદાનો, ભયંકર જંગલો અને દુર્ગમ ગિરિકંદરોમાં ભટકીભટકી વીસ વરસના આ યુવકે લાગટ પંદર વરસ સુધી બહારવટું ખેડી ઇરાનની સત્તાને હેરાનપરેશાન કરી મૂકી. છેવટે એક યુરોપીઅન અમલદારના હાથથી કેળવાએલી લશ્કરી ટુકડી સાથે લડતાં તે હાર્યો. તે અમલદારે તેને ઇરાનમાંથી હાંકી કાઢયો. ત્યાંથી જંગબાર આવી તેણે સુલતાનની નોકરીમાં દાખલ થઇ ઇરાનીઓની ટુકડી ઊભી કરી અને પોતાના શૌર્યબળે આગળ વધી આવ્યો.

નૌકાધ્યક્ષ ટીપુટબ પણ કસાએલો નાવિક હતો. નાનપણથી જ દરિયાને ખોળે બેઠેલો. અનેક તોફાનો, વાવાઝોડાં ને ઝંઝાવાતો અનુભવેલાં. મૃત્યુના મુખમાંથી તો સેંકડો વાર સહેજમાં છટકી ગએલો. નાનપણમાં ચાંચીઆપણું પણ કરેલું. સંખ્યાબંધ વેપારી વહાણો પર કપ્તાન થઇ તે ચડેલો. ઘણી વખત તો વહાણોના ભાંગવાથી દિવસોના દિવસો સમુદ્રનાં મોજાંઓ ઉપર જ ગાળેલા. પાર વિનાનાં સમુદ્રયુદ્ધ તેણે જોએલાં અને તેમાં ભાગ લીધેલો. મોટી મનવારો ઉપર નોકરી કરી લશ્કરી તાલીમમાં પાવરધો થએલો. સાત સમુદ્રનાં પાણી પીધેલો ને અનુભવનો ખાધેલો તે હમણાં સુલતાનનાં આઠ લડાયક વહાણોનો ઉપરી હતો.

પ્રેમજી રામજી ત્રીસેક વરસનો યુવક હતો. લધાભાના આશ્રય નીચે તે ઊંચે ચડયો હતો. કસરતી બદનનો હતો અને કોઇ આરબ હવાલદારે તેને બંદુકનો ઉપયોગ પણ શીખવ્યો હતો. તેની નેમ અચૂક ગણાતી. બીજાં જાતજાતનાં હથિયારોનો ઉપયોગ પણ તે જાણતો. સુલતાનના દારેસ્સલામના જગાતખાતાનો તે ઉપરી હતો. તેણે જાતે હાથોહાથના અનેક જંગ ખેડી ઘણા ચાંચીઆઓને ભાંગી નાખ્યા હતા. ત્યાંથી સુલતાનની નજર તેના ઉપર ઠરી. દારેસ્સલામની આસપાસ ઘણા નાના હબસી સરદારો હતા તેમની સાથે વિગ્રહ ખેડી પ્રેમજી ઘણી લડાઇ લડયો અને એ સર્વે મુલક તેણે સુલતાનને જીતી આપ્યો. આથી તે સુલતાનનો પ્રિયપાત્ર બન્યો હતો.

આમ સુલતાનના મંત્રીમંડળના ઘણા સભ્યો દુનિયાની લીલીસૂકી જોએલા ને કસોટીએ ચડી પોતાનું પાણી સાબિત કરી આપેલા સમર્થ પુરુષો હતા.

ભયંકર જંગલની વચ્ચે હબસીઓનો મોટો નાચ થતો હતો. લગભગ પાંચસોએક હબસીઓ મોટા ઘેરાવામાં ગીત ગાતા અને ઢોલક વગાડતા ગોળ ચકરાવામાં ફરતા હતા. દરેક હબસી સાડા છ ફીટ ઊંચો, યુવાન, બળવાન, સોટા જેવો સીધો સશક્ત અને ભરાવદાર માંસલ સ્નાયુવાળો હતો. સુલતાનના એ ન્યુબીઅન ગુલામો હતા. સૌએ માત્ર કેડ ઉપર એકેક લાલ વસ્ત્ર વીંટયું હતું. સૌની પીઠ ઉપર લાંબા ભાલા અને પાડાના ચામડાથી મઢેલી મોટી ઢાલો બાંધેલાં હતાં. સૂર્યનો પ્રકાશ એ ભાલાઓનાં ફળાં અને તેલ ચોળેલાં એમનાં કાળાં ચળકતાં શરીરોમાં પ્રતિબિંબિત થઇ ચમકારા મારતો હતો. સુલતાન માજીદ આજે સિંહનો શિકાર મહાલવા નજદીકની ટેકરી પર પોતાના રસાલા સાથે ઊભો હતો.

નદીકિનારાથી થોડે દૂર એક મોટા મેદાનમાં અહીંતહીં કાળા પથ્થરની નાનીનાની ટેકરીઓ પથરાએલી હતી. વચ્ચે છુટાંછવાયાં વૃક્ષો ઊગ્યાં હતાં. એક નાની ટેકરીની આસપાસ આ મોટા રાસનું ગોળ કુંડાળું ફરતું હતું. આ ટેકરીમાં સિંહની બોડ હતી. કાળી ટેકરીઓના રંગમાં મળી જતા પહાડ જેવા હબસીઓ ધીમા સ્વરથી લાંબો ઘેરાવો લઇ શૌર્યગીત ગાતાગાતા ચકરાવો લેતા હતા. ઢોલકના તાલેતાલે પડતા ઉઘાડા પગના ધબકાર અનુસાર પાંચસોએ મુખમાંથી એક તાલબદ્ધ ગીત ગવાતું હતું. ભારે આકર્ષક એ દૃશ્ય હતું.

ચકરાવાનો ઘેરાવો બહુ જ ધીમેધીમે નાનો થતો જતો હતો. સવારના સૂર્યના અનુકૂળ તાપને સેવતાં વનરાજ અને તેની માદા બોડની બહાર પડયાં હતાં. મનુષ્યોના ચક્રવ્યૂહ તરફ તેઓ જાણે બેદરકારીથી જોતાં હતાં. માત્ર સિંહણ કયારેક કયારેક ચમકથી પોતાના કાન ઊંચા કરી ધીમોધીમો ઘુરઘુરાટ કરતી હતી. ધીમેધીમે કુંડાળું ઘણું નાનું થતું ગયું અને નૃત્ય કરનારાઓ જેવા એકબીજાની તદ્દન નજદીક આવી ગયા કે તરત બે ગોફણોમાંથી અચૂક નેમ સાથે બે પથ્થરો એ બંને જનાવરોનાં શરીરો પર છૂટયા.

વાતાવરણને ધ્રુજાવી દેતી બે ભયંકર ગર્જનાઓ નાખતાં સિંહ અને સિંહણ ઊભાં થઇ ગયાં. તેમની આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. ક્રોધથી કેશવાળી હલાવતો સિંહ પોતાની પૂંછડી આમળવા તથા પછાડવા માંડયો અને ત્રાડો ઉપર ત્રાડો નાખતાં બંને જણ પોતાની



આફ્રિકન સિંહ-સિંહણ

આસપાસના માનવશરીરના અભેદ્ય કુંડાળામાંથી બહાર નીકળવાનો લાગ શોધવા લાગ્યાં.

એક ભયાનક ત્રાડ નાખી સિંહણે છલંગ મારી અને બે કૂદકે તો માણસોની દીવાલ ઉપર આવી પડી. પ્રદક્ષિણા સ્વયંમેવ અટકી પડી. શિકારને આવકાર આપવાને હબસીઓ ભાલાં અને ઢાલો હાથમાં લઇ તૈયાર થઇ ગયા. વીજળીની ઝડપથી સિંહણ નજદીકના એક હબસી ઉપર કૂદી પડી. એક હાથે મોટી ઢાલથી પોતાનું શરીર ઢાંકતા તે હબસીએ જમણા હાથથી સિંહણની બાજુમાં ભાલો માર્યો. સિંહણે અતિ ઝડપથી ઢાલથી નહિ રક્ષાએલા તેના સાથળ ઉપર પોતાના ઝનૂની પંજાનો સજ્જડ થાપો માર્યો. હબસી પડી ગયો. પરંતુ એટલી વારમાં તો તેની બંને બાજુના હબસીઓના ભાલા સિંહણના પેટમાં પ્રવેશી ચૂકયા. સિંહણે પડેલા હબસીને મૂકી પડોશના હબસી ઉપર તરાપ મારી પણ તે ઢાલ ઉપર ઝીલાઈ ગઇ. એટલામા તો બીજા હબસીઓએ ભાલાઓથી સિંહણને ધૂળ ચાટતી કરી દીધી.

પોતાની માદાને આમ ક્ષણમાં મૃત્યુ પામેલી જોઇ વનરાજે પોતાનું પૂંછડું જોરથી વીંઝયું. તેની કેશવાળી ઊભી થઇ ગઇ અને કારમી ગર્જના કરી તે કૂદી આવ્યો.



દારેસ્સલામનો જંગી પાડો

પહેલી જ છલંગે એક હબસીને તેણે ઢાલ સાથે ભોંયભેગો કરી દીધો અને ભાલો મારવા આવતા જોડેના હબસીને પણ થાપો મારી પછાડયો. તેની આસપાસ ભાલાંનો જાણે વરસાદ વરસવા લાગ્યો. ભાલાંઓના ઘાને લેશમાત્ર ન ગણકારતાં ઝનૂનમાં આવેલા વનરાજે ત્રણચાર હબસીઓને તો મરણશરણ કરી દીધા. એવામાં યમ જેવા એક હબસીએ તેની બગલમાં જોરથી ભાલો માર્યો. સિંહે બીજી બાજુના હબસી ઉપર જોસથી તરાપ મારી. આમ ભાલા ઉપર બે તરફનું બળ પડયું અને તેનો બાંબુ ભાગીને બે ટુકડા થઇ ગયા. ભાલાનું ફળું સિંહના શરીરમાં જ રહી ગયું. છતાં વનરાજે હબસીને ઘાયલ તો કરી જ નાખ્યો પણ ત્યાં તો તેનું શરીર ચાળણીની પેઠે વીંધાઇ ગયું અને પાંચ હબસીઓને ભોંયભેગા કરીને મુડદું થઈ તે જમીન પર પડયો.

આફ્રિકાનો પહાડ જેવો પાડો મેદાનમાં નીલું ઘાસ ચરતો હતો. આફ્રિકાનો જંગલી પાડો એટલે અતુલ બલશાળી પ્રાણી. હાથીથી પણ બળવાન ગણાતા એ ઝનૂની જનાવરનું જબરૂં કદ, લોખંડી પગ, અણીઆળાં શીંગડાં અને ભયંકર ખુન્નસભરી આંખો સામે સિંહ જેવું જનાવર પણ થડકી જાય છે.

એક ઘોડેસવારના લાલ કપડાના વાવટાવાળા લાંબા ભાલાથી તેને ચમકાવવામાં આવ્યો. જેવી તેણે પોતાની અંગારા જેવી આંખો ઘોડેસવારોના સમૂહ તરફ ફેરવી કે તરત જ ગોફણમાંથી છૂટેલો પથ્થર સચોટ નેમથી તેના કપાળ પર આવી પડયો. એ ઘાની સાથે જ પાડાનાં નસકોરાંમાંથી ક્રોધનો સુસવાટ નીકળવા માંડયો. તેણે પૂંછડું ઊંચું કર્યું અને ચારે પગે ઊછળી તે પેલા રાતા વાવટાવાળા ઘોડેસવારની પાછળ દોડયો. એટલું ભારે શરીર છતાં તે અજબ જેવી ઝડપે તીરની માફક છૂટયો. આરબ ઘોડેસવારે પોતાના તેજ અશ્વને પૂરપાટ મારી મૂકયો, છતાં તેની અને પાડાની વચ્ચેનું અંતર વધવા પામ્યું નહિ.

પોતાની ભારે ખરીઓથી માટીનાં ઢેફાં ઉછાળતો પાડો આંધળીઆં કરી દોડતો હતો. એવામાં એક શ્વેત આરબી ઘોડા ઉપર સવાર થએલા સુલતાન માજીદે પાડાને પડખે ચડી પોતાનો ભાલો તેના પડખામાં ઘોંચી દીધો. તરતજ બીજા સવારે આવી પોતાનો ભાલો સુલતાનના હાથમાં આપ્યો. દોડતા પાડાની બીજી તરફ જઇ સુલતાને એ બીજા ભાલાનો ઘા કર્યો. ઘવાએલા પાડાએ હવે લાલ ઘોડેસવારની પૂંઠ મૂકી સુલતાનની પૂંઠ પકડી. એટલે બાજુમાં ઘોડો દોડાવતા એક સરદારે પોતાનો ભાલો પાડાની પીઠ ઉપર ખોડી દીધો. પાડો સહેજ તે તરફ વળ્યો ત્યાં તો બીજા સરદારે આગળ વધી તેની બીજી બાજુએ જઇ પોતાના ઘોડાને બે પગે છલંગ મરાવી; પણ તે ભાલો ઘોંચવા જાય તે પહેલાં તો પાડાએ એકદમ પોતાનું મોં તેની તરફ ફેરવ્યું અને ઊભા થએલા ઘોડાના પેટમાં પોતાનાં ભયંકર શીંગડાં પરોવી તેને નીચે નાખી દીધો. સવાર ઊછળીને દસ હાથ છેટે જઇ પડયો. પોતાના ભારે માથાના બીજા જ ઘાથી પાડાએ ઘોડાને ભીંસી નાખ્યો. પણ એટલામાં તો બીજાં ત્રણચાર ભાલાં તેની પીઠમાં ઊંડાં ઊતરી ગયાં.

કાળા પહાડ ઉપરથી લાલ નદીઓ વહેતી હોય તેમ હવે પાડાની પીઠ ઉપરથી લોહીના રેલા જોરથી વહેવા લાગ્યા. તેનો શ્વાસ ભરાઇ આવ્યો હતો; તેની શક્તિ ઘટી ગઇ હતી; અને ભાન ગુમાવી આવરોબહાવરો તે આમતેમ દોડતો હતો. ઘોડેસવારો હવે ભાલાં મારતા અટકી તેને ખાલી દોડાવીને થકાવતા હતા. થોડી વારમાં તો તેના મોંમાં ફીણ આવી ગયાં.

(અનુસંધાન આગળ પૃષ્ઠ ૪૨૦મે)



કાર્તિકેય

સ્વ. કલાકાર ગાંગુલીના જાણીતા ચિત્ર ઉપરથી




પ્રાચીન શિલ્પમૂર્તિ

ફોટો · પીયૂષ દીવાનજી

COURTESY SJT. S.V.RAMASWAMI MUDELIAR

ખડચીતળો
અને એનાં સગાંસહોદર

અભ્યાસ અને અનુભવ ઉપરથી લખાતી જંગલ-વાસી જીવસૃષ્ટિની પરિચયમાળાનો આગળ હપતો



ખડચીતળો : પીળી પીઠ પરનાં કોડી જેવાં લંબગોળ કાળાં ચકરડાં ને ગૂંચળું વળીને પડચા રહેવાની ટેવથી ઓળખાય. ગૂજરાતનો વાસી.


મારા ગામથી સ્ટેશન એકાદ માઇલ છેટે છે. એક વખત કામ પ્રસંગે મારે રાતની ગાડીમાં ત્યાં જવાનું થયું. ગાડી અરધી રાતે પહોંચતી હતી. રાત અંધારી; તેમાં યે ચોમાસાના દિવસ, એટલે ઊતરનાર ગણ્યાગાંઠ્યા હતા. એમાંના ઘણાખરા તો ધરમશાળામાં રાત ગાળવા ગયા. બાકી રહ્યા ગામમાં જનારા. તેમાં હું, એક વાણિયો, બે ઠાકરડા ને બીજા બેએક જણ હતા. વાણિયાનો ગુમાસ્તો ફાનસ લઇને શેઠને લેવા આવેલો, એટલે એના અજવાળાના આધારે અમે નીકળ્યા. વરસાદ ઝરમર ઝરમર પડતો હતો, પણ પવન મંદમંદ વાતો હતો તેથી ચાલવાનું મઝાનું લાગતું હતું. શેઠ હતા સ્વભાવે બીકણ; તેમાં વળી ઠાકરડાનો સાથ; પાસે થોડો અવેજ પણ ખરો; એટલે એના ગભરાટનો પાર નહિ. પણ મને ઓળખતો હોવાથી મારી હિંમતે ગામમાં આવવા લલચાયો આગળ ફાનસ લઇને ગુમાસ્તો, એની પાછળ ને મારી આગળ વાણિયો, મારી પૂંઠે ઠાકરડા, અને છેલ્લા બીજા—આમ અમે સૌ વાતો કરતા હળવેહળવે ચાલતા હતા. અરધેક રસ્તે સડક વળાંક લે છે. ત્યાં એક જીર્ણ દેવાલય આવે છે. એની ફરતી પાપડિયા (હાથિયા થોર: Prickly Pear)ની વાડ છે. ચોમાસામાં અહીં આજુબાજુ ખાડામાં ખૂબ પાણી ભરાય છે. અમે આ સ્થળે આવ્યા કે રસ્તા વચ્ચેથી કંઇક ઊડયું—ઊડતું લાગ્યું. 'માર્યો બાપ રે!' કરતોક ને ફાનસવાળો નાઠો. શેઠે જાણ્યું કે 'લૂંટચા!' એટલે મૂઠીઓ વાળીને એ જે દોડચો, તે ધબાક લઇને પડચો ખાડામાં! ક્ષણભર તો હું યે ગભરાયો; પણ ફાનસના આછા અજવાળામાં છેટેથી, કૂદનારૂં મોટા દેડકા જેવું લાગેલું, તેથી હિંમત આણી આગળ ચાલું ત્યાં તો પાછળથી ઠાકરડાએ મારો હાથ ખેંચ્યો ને બોલ્યો કે 'માસ્તર, મરવું હોય તો આગળ પગ મૂકજો.' હું હસ્યો કે 'થઈ રહ્યું? દરબાર થઇને દેડકાથી ડર્યા?' એણે કહ્યું કે 'દરબારના દાદા યે ડરે. આ તો ખડચીતળો; દેડકું ન્હોય. ભલભલા મદારી પણ એને પકડતાં વિચાર કરે.' આ સાંભળીને હું થથરી ઊઠચો.

આ વાતને પંદર વરસ થઈ ગયાં છે પણ એ દિવસનો થથરાટ હજુ પણ મને યાદ છે. ગૂજરાતનો સુપરિચિત ઝેરી સાપ 'નાગ': એના સપાટામાં હું બેત્રણ વખત આવ્યો છું. તોપણ એના કરતાં ચાર ચંદરવા ચડે એવા ખડચીતળાના (અમે ગૂજરાતની લીલીછમ વાડી અને મારવાડ-રાજપૂતાનાના સૂકા રેતાળ તથા પહાડી પ્રદેશના ઉંબરે રહીએ છીએ, એટલે આ કદાચ 'ફુરસા' પણ હોય. ઘસાએલાં સ્મરણો અને એ વખતે પ્રાણીજ્ઞાન સમૂળગું ન મળે, એટલે અત્યારે ચોક્કસ કહી શકું નહિ.) એ વન્ય દર્શનની સ્મૃતિથી

હજુ પણ મને કંપારી છૂટે છે. એ દહાડે મૂર્ખાઈથી જો હું આગળ જઈ એના દંશનો ભોગ બન્યો હત તો આજે આ વાત કહેવા ન રહ્યો હત. ભલું થજો એ ઠાકરડાનું કે એણે મને વાર્યો.

પણ નજરે પડે એ બધા યે સાપ ઝેરી નથી હોતા. અહીં 'ઝેરી' એટલે 'જેના દંશથી વિષ શરીરમાં પ્રવેશ પામી મનુષ્યનું મૃત્યુ થાય' એ અર્થ અભિપ્રેત છે. કારણકે બીજા કેટલા યે સર્પના દંશથી માણસને શારીરિક વ્યથા—સોજો, કહોવાણ, દાહ વગેરે—થાય છે, તે વિષને જ લીધે. પણ એ વિષ કાતિલ નહિ તેથી તે સર્પ 'ઝેરી' અર્થાત્ 'પ્રાણઘાતક' નથી ગણાતો. વળી કેટલાક સર્પોનું વિષ માણસને અસર ન કરે, પણ ઇતર પ્રાણીઓને મારવા યા હાની પહોંચાડવા જેટલું તીવ્ર હોય છે. એથી ઊલટું, માણસને મરણવશ કરનાર કોઇકોઇ સર્પનાં વિષ અન્ય વિશિષ્ટ પ્રાણીઓને રજ પણ વ્યથા કરતાં નથી. આથી સર્પોમાં કેટલા (મનુષ્ય પૂરતા) નિર્દોષ અને કેટલા પ્રાણહર, એનાં લક્ષણ જાણવામાં આવે તો, અકસ્માત પ્રસંગે ધીરજથી ઉપચાર કરી શકાય; કારણકે હાલ હિન્દુસ્તાનમાં સર્પ-દંશથી રોજ ૧૦૦ માણસ મરે છે એવી ગણતરી છે. તેમાંના કેટલાક તો નિર્દોષ સર્પનો દંશ થવા છતાં, સર્પો વિષેના ઘોર અજ્ઞાનને લીધે કેવળ હેબક ખાઇને મરે છે.

આ લક્ષણ જાણવાં એ કઠિન વાત નથી; કારણકે હિન્દુસ્તાનમાં એકંદર ૩૩૦ જાતના સર્પ થાય છે, તેમાં માત્ર ૬૮ જાત જ મનુષ્ય પૂરતી ઝેરી છે. એમાંથી પણ માત્ર ૩૯ ભૂચર છે: બાકીની ૨૯ જાતો દરીઆઇ સર્પોની છે. વળી, ગૂજરાતના વારસામાં તો, સદ્ભાગ્યે માત્ર પાંચ જ વિષઘ્ન સર્પો છે: (નાગ, ચીતળો, કાળોતરો, ફુરસા અને ફણીરાજ) આ પાંચમાંથી માત્ર ત્રણ જાત—નાગ, ચીતળો અને કાળોતરો વ્યાપકપણે જોવામાં આવે છે. ફુરસા ઉત્તર ગૂજરાતની સીમાએ અને બીજા પ્રાન્તદેશોમાં (ક્વચિત્) દેખાય છે. જ્યારે ફણીરાજના અસ્તિત્વની તો કેવળ શંકા જ રખાય છે: વિશ્વસનીય ભાળ હજી લાગી નથી.




નાગની ફેણ: દો ચશ્મી, એક ચશ્મી, બેચશ્મી.

આ ત્રણ (અગર ચાર) ભૂચર સર્પોને ઓળખવાનું અત્યંત સરળ છે. એમના શલ્કાવૃત્ત (ભીંગડાંવાળા) * દેહનો નિકટ પરિચય રમ્ય ન થઇ શકે, તોપણ દૂરથી યે આત્મરક્ષણ પૂરતી એમની ઓળખાણ કરવી સરળ છે. આ ચારે (એક રીતે તો પાંચે) 'વિષઘ્નો'નાં બાહ્ય સ્વરૂપ અને વર્તન એવાં તો વિશિષ્ટ છે કે એક વખત એનાં લક્ષણ ધ્યાનમાં આવી જાય તો કાળાન્તરે પણ ભૂલી શકાતાં નથી. અહીં આપેલાં લક્ષણ માત્ર પ્રથમ દૃષ્ટિએ પિછાનવા પૂરતાં છે: પણ વાસ્તવિક પરિચય તો મરેલા કે જીવતા સાપના શરીરનાં 'શલ્કો'નો અભ્યાસ કરવાથી જ થઇ શકે અને એ પણ અઘરૂં નથી.

નાગ

દર્શન તો સર્પમાત્રનું ભયંકર અને ઘૃણોત્પાદક છે. છતાં ય જો કોઇપણ વિશિષ્ટ સર્પના દર્શનથી ઓછી ઘૃણા અને કંઇક સૌંદર્ય તથા માર્દવનું ભાન થતું હોય તો તે આ 'નાગ'થી જ. આ સર્પને ન ઓળખી શકનાર ભાગ્યે જ કોઇ હશે. એનું વિશિષ્ટ લક્ષણ એની 'ફણા'. એના જેવી ફણાવાળો, 'ફણીરાજ' (King Cobra) સિવાય અન્ય કોઇ સર્પ નથી. પણ એ ફણીરાજની ફણા પણ નાગના જેવી વિશાળ નથી હોતી. બીજા બેત્રણ સર્પોને ફણા જેવો દંભ કરવાની ટેવ હોય છે, પણ તેથી ભ્રમ થતો નથી.

*વિશાળ પ્રાણીસૃષ્ટિના બે મહાવર્ગ (કરોડવાળાં Vertebrates અને કરોડ વિનાનાં Invertebrates) માંના પ્રથમ Vertebrates વર્ગના ચાર મહાવંશો છે: મત્સ્ય વંશ, સરિસૃપ વંશ-Reptilia, પક્ષીવંશ-Aves અને સ્તનપાયીવંશ-Mammalia. તેમાંના સરિસૃપવંશનું ઇતર વંશોથી ભિન્નત્વ, પ્રધાનતયા, એ વંશનાં પ્રાણીઓનાં શરીર પરનાં 'ભીંગડાં' scales-શલ્કને લીધે છે. શરીર પર અમુક સંખ્યામાં વિશિષ્ટ રીતે ગોઠવાએલાં ભીંગડાંની રચના ઉપરથી આ સરિસૃપ વંશના ચાર અંતર્વંશો (કાચબા, મગર, ઘો અને સર્પ)ની નાતજાત પણ ઓળખાઇ આવે છે. સર્પોનો પરસ્પર ભેદ પણ મુખ્યત્વે ભીંગડાંને લીધે છે.



કાળોતરો : નાગથી યે કાતિલ ઝેરવાળો, ગૂજરાતનો વ્યાપક વિષધર.

નાગની ફેણની પૂંઠે ચશ્મા જેવી આકૃતિ હોય છે. (ચિત્ર સામે પાને) આ ચશ્મો કોઇ નાગને બે આંખવાળો તો કોઇની ફેણ પર એક જ આંખનો હોય છે, અને કેટલાક એકે ય ચશ્મ (આંખ) વિનાના પણ હોય છે. ગૂજરાતનો નાગ બે આંખવાળો હોય છે.

આ દોચશ્મી, એકચશ્મી અને બેચશ્મી નાગોના વાન પણ એકસરખા નથી હોતા. એકચશ્મી કાળો શાહી જેવો; આપણો ગૂજરાતી દોચશ્મી આસમાની પડતા કાળા રંગનો ને પેટ આછી ધોળી છાયાવાળું; બીજા કોઇકોઇ ઘઉંવર્ણો કે બદામી.


છતાં વિષ તો બધાયનું સરખું કાતિલ. નાગના વિષપ્રયોગથી માણસના જ્ઞાનતંતુઓનું ચેતન હણાય છે. ('પગે કરડે કે તરત ચોટીએ ઝાટકો વાગે' આ લૌકિક માન્યતા આને લીધે ઉત્પન્ન થઇ હોય.) એના દંશથી માણસ બેભાન બને છે. મગજના, શ્વાસોચ્છ્વાસ ચલાવનારાં જ્ઞાનતંતુઓના કેન્દ્રને તે જડ બનાવી નાખે છે. શરૂઆતમાં દરદીને ઘેન ચડતું દેખાય છે. ધીમેધીમે અંગો પરનો કાબુ જતો રહે છે. તેનાથી ઊભા રહી શકાતું નથી; માથું ઢાળી દે છે; હોઠ શિથિલ થવાથી લાળ દદડે છે; વાણી પર કાબુ રહેતો નથી; શ્વાસ લેવાતો નથી ને આખરે હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થાય છે. આ મરણ થતાં ૧॥ થી ૬—કવચિત્ ૧૨ કે ૨૪ કલાક થાય છે. નાગનું ઝેર 'કાળોતરા' જેટલું કાતિલ નથી.

નાગ સામાન્ય રીતે ૪ કે ૫ ફૂટ લાંબો હોય છે. પણ ૭–સાડા ૭ ફૂટથી લાંબો હોય તો એ 'નાગ' નથી એમ સમજવું; કારણકે એની લંબાઇ વિષે ઘણા ઘણા ભ્રમમૂલક મત પ્રવર્તે છે. કોઇકોઈ ૨૦ ફૂટ સુધીના નાગ જોયાની ગપ મારે છે. આ લોકો કાં તો 'નાગ'ને ઓળખતા જ નથી હોતા તેથી 'અજગર'ની લંબાઇમાં લગભગ બમણો વધારો કરીને વાત કરે છે; અથવા તો નાગ જ જોયા છતાં એની મહત્તા વધારવા ગપ મારે છે! ગૂજરાતમાં જો કોઇનો 'નાગ' તરીકે ભ્રમ થતો હોય તો તે 'ધામણ' સાપ છે. પણ એને યે જરા ધ્યાનથી નિહાળતાં આવી શંકા જતી રહે છે.

નાગ સ્વભાવે બીકણ હોય છે. વગર પ્રયોજને તે માણસ પર નથી પડતો. પગે કચરાય તો યે નાસવાનો મારગ શોધે. પણ જો ઇજા પામે કે છંછેડાએલો હોય ને વીફરે તો પછી જોઇ લ્યો એનો મિજાજ. ફૂંફાડા મારે, ફેણ ડોલાવે ને દંશનો લાગ શોધે. પણ હાલ્યાચાલ્યા વિના સ્થિર ઊભા રહો તો થોડી વારે ઠંડો પડી ઊભરો શમી જતાં નાસી જાય. એને માણસનો સહવાસ બહુ ગમે. કયાં રહેવું તેની પંચાત નહિ. ભાગ્યાંતૂટયાં ઘર, કબરસ્તાન, ઉકરડા, ઇંટરોડાંના ઢગલા, ઉંદરનાં દર, કૂવાની ભીંતો, ઘાસના સાલા, ડાગળા, કાટમાળ ગમે ત્યાં ભરાઇ રહે. એના રમતિયાળ સ્વભાવને લીધે એની આસપાસ દંતકથા અને વહેમનાં જાળાં ગૂંથાયાં છે. ઝેરી ભૂચર સાપોમાં જેની બીક ઓછી લાગે તેવા કૂંળા સ્વભાવનો સાપ આ 'નાગ' એકલો જ. એની વૈજ્ઞાનિક સંજ્ઞા Naia naia તથા Cobra de Capello (પોર્તુગીઝ નામ).

કાળોતરો

એ ગૂજરાતનો બીજો વિષધર સાપ. એનું અંગ્રેજી નામ Krait—Common Krait. સર્પવિદ્યાવિશારદો એને Bungarus caerulusની ઉપાધિ આપે છે. મદારીવર્ગ કવચિત્ 'કોડીઓ' નામે પણ એને ઓળખે છે. રંગે ચળકતો કાળો. પીઠ પર સફેદ આડી કમાનો



રાજસાપ કે શંખણી : કાળોતરાનો પીતરાઇ-અગૂજરાતી.

જેવા ઝીણા પટા—[illegible] ઢકે. આ પટા માથા પાછળથી શરૂ થઈ, ઠેઠ પૂંછડીના છેડા સુધી જોવામાં આવે છે. આ એની વિશેષતા. (આના જેવા દેખાવના ભ્રમોત્પાદક બીજા નિર્દોષ સાપોના શરીર પર પણ 'પટા' જોવામાં આવે છે. ફેર એટલો કે આ સાપોના પટા શરીરના અગ્રભાગમાં હોય છે, પણ કાળોતરાની પેઠે પૂંછડીના છેડા સુધી જોવામાં આવતા નથી.) પેટનો ભાગ સફેદ. (જુઓ પાછલા પાના પરનું ચિત્ર) ત્રણથી ચાર ફૂટ તે લાંબો હોય છે.

એનું ઝહેર નાગના કરતાં યે કાતિલ. પણ સ્વભાવે શાણો—બહુ શાણો. ગરીબ ગાય જેવો. એને લાકડીથી હલાવો કે ગૂંચળું વળીને મોં સંતાડી દે. લાકડી ઘોંચો તોપણ છૂટો ન થાય. કરડવામાં ઘણો જ આળસુ. એના જેવો 'નિર્દોષ' સ્વભાવનો બીજો કોઈ ઝહેરી સાપ નથી. પણ કરડ્યો તો પ્રાણ ગયે જ છૂટકો. એના ઝહેરની અસર નાગના ઝહેર જેવી જ થાય છે.

એને માણસનો સહવાસ બહુ જ ગમે. દેખાતો 'નિર્દોષ' લાગે, તેથી માણસો એના વિષયમાં બેદરકાર બને છે. એટલે સર્પદંશથી થતાં મરણોમાં મોટું પ્રમાણ આ જ સર્પના દંશને આભારી હોય છે.

એનો આહાર બીજા સાપ ઉંદર, દેડકાં વગેરે છે.

એનો એક ભાઈ Branded Krait 'રાજસાપ'—'શંખણી' ઘણો જ દેખાવડો હોય છે. ૪ કે ૫ ફૂટ લાંબા આ સાપના આખા શરીરે વારાફરતી પીળા અને કાળા પહોળા પટા હોય છે. (જુઓ મથાળાનું ચિત્ર) આ શ્રીમાન જોકે ગૂજરાતના વાસી નથી, છતાં ક્વચિત્ મદારીઓ પાસે જોવામાં આવે છે.

ખડચીતળો

છેલ્લો આવ્યો ખડચીતળો. ચીતળો નામે ઓળખાતા આ વિષધરને 'ડાબીઆ' તથા અંગ્રેજીમાં 'Russell's viper' (વૈજ્ઞાનિક સંજ્ઞા Vipera Russelli) કહે છે.

શરીરે જાડો લઠ્ઠ જેવો (આ સાપના વર્ગના બધા—સાપ Vipers—લંબાઇના પ્રમાણમાં ખૂબ સ્થૂલાકાર હોય છે); રંગે આછો લાલ—પીળચટ્ટો કે બદામી રંગનો. શરીર પર ગોળ ચકરડાં—વીંટી જેવી ગોળાશ પડતી કે લંબગોળ કડીઓ. એ કડીઓનો વચલો ભાગ શરીરના રંગે. ઘેરો, ફરતી ગોળ કાળી કડી—એની લગોલગ ફરતી ધોળી ધાર. (એને લીધે એનું સંસ્કૃત નામ मण्डली) માથાથી તે પૂંછડી સુધી પીઠની વચ્ચોવચ્ચ આવાં ચકરડાંની સીધી હાર—સાંકળી. (એથી એનું નામ Chain Viper.) આ સાંકળીની બે બાજુ લગોલગ, બંને પડખા પર એવી જ ચકરડાંની એકએક હાર. એને એક વખત જોયા પછી ભૂલાતો નથી.

એનું માથું ચપટું, પહોળું, આગળ સાંકડું—'લાલ'ની બદામના આકારનું. (Viper વર્ગના બધા સાપોનાં માથાં આવાં વિશિષ્ટ આકારનાં હોય છે. એને લીધે એમની ગરદનનો ભાગ દુબળો લાગે છે. અજગરનાં માથાં પણ દેખાવમાં સહેજ આવાં હોય છે—પણ મુખાગ્ર વધારે બુઠ્ઠો). મોં મોટું. એ પહોળું કરે ત્યારે ગુફા જેવું વિશાળ લાગે. અને એ મોંમાં ભયંકર દંષ્ટ્રા Fangs. નાગની દંષ્ટ્રા તો એની સરખામણીમાં કંઈ જ નહિ. કાળોતરાની તો આ બંનેના કરતાં યે નાની હોય છે. આની એક બે નહિ, પણ પાંચસાત દંષ્ટ્રાઓ ખડચીતળાના મોંમાં હોય છે. સૌથી મોટી બે કે ત્રણ, જે એ મોં બંધ કરે ત્યારે તાળવા સરસી લપાઇ જાય તેવી રીતે ઊગે છે.

એના વિષની અસર નાગ અને કાળોતરાના વિષથી ભિન્ન પ્રકારની છે. ખડચીતળો જેવો કરડે કે તરત તીવ્ર દાહ શરૂ થાય. સોજો આવે. ડંખની આસપાસની ચામડી લીલી કે આસમાની રંગની થઈ જાય. આ ચામડી મરી જવાથી સફેદ છારી જેવાં ભીંગડાં વળી જાય. લોહીમાં વિષ પ્રસરે કે તરત તેમાંના લાલ અણુઓ નાશ પામે, એટલે ઑક્સિજન ઓછો થવાથી

અંગો ઢીલાં પડી દંશની જગ્યાએથી લોહી પાણી પેઠે વહ્યું જાય. (એના ઝહેરની આ વિશેષતાને લીધે એનું મલબાર દેશનું નામ मंडली रुधिरम् પડ્યું છે.) આને લીધે શરીર શિથિલ અને અશક્ત બને. ધીમેધીમે જ્ઞાનતંતુઓની શક્તિ હણાઈ જાય અને કેટલાક દિવસ રિબાઇ રિબાઇને દરદી મરે.

ચીતળો, નાગની પેઠે સીધો સડસડાટ પાણીના રેલાની જેમ ચાલતો નથી, પણ ગૂંછળું વળીને ચાલે. (જુઓ લેખના મથાળા પરનું ચિત્ર) એ નક્તચર (રાત્રિચર) હોવાને લીધે ઝાઝો દેખાતો નથી, પણ ઘણીવાર તડકામાં પડેલો નજરે પડે છે. એને સૂરજની ગરમી ખૂબ ગમે છે, એટલે એ ગાઢ જંગલમાં નથી હોતો.

કરડતાં વાર કરે. જબરો આળસુ. પણ કરડે ત્યારે તીરની માફક છલંગ મારે ને પાછો ગૂંછળું વળી જાય. નાસવાનો લાગ મળે તો ધસારો ન કરે. પણ નાસે તે ય દમામમાં. ભારેખમ ગંભીર પગલે ચાલે. ઉતાવળે નાસી જવાથી રખે પોતાનો મોભો ગુમાવી બેસે!


આહારમાં ઉંદરનો બહુ શોખ; પણ દેડકાં, કાચંડા, ગરોળી, ખિસકોલી વગેરે પણ ભાવે.

ત્રણ થી ચાર ફૂટ એની સામાન્ય લંબાઇ, પણ પાંચ ફૂટથી લાંબો ભાગ્યે જ દેખાય છે.

ફુરસા

આ ત્રણ તો પ્રસિદ્ધ ગૂજરાતીઓ. પણ મહાગૂજરાતના સંબંધથી 'ફુરસા'ની ઓળખાણ પણ આવશ્યક છે. એ સ્વભાવે રણ કે સૂકા પ્રદેશનો વાસી, છતાં ક્વચિત્ ઝાડપાનવાળા પ્રદેશમાં પણ દેખાય. પણ જ્યાં થાય ત્યાં એનો ઉપાડો જબરો. રત્નાગિરિ જિલ્લો તો એના ત્રાસથી કંપી ઊઠયો છે. ત્યાં એક વખત લાગલાગટ છ વર્ષ સુધી દર વર્ષે ૨,૨૫,૭૨૧ લેખે ફુરસાનો નાશ સરકાર હસ્તક થએલો; છતા પણ એની વસતી હજુ ઓછી થઇ દેખાતી નથી. ગૂજરાતમાં ભરુચ સુરતની કોરે અને ઉત્તર ગૂજરાતમાં ડીસાની આસપાસ એ જોવામાં આવે છે.

દોઢેક ફૂટનો આ વિષધર ચીતળાથી દૂબળો; રંગે ભૂખરો, પીળો કે પીળાશ પડતો; પેટ ધોળું કે ધોળાશ-પડતાં ચોખંડાં ટપકાંવાળું. વિશેષલક્ષણ તો એના માથા પર બાણના ફણાના જેવી આ ↑ નિશાની હોય છે—જાણે કોઇ પંખીના પગનો પંજો પડ્યો ન હોય! (જુઓ સામેનું ચિત્ર.)




ફુરસા: માથા પર 'વિષ્પદ'નું ચિહ્ન ↑ અને પીઠ પર ધોળાં ચોખંડાં ટપકાંવાળો નુગરો વિષધર ઉત્તર ગૂજરાતની ભાગોળે દેખાય છે. બીજે દુર્લભ.

સ્વભાવે તીખો. વગર પ્રયોજને, માત્ર નહિ જેવા ઉશ્કેરાટથી કોઇ સાપ કરડતો હોય તો આ જ. વીજળી વેગે ઝડપ મારીને ડંખે. બીકની વાત નહિ. સદ્‌ભાગ્યે એનું વિષ ખડચીતળા જેટલું કાતિલ નથી; તોપણ એના દંશથી મરણપ્રમાણ ત્રણચાર આની જેટલું તો છે. ચિડાય ત્યારે શરીરની બેવડી આંટી નાખે અને પડખાનાં ભીંગડાં જોરથી ઘસીને સુસવાટા જેવો અવાજ કાઢે. (સરખાવો એનું અંગ્રેજી નામ: Saw-scaled Viper) એનું પારિભાષિક નામ: Echis carinata.

ફણીરાજ

છેલ્લે આવ્યો ફણીરાજ—King cobra, Hamadryad (વૈજ્ઞાનિક સંજ્ઞા Naia hannah). નાગના જેવી ફણાવાળો પણ અત્યંત ઉગ્ર સ્વભાવવાળો ભયંકર આ વિષદંત સાપ ૧૨ થી ૧૪ ફૂટ લાંબો થાય છે. શરીરે વિવિધરંગી—પીળો, ચટણીરંગો, ઘેરો બદામી કે કાળો. અંગ ઉપર આછા પીળાશપડતા કે ધોળા આડા પટા. (જુઓ પાછળના પૃષ્ઠ ઉપરનું ચિત્ર.)

સ્વભાવે ઘાતક; પણ એ ક્વચિત જ અંગ પર ધસી આવે. ઓરિસ્સા, બંગાળ, આસામ અને બ્રહ્મદેશમાં એ ઘણો દેખાય છે. જ્યાં ઝાડી ગીચ હોય ત્યાં એને ઠીક ફાવે. ફ્રૅન્ક બકની Wild cargo નામની ફિલ્મ જેમણે જોઇ હશે તેમને એ સુપરિચિત છે. આપણે ત્યાં જેમ મદારીઓ નાગને પાળે છે તેમ બ્રહ્મદેશમાં આ ફણીરાજને પાળવામાં આવે છે. એ મુખ્યત્વે સર્પોનો આહાર કરે છે.



ફણીરાજ : ગૂજરાતી ન હોય.

દરિયાઇ સાપ

આપણા લાગતાવળગતા ઝેરી સાપોની વાત પૂરી થઇ. પણ એમના કરતાં યે કાતિલપણામાં ચડે એવા વિષધર તો દરિયાઈ સાપો છે. એમનું વિશિષ્ટ લક્ષણ એમની ચપટી—હલેસાં જેવી પૂંછડી છે. એને લીધે એ પાણીમાં તરી શકે છે. નાગ, ધામણુ વગેરે બીજા ઘણા સાપ પાણીમાં સહેલાઇથી તરી જાણે છે, પણ એમનું નિવાસસ્થાન તો કોરી જમીન પર હોય છે. જ્યારે દરિયાઇ સાપ હમેશાં પાણીમાં જ રહેનારા હોય છે.

જુહુના દરિયામાં ડૂબવાથી થતાં અચાનક ગહન મરણના ઘણા દાખલા આપણે સાંભળીએ છીએ, તેની પાછળ આ દરિયાઇ સાપનો દંશ પણ કારણરૂપ થતો હોય. એ મુંબાઇ પાસે ઘણા જોવામાં આવે છે.

સાપની વાત કરીએ છીએ, ત્યારે બીજા એના બેત્રણ પડોશીને પણ મળી લઇએ.

ધામણુ

પહેલી ધામણ. પણ એ નારી જાતિ શા માટે? કોઇ કોઇ શોખીન નાગમહાશય રૂપાળી 'ધામણ' લલના સાથે રંગરાગ ચલાવતા હોવાની લોકકથાના આધારે આખી ધામણ જાતને તો નારીરૂપ નથી માનવામાં આવતી ને? ઉપહાસ બાજુએ મૂકીએ તો 'ધામણ'માં નર-માદા ઉભય હોય છે, પણ નર હમેશાં મોટો, માદા નાની;—ભાગ્યે ૬ કે ૬ાા ફૂટથી વધારે લાંબી હશે. જ્યારે નરની લંબાઇ ૧૦ ફૂટ સુધીની પણ દેખાય. સામાન્ય રીતે તો આ સાપ ૫ કે ૭ ફૂટ લાંબો હોય છે. શરીરે કાળો. દૂરથી નાગ જેવો જ લાગે; પણ નિર્દોષ છતાં ઘણો જ તીખા મિજાજનો. કંઇ ફૂંફાડા મારે! છે તો બીકણ; પણ નાસવાનો મારગ ન મળે તો ખાલી ધમપછાડા કરે ને ઊછળીને ગળે જ બાઝે! એની ઉચ્છૃંખલ વૃત્તિને લીધે, મોટા થયા પછી એ પાળવો અત્યંત કઠિન છે.

આહારમાં સર્વભુક્: ગરોળી, ઉંદર, કાચંડા, પંખી—બધું યે ખાય! ભાઇભાંડુને પણ છોડે નહિ ને! પણ દેડકાં એની ખાસ વાની. ગૂજરાતમાં એ વ્યાપકપણે થાય છે. રસ્તે ચાલતાં યે જ્યાં ત્યાં નજરે પડે છે.

ગાયભેંસોને એ ધાવી જાય છે, એવી માન્યતા એના વિષે પ્રવર્તે છે, પણ તે ભ્રમમૂલક છે. એના (બધા યે સર્પોના) મોંની રચના જ એવી છે કે ધાવવાની ક્રિયાને અનુકૂળ જડબાંનું સંચલન એને માટે અશક્ય છે.

એને અંગ્રેજીમાં Common Rat Snake અને વૈજ્ઞાનિકો Zamenis mucosus કહે છે.

આંધળી ચાકળણ

જેને 'ચાકળણ', 'આંધળી ચાકળણ' કે 'દ્વિમુખી' સાપ કહે છે તેના સંબંધમાં મદારીઓ અજ્ઞાન જનતામાં ખૂબ ભ્રમ ફેલાવે છે. વાસ્તવિક રીતે આ સાપ 'આંધળો' પણ નથી હોતો, તેમ બે મોંવાળો પણ નથી હોતો. રંગે ઘેરો તપખીરી અને જાડા દોરડા જેવો આશરે દોઢ બે ફૂટનો આ સાપ એની સાવ બૂઠી પૂંછડીને લીધે 'બે' મોંવાળો કહેવાય છે. આ ભ્રમને પોષવા મદારીઓ ક્વચિત્ છરીથી પૂંછડીના આ બૂઠા છેડા પર આંખો જેવી નિશાની પણ કાપી કાઢે છે. અને ધૂળમાં ઊંડે ઊતરીને શિકારની શોધમાં સંતાતા લપાતા ફરવાની (સરખાવો એનું અંગ્રેજી નામ (Burrowing snake) એની ટેવને લીધે એને આંધળો માનવાનો ભ્રમ થાય છે. એનું વૈજ્ઞાનિક નામ Eryx Johnii. એ ઝેરી નથી.

અજગર

છેલ્લો અજગર. અજગરને બધા ઓળખે છે, છતાં અજ્ઞાનને લીધે એના વિશે પણ ઘણી ખોટીખરી વાતો થાય છે. ગૂજરાતમાં આ સાપ ૧૦ ફૂટનો જોવામાં આવે છે. સુરત તરફ પહાડી પ્રદેશમાં આનાથી પણ લાંબો દેખાય છે. એ ઝેરી નથી, પણ એનું પ્રચંડ સ્નાયુબળ, કાળાગ્નિ જેવો જઠરાગ્નિ ને જલદ પાચનરસો—ઝેર કરતાં પણ ભયંકર સંહારક છે. મોટાં હરણ, ભૂંડ, મગર, વાઘ ને દીપડા જેવાં ચપળ ને હિંસ્ર પ્રાણીઓને પણ એનાં ગૂંછળાંમાં ભચડીને એ મારી નાખે છે એવા પ્રસંગો જાણીતા છે. (જુઓ ઉપરનું ચિત્ર) દેખાવમાં નાનું છતાં એનું મોં ગુફા પેઠે પહોળું કરીને એ મોટાં પ્રાણીઓને પણ ગળી શકે છે. મોટામાં મોટો અજગર ૪૦ ફૂટનો જોવામાં આવ્યો છે.

પાંચ ઝેરી ને ત્રણ નિર્દોષ સાપનો આ પરિચય પૂરો થયો. હવે થોડીક સામાન્ય હકીકત જાણી લઈએ.



અજગર: એની ભયંકર સંહારક શક્તિનું સૂચક કાલ્પનિક ચિત્ર

સામાન્ય હકીકત

સાપના શરીર પર જેવાં ભીંગડાં હોય છે તેવાં ભીંગડાં પક્ષીઓના પગે તેમજ માછલીના શરીર ઉપર પણ હોય છે. સૃષ્ટિના વિકાસક્રમમાં, પ્રાણીસૃષ્ટિના ઉત્ક્રાન્તિપથમાં સાપ અને પક્ષીઓને નિકટનાં સહોદર—મશીઆઈ ગણવામાં આવે છે. પણ બુદ્ધિમાં પક્ષીઓ જેટલી પ્રગતિ એમનો નથી થઈ. અને સાપની એક ખાસ વાત જાણી? નર કરતાં માદા હમેશાં મોટી—લાંબી હોય છે: અપવાદ માત્ર ધામણનો. એ જાતના સર્પોમાં માદા ભાગ્યે જ ૬ કે ૬॥ ફૂટથી લાંબી હોય છે: જ્યારે નરની લંબાઈ ૬થી ૮ ફૂટ તો સાધારણ અને કેટલાક તો ૧૦ ફૂટ સુધી પહોંચે છે.

અજગરને બાજુ રાખતાં, સાપનો આહાર નાનાં પ્રાણી—દેડકાં, કાચબાનાં બચ્ચાં, કાચંડા, ગરોળી, ઊંદર વગેરે હોય છે. કેટલાક સાપ તો બીજા સાપને પણ ગળી જાય છે. દાખલા તરીકે ફણીરાજ. એ તો નાગને પણ ખાઈ જાય! બીજા સાપ—સવિશેષ Viper—સજાતીય સાપોને પણ હોઇઆં કરી નાખે.

સાપના હણનારા

પણ આ 'વિષધ્નો'નો કોઇ હણનાર નહિ હોય? છે; ઘણાય છે. પહેલો તો મનુષ્ય: જે બુદ્ધિમાન ગણાતો છતાં દેશાભિમાનના બહાના હેઠળ પોતાની જાતનો જ સંહાર કરે છે તે, સાપને કંઇ છોડે? આહાર અર્થે, દવાદારૂ ખાતર, શિકારમાં ઝહેરનો ઉપયોગ કરવા, વેપાર સારૂ, ધંધો ચલાવવા, અભ્યાસસામગ્રી પૂરવા, —અને કેવળ સંહારના આનંદ ખાતર પણ માણસ પ્રાચીન કાળથી, નિર્દોષ અને વિષધર સર્પોનું નિકંદન કરતો આવ્યો છે. પશુઓમાં 'વનરાજ' વાઘ જેવો ગૌરવાન્વિત વ્યાઘ્ર પણ સર્પનો ક્વચિત્ આહાર કરે, તો પછી અધમ પંક્તિનાં બિલાડી, નોળિયો, કૂતરો, વગેરે કેમ પાછાં પડે? શેળો અને ગરીબ ગણાતો ઉંદર પણ સાપના શત્રુ! સાબર બકરાં (સરખાવો: 'મારખોર' નામ)ની ખરીઓ નીચે ઘણાયે સાપ છુંદાયા છે. ભૂંડને જો સાપ મળે તો પકવાન્નની ગરજ સારે! ખગરાજ ગરુડ તો સર્પોના વિનાશકનું બિરુદ ધરાવે છે! પણ તેની સરખામણીમાં ચાષ, ઘુવડ, બાજ, શમળી, મોર, કુકડો, બગલાં વગેરે પણ ઓછાં સંહારક નથી. સેક્રેટરી બર્ડ નામનું પક્ષી તો ગરુડને ય આંટી જાય. 'સાપને સાપ ગળે' એ તો પ્રકૃતિનો નિયમ છે, પણ સાપ જેને ગળે એવાં, નમાલાં ગણાતાં પાટલા ઘો અને દેડકાં પણ ક્વચિત્, ભક્ષક સાપનું ભક્ષણ કરતાં જોવામાં આવે છે! અરે, કાનખજુરા પણ ભેગા થઇ ભલભલા ઝહેરી સાપને હોઇયાં કરી જતા દેખાયા છે. અને 'ઝાઝી કીડીઓ સાપને તાણે' છે, એમા યે શંકા રાખવી નહિ.

સામાન્ય રીતે સાપ ઇંડાં મૂકે છે. (oviparous) કેટલાક સાપ (ખાસ કરીને Viper જાતના: જેવા કે ફૂરસા, ચીતળો વગેરે) જીવતાં બચ્ચાં પણ જણે છે (Viviparous). એમાં યે ફૂરસાનું જણતર! એક સુવાવડમાં ૬૦થી ૮૦ સાપોલિયા જણે!

પણ એક વાત રહી ગઇ. ઝહેરી સાપને, એના તીવ્ર વિષની દરકાર ન કરતાં મદારી લોક પાળી શકે છે તે શાથી? એમની વંશપરંપરાથી શીખવાની એવી કોઇ અદ્ભુત 'ગુપ્ત વિદ્યા'ને લીધે? આ વિષયમાં ઘણો મતભેદ છે. જેમણે વર્ષો સુધી ઝહેરી અને બીન-ઝહેરી સાપોનો પ્રત્યક્ષ પરિચય સેવ્યો છે અને પાળીને તેમના જીવનનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે, એવા ઘણ: સમર્થ સર્પવિદ્યાવિશારદો આવી કોઇ 'શક્તિ'નો સદ્ભાવ સ્વીકારી શકતા નથી. મદારી જે નિર્ભીકતાથી તેમજ સરળતાથી ભયંકર વિષધારીઓને પણ પકડીને નચાવી શકે છે તે વર્ષોના અભ્યાસથી આવેલી હાથની ચપળતા અને આ સર્પોના ઇંગિતજ્ઞાનને લીધે જ, એમ એમનું માનવું છે. આ વાત આપણે કોઈ પણ મદારીને નાગને 'નચાવતો' અવલોકીએ તો સ્પષ્ટ સમજાય છે.

સાપનું ઇન્દ્રિયજ્ઞાન

પ્રથમ તો સર્પમાત્રને આપણી પેઠે બાહ્ય કાન હોતા નથી. અને કાનની જગ્યાએ જે છિદ્ર હોય છે તેના ઉપર ત્વચાનું આચ્છાદન હોય છે. તેથી તે દ્વારા એમની શ્રવણશક્તિ અત્યંત ક્ષુદ્ર હોય છે. આને લીધે સાપ 'બહેરો' હોય છે એવી માન્યતા પ્રવર્તે છે. પણ એ ભ્રાન્તિમૂલક છે. કારણ 'શ્રવણશક્તિ' એકલા બાહ્ય છિદ્ર કે કાનના અસ્તિત્વ પર અવલંબતી નથી. દાખલા તરીકે આપણે કાનમાં આંગળી ઘાલ્યા પછી જેનો અવાજ ન સાંભળી શકીએ તેવા નાના ઘડીઆળને કપાળે લગાડીએ અગર દાંતની વચ્ચે પકડી રાખીએ તો તરત તેનો અવાજ સ્પષ્ટ અને કંઇક મોટો સાંભળીએ છીએ. આ જ વસ્તુસ્થિતિ સર્પોની છે. બાહ્યછિદ્રોના અભાવે વાયુ દ્વારા સ્વરનાં આંદોલનો તેમને સુશ્રાવ્ય નથી થતાં, પણ જેને સ્પર્શ થાય એ જડ વસ્તુ દ્વારા ધ્વનિનાં આન્દોલનો તો એ સરળતાથી સાંભળી શકે છે. અર્થાત્ સાપના માથા પર, અદ્ધર હવામાં અવાજ થાય તો એ ન સાંભળી શકે, પણ એ જો જમીન કે પાટિયા ઉપર પડ્યો હોય અને આપણે તે સ્થાને કંઇ પણ પછાડીએ તો એ તરત સાંભળીને સાવધ બને છે.

બીજી વાત: સાપને આપણી માફક પોપચાં નથી હોતાં; માત્ર પાતળી આછી ત્વચાનું પડળ હોય છે. (એટલે જ એ સદાય જાગે છે એમ કહેવાય છે.) એથી એની ચક્ષુરિન્દ્રિય અત્યંત ચપળ હોય છે. રજ પણ હલનચલન એની દૃષ્ટિ બહાર જતું નથી. આત્મરક્ષણની એની ભાવના અત્યંત પ્રબળ હોવાથી જ્યાં એની નજરે હલનચલન થતું દેખાય છે ત્યાં એની આંખો 'જડાઇ' રહે છે. (વીજળીની પેઠે લપકારા

મારતી જીભ એની સ્પર્શેન્દ્રિયની ગરજ સારે છે. એ નિરુદ્યમી છે માટે આમ જીભ હલાવે છે એમ નથી; પણ પ્રત્યેક પળે સાવધાનીની એ નિશાની છે. શ્રવણેન્દ્રિયનો અભાવ પણ આ જીભ પૂરે છે.)

મદારીની વિદ્યા

મદારીને આ બંને સત્યો પૂર્ણ પરિચિત છે અને એનો સંપૂર્ણ ઉપયોગ એ કરે છે. ખેલ વખતે મદારી જેવો કંડીઓ ઉઘાડે કે તરત હાથથી ડીઆની બાજુએ ટકોરો મારે છે. આ આઘાતના સ્વરનાં આન્દોલનો કંડીઆના પડખા દ્વારા સૂતેલા સાપને સંભળાય છે અને તે સાવધ થાય છે. બીજા સર્પો ઝાઝા ઊંચા થઇ શકતા નથી, તેથી આ વાત પ્રથમ દૃષ્ટિએ નહિ સમજાય. પણ નાગ ઊંચો થઇ શકે છે, તેથી ટકોરો થતાં જ તરત તેને ફણા ઊચકતો આપણે જોઇએ છીએ. નાગ તૈયાર થયો એટલે મદારી મહુઅર વગાડે છે અને તેના સ્વરથી મુગ્ધ થએલો નાગ ડોલતો દેખાય છે. પણ આ માન્યતા ખોટી છે. નાગ મહુઅર કે વાંસળીનો અવાજ સાંભળી શકતો નથી. વાસ્તવિક તો મદારી મહુઅર વગાડે કે ન વગાડે, નાગની દૃષ્ટિએ તો એ બધું સરખું છે. પણ એનાં નયન તો મહુઅર સાથે ધીરેધીરે હલનચલન કરતા મદારીના હાથ અને શરીર સાથે જડાયાં હોય છે. એ હલનચલનથી મુગ્ધ થઇ, નાગ મહુઅરના સંચલન સાથે ડોલે છે. આ ડોલન ઘણી વખત અત્યંત મનોહર લાગે છે, પણ એમાં સંગીતનો રજ પણ ભાગ નથી હોતો. પ્રેક્ષકોને મહુઅરનું શોકની છાયાવાળું પણ ભાવવાહી સંગીત પ્રથમ અસર કરે છે અને એની છાયામાં—એના ઘેનમાં નાગનું સુંદર ડોલન રમ્ય વાતાવરણ જમાવતું લાગે છે. મદારી આ સ્થિતિ ઉત્પન્ન કરવા સંપૂર્ણ સમર્થ છે, એટલે આજીવિકાની ખાતર 'ગુપ્ત વિદ્યા'ની ભ્રાંતિ પોષવાનો સંપૂર્ણ પ્રયત્ન કરતો રહે છે.


વળી પ્રત્યેક સાપની 'છલંગ' એના સ્વભાવ અને શરીરની લંબાઇ પ્રમાણે અમુક ચોક્કસ અંતર સુધી જ જઇ શકે. એ તથ્ય મદારીને પૂર્ણ પરિચિત હોવાથી ગમે તેવા વન્ય ઝેરી સાપને પકડવામાં પણ એ સફળ થાય છે. જેમકે ફૂંફાડા મારતો નાગ ડોલતાં ડોલતાં ંશ મારે, તેમ, મદારી હાથ એના મોં આગળ લાવી લલચાવે છે. પણ જેવો, દંશ મારે એટલો નજીક એનો હાથ પહોંચે કે ત્યાંથી ચાર આંગળ છેટે જ પાછો ખેંચી લે છે. પોતાના અંગો પરના આવા સ્વામિત્વને લીધે, નિર્ભયતાથી એ સાપને પકડી લે છે. પકડ્યા પછી એના ઝેરી દાંત સમૂળ ખેંચી કાઢી કંડીઆમાં પૂરી દે છે. જો કોઇ પણ જાતની 'ગુપ્ત વિદ્યા' હોય તો તે આ જ.

એક એવી પણ માન્યતા પ્રવર્તે છે કે નાગ બીજા સ્વર ભલે ન સાંભળી શકે, પણ તંત્રી—વીણા—ના વાદનથી ઉત્પન્ન થતું વિશિષ્ટ સ્વરમણ્ડલ એને અસર કરે છે. આ સત્ય હોય તો પણ, કયું સ્વરમંડલ, તે સ્પષ્ટ ન કહી શકાય ત્યાં સુધી આવી માન્યતાની પ્રતિષ્ઠા નથી ગણાતી.

સાપનું ઝેર

છેલ્લે સાપના ઝેરની વાતઃ પ્રત્યેક સજીવ પ્રાણીને આત્મસંરક્ષણ તથા આહારોપાદાનની સરળતા અર્થે પ્રકૃતિએ કંઇ ને કંઇ સાધન આપ્યું હોય છે. શિકારી પ્રાણીઓની દંષ્ટ્રા અને નહોર; જીવાતના દંશ; સક્ષુર પ્રાણીઓનો શૃંગભાર; વાનર, માણસ વગેરેના હાથપગ; પક્ષીઓના ચંચુપટ અને નખાગ્ર;—આ બધાંનું અસ્તિત્વ ઉપરનાં કારણોને લીધે છે. તે જ પ્રમાણે સાપનો વિષસંચય આ ભક્ષ્યોપાદાન અને ગૌણતયા આત્મરક્ષણ પૂરતો જ છે. સાપને બીજાં પ્રાણીઓ જેવાં અંગ ઉપાંગની સહાયતા નથી. હાથ નથી, પગ નથી. પગની ગરજ પેટની અંદરનો અસ્થિસમૂહ અને પેટ પરનાં ભીંગડાં સારે છે, ને તે ય નાસવા કે ઊછળવા પૂરતું. પણ એનાથી કંઇ લાત મારી શકાય? કેટલાક સાપ પૂંછડાનો સપાટો મારી શકે છે અને અજગર જેવા, શરીરની ચૂડ ભરાવી ભલભલાં પ્રાણીઓને ભચડી મારે છે. પણ આ બધાં અધૂરાં સાધનો, શિકારને પકડવો પણ મોંથી અને ખાવો પણ એ મોંમાં જ. આ અડચણ દૂર કરવા કુદરતે સર્પોને 'વિષયંત્ર' બક્ષ્યું છે. એના દંશથી શિકારને વિવશ બનાવી સરળતાથી સ્વેચ્છાએ ગળી શકાય. કવચિત્ સંકટ પ્રસંગે શત્રુને દંશથી હાની પણ પહોંચાડી શકાય. આ એનો પ્રધાન ઉપયોગ. સ્થળવિશેષને લીધે અને જીવનપ્રણાલિકાના વૈવિધ્યને અનુસરી, કાળાંતરે વિવિધ સર્પોમાં આ સાધનો વિકૃતરૂપે તથા કવચિત્ તેનો સંપૂર્ણ અભાવ પણ જણાય છે.

સાધારણ રીતે સર્પમાત્રમાં વિષનું અસ્તિત્વ વિવિધ



નાગનું વિષયંત્ર (બીજા વિષધરોનાં સહજ ભિન્નત્વવાળાં, પણ આવાં જ હોય છે): G વિષગ્રન્થી; L વિષગ્રન્થીની આચ્છાદક ત્વચા; D વિષની વાહક નલિકા; F વિષદંષ્ટ્રા; R વિષદંષ્ટ્રા નિધિ; M વિષ-દંષ્ટ્રા જડિત ઉપરનું જડબું.

રૂપે હોય છે. પણ અહીં જેની વાત છે તે તો મનુષ્યના પ્રાણહર ઝહેરી સાપોના વિષયંત્રની જ છે. આ યંત્રનાં પણ અંગો છેઃ વિષોત્પાદક (વિષસંગ્રાહક) ગ્રન્થીવિશેષ (**poison gland**)—ઝેર ઉત્પન્ન કરનાર તથા ધારણ કરનાર ગ્રન્થી; વિષસ્રાવની નલિકા (**duct**) ઝેર કાઢવા-ની નળી; અને ત્વચાની ભેદક વિષપ્રવાહિકા દંષ્ટ્રા (**fangs**) ચામડી ભેદી નાખનારા દાંત. (ચિત્ર નં. ૮)

વિષયંત્ર

સર્પના શરીરની રચના જ એવી છે કે તેના આ-હારમાંથી વિષ બનીને તેની વિષગ્રન્થીમાં એકઠું થાય છે. એ ગ્રન્થી પાતળી ત્વચાની એક કોથળી જેવી હોય છે. તેમાંથી નાની નળી વાટે ઝહેર દાંતમાં ઊતરે છે. આ દંષ્ટ્રા અગર ઝહેરી દાંત બેત્રણ જાતના હોય છે. એકાદ પતરાને વાળી તેના સાંધાને રેણ કરવાથી બનાવીએ તેવી ભૂંગળી જેવા 'નાગ'ના દાંત હોય છે. જ્યારે ખડચીતળાના દાંત ઉઘાડી પરનાળ જેવા છે. આ ઝહેરી દાંત ઉપરથી પહોળા ને નીચેને છેડે ઝીણા, અણીદાર સોય જેવા તીક્ષ્ણ હોય છે. પહોળા છેડે એ ઉપલા જડબાંના હાડકામાં જડાએલા હોય છે અને એ છેડામાં ઝહેરની નળી વિષ રેડે છે. સાપ કરડે ત્યારે આ દાંતથી ચામડીમાં છિદ્ર પડે અને જડબાના દબાણથી ઝહેરની કોથળી પણ દબાય એટલે ઝહેર આપોઆપ નળી દ્વારા પોલા દાંતમાં થઇને ઘા દ્વારા શરીરમાં પ્રવેશ પામે. આવી ઝહેરી દંષ્ટ્રા દરેક સાપમાં બે હોય છે. (ઝહેરી સાપનો દંશ હોય તો ચામડીમાં હમેશાં બે છિદ્ર દેખાય. પણ કવચિત્ સાપને કરડવાનો પૂરો અવકાશ ન મળ્યો હોય, અગર સાપ વળગે તેવું જ અંગ તરછોડવામાં આવ્યું હોય તો આવાં બે છિદ્રની જગ્યાએ માત્ર એક જ છિદ્ર પણ દેખાય છે.) કવચિત્ આ દંષ્ટ્રા ઘસાઇ જાય અગર જડ વસ્તુને અજાણ્યે દંશ કરવાથી ભાંગી જાય તો તેની જગ્યાએ બીજી થોડા વખતમાં ઊગી નીકળે છે. કેટલાક સાપો પર પ્રકૃતિની અમી નજર હોવાથી એક જોડને બદલે વધારે ઝહેરી દાંત હોય છે. એમાં બધા સર્પો કરતાં પ્રકૃતિનો સંપૂર્ણ કૃપાપાત્ર તો 'ખડચીતળો' જ છે. એની વિષદંષ્ટ્રા બધા યે ઝહેરી સાપોના કરતાં મોટી ને તે પણ બેત્રણ જોડકે. તે ઉપરાંત બીજી પાંચસાત તો અનામત રહે ! વળી આ મોટી દંષ્ટ્રાઓ પણ મોં બંધ કરે ત્યારે આપોઆપ વાંકી વળીને તાળવા સરસી ગોઠવાઇ જાય. અને વિષ-પ્રવાહની કસોટીએ તો સંપૂર્ણ વિકાસ પામેલી—પૂર્ણ-તાની પરાકાષ્ઠાએ પહોંચેલી એના જેવી દંષ્ટ્રા બીજા કોઇ સાપની નથી.

આજકાલ દાક્તરો શરીરમાં દવા નાખવા ઝીણી સોયવાળી જે ઇન્જેકશનની પિચકારી (**Hypodermic Syringe**) વાપરે છે, તેનો શોધ સાપની વિષ-વાહી દંષ્ટ્રા ઉપરથી જ થયો છે.

મદારી સાપ પકડીને, મોં ઉઘાડી ચીપિયાથી આ ઝહેરી દાંત ઉખેડી લે છે. જ્યારે ફરીથી ઊગે ત્યારે ફરી ઉખેડે. ઘણીવાર તો દાંત, ઝહેરની કોથળી વગેરે સમૂળ પણ ઉખાડી લે છે કે જેથી ફરીથી દાંત ઊગતા જ નથી અને સાપ જિંદગીભર નિર્દોષ બની જાય છે.

સાપના વિષની એક બીજી પણ વિશેષતા છે. દંશ દ્વારા તે લોહીમાં ભળે અગર જ્ઞાનતંતુઓને અડે તો જ એની અસર થાય છે. પણ એ જ ઝહેર જો મોંથી ગળવામાં આવે તો તેથી કશી અસર થતી નથી ! જોકે આ પ્રયોગ કદી યે અજમાવવા જેવો નથી. વળી સાપનું ઝહેર એને પોતાને અસર કરતું નથી, એવી પણ એક માન્યતા છે.

વિષનો ઉતાર

સાપના વિષના ઉતાર વિષે અનેક મત છે. ઘણી વખત મદારીઓને વિષના પ્રતિકાર રૂપે આમલીના કચુકા જેવા આકારનો અને રંગે કાળો 'સાપનો મહોરો'

વેચતા જોઇએ છીએ. 'મહોરો' એટલે સાપની વિષગ્રન્થિ એમ મનાવવા એ લોક પ્રયત્ન કરે છે અને મોટે ભાગે ભોળી જનતા ઠગાય છે પણ ખરી. વાસ્તવિક તો આ 'મહોરો' બનાવટી પદાર્થ છે. શોષક ગુણવાળું કોઇક ઝાડનું ફળ અગર પત્થરને મહોરા તરીકે ઠસાવી દેવામાં આવે છે. સાપની વિષગ્રન્થિમાં આવો શોષક ધર્મ નથી. તેમ એને સાપમાંથી લીધા પછી એનામાં જડતા-ચામડા જેવી કઠોરતા આવી જાય છે. આવો મહોરો વિષનો ઉપાય ગણવો, એ અત્યંત જોખમ છે.

વળી મંત્રતંત્રમાં શ્રદ્ધાવાળા દૃઢ વિશ્વાસથી એના ઉપચાર કરે છે. પણ એમાં શંકાને મહત્ત્વનું સ્થાન રહે છે. મુંબાઇની 'હાફ્કીન ઇન્સ્ટીટ્યુટ' નામની વિષનું સંશોધન કરનારી સંસ્થાએ આખા દેશમાં, મંત્રતંત્રથી ઝહેરી સર્પનું વિષ ઉતારનારને રૂા. ૧૦,૦૦૦નું ઇનામ આપવાનું જાહેર કર્યું છે. પણ તે જીતનાર અગર તે અર્થે પ્રયોગ કરનાર હજુ કોઇ સફળ થયો નથી. પણ આ વિષય જ વિવાદાસ્પદ છે, એટલે એનો વિચાર બાજુ રાખી, હાલ તો સર્પવિદ્યાવિશારદોના મતે, સર્પદંશ પર જે ઉપચારો ગુણકારી છે તે જોઇએ.

પ્રથમ તો એક વાત ધ્યાનમાં રાખવાની કે સર્પદંશ પછી તત્કાળ જ જો આ ઉપાય અજમાવવામાં આવે તો જ નિવારણનો સંભવ રહે છે. જરા ઢીલ થવાથી વખત ગયો, તો વિષ પર બધા પ્રયોગો નિરર્થક નીવડે છે અને દરદીનું મૃત્યુ જ થાય છે. આ ઉપચારોમાં,

(૧) પહેલી વાત તો એ કે દંશ થતાં જ તેનાથી ઉપરના ભાગમાં દોરી, કપડું કે રબ્બરની નળીથી કસકસાવીને પાટો (Torniquet) બાંધી દેવો કે જેથી દંશનું લોહી ઉપર જતું બંધ થઇ જાય. પગના દંશમાં ઢીંચણથી ઉપરના ભાગે, અને આંગળી કે કાંડાના દંશમાં કોણી ઉપરના ભાગમાં આ બંધ રાખવો.

(૨) દંશને તપાસી જોવો કે બે છિદ્ર છે કે કેમ. બે હોય તો નક્કી ઝહેરી છે એમ માનવું. કદાચ એક જ છિદ્ર હોય તોપણ સાવધ રહીને ઉપચાર તો કરવો જ. પણ સાથેસાથે કયો સાપ કરડ્યો છે તેની પણ બને તો ખાતરી કરી લેવી; જેથી એક છિદ્ર હોવા છતાં અને સાપ ઝહેરી ન હોય તોપણ ધ્રાસકાથી ઘણી વખત માણુસ મરી જાય છે તેમ ન બનવા પામે.

(૩) ઝહેરી દંશ જણાતાં જ તીક્ષ્ણ ધારવાળી છરી કે ચપ્પુને દીવાની જ્યોતમાં ગરમ કરીને દંશને કાપી કાઢવો અને લોહી વહે તેમ કરવું. આને લીધે ઘણી વખત ઝહેર લોહી ભેગું બહાર નીકળી જાય છે અને દરદીને આરામ થાય છે. ઘામાં પોટાશ્યમ પરમૅન્ગેનેટ ખૂબ ઘસવો. એ ગુલાબી રંગની દવા બજારમાં સસ્તી મળે છે.

(૪) પણ સર્વથી મહત્ત્વનો અને જેમાં કંઇક પણ શ્રદ્ધા રાખી શકાય તેવો ઉપચાર તો એન્ટીવેનીન—Antivenene ની પિચકારી લેવાનો છે. Antivenene એ જુદાજુદા સાપનાં ઝહેરોમાંથી જ બનાવેલી દવા છે અને જે સર્પ કરડ્યો હોય તે જાતના સર્પના વિષની તીવ્રતા ધ્યાનમાં રાખીને, વિશિષ્ટ પ્રમાણમાં તેની પિચકારી આપવાથી દરદીને ચોક્કસ ફાયદો થાય છે. આવી પિચકારી એક અથવા જરૂર લાગ્યે વધારે પણ અપાય છે. માત્ર આ દવા તાજી હોવી જોઇએ, એ આવશ્યક છે.

બીજા અનેક પ્રકારના ઉપચારોમાં સૌથી વધારે શ્રેહ્ય તત્ત્વ આ દવાનું છે. આપણે ત્યાં કસૌલીના પાશ્ચ્યુર ઇન્સ્ટીટ્યુટ અને મુંબાઇની હાફ્કીન ઇન્સ્ટીટ્યુટની લૅબોરેટરીમાં જીવતા ઝહેરી સાપ પાળીને તેમનાં ઝહેરોમાંથી તે બનાવવામાં આવે છે.

આ એન્ટીવેનીન 'નાગ'ના ઝહેરના પ્રતિકાર તરીકે વપરાય છે; પરંતુ 'ફણીરાજ'ના વિષનો સફળ પ્રતિકાર કરી શકે તેવું સબળ એન્ટીવેનીન હજુ બનાવી શકાતું નથી. પણ સૌથી ભારે નિરાશા તો 'કાળોતરા'ના દંશ પ્રસંગે થાય છે. એક વખત જીવ લે તેટલો સંહારક વિષપ્રવાહ ઘામાં દાખલ થયો, પછી બધા યે ઉપાય નિરર્થક નીવડે છે.

ખડચીતળાનું ઝહેર પણ નાગના ઝહેરની પેઠે, એન્ટીવેનીનથી નિષ્ફળ કરી શકાય છે અને દરદી બચી જાય છે.

(૫) ઘામાંથી ખૂબ લોહી વહે તોપણ ગભરાવું નહિ. દરદીને પથારીમાં સુવાડવો. તેના શરીરને ગરમ કપડાંમાં ઢાંકી રાખવું અને બેભાન થતો હોય તો તે અટકાવવાના ઉપાય કરવા. ઘાને ચેપ ન લાગે તેમ બાંધી રાખવો.

(૬) દરદીને ઉત્તેજક આહારની જરૂર હોય તો કદી પણ દારૂ આપવો નહિ; પણ ગરમ સૂપ, દૂધ,

ચા, અને દૂધ કે ખાંડ વિનાની કૉફી આપવાથી ઘણો ટેકો મળે છે અને દરદીને ફાયદો થાય છે. સારામાં સારો ફાયદો થાય તે અર્થે દસદસ મિનિટે થોડાંથોડાં —એકબે ચમચા—આ પેય આપવાં.

(૭) ધ્રાસકો લાગે તેની અસર હૃદય પર પહેલી થાય છે. એનાથી લોહીની ગતિને નિયમિત રાખનાર જ્ઞાનતંતુએ જડ બને છે એટલે લોહીનું દબાણ એકદમ ઘટી જાય છે. આથી દરદીનો અંગ પરનો કાબુ જતો રહે છે અને તે બેભાન બની જાય છે. આ પ્રસંગે હૃદયને ઉદ્દીપક દવાઓ આપવી.

(૮) દરદી મૂર્છા પામતો હોય તો એનું ધડ માથાની સપાટીથી સહજ ઊંચું રાખવું અને પગ ધડથી કાટખૂણે વાળી રાખવા. એટલે ગુરુત્વાકર્ષણથી લોહી આપોઆપ મગજમાં વહેશે અને એથી ચેતન આવશે. આવે પ્રસંગે વળી શરીરે પાટા બાંધવાથી પણ લોહીનો પ્રવાહ હૃદયમાં વહે છે. અને તે દ્વારા મગજને ચેતન લાવવા પૂરતું લોહી મળી રહે છે.

(૯) દરદીનું હૃદય બંધ પડતું લાગે તો કૃત્રિમ હલનચલનથી એના શ્વાસોચ્છ્વાસને વધારવો.

આ તો સાધારણ માણસ અજમાવી શકે તેવા ઉપાય થયા. પણ આ ઉપરાંત વેળાસર દાક્તરની સલાહ લેવી તો અત્યંત આવશ્યક છે. **'વનેચર'**

દરિયાઈ શયતાન

અનુસંધાન પૃષ્ઠ ૪૦૮થી

પુષ્કળ લોહી વહેવાથી તે નબળો બની થાકી ગયો હતો. સુલતાને ફરી તેને પડખે ચડી તેના પેટ ઉપર ભાલાનો જોરથી ઘા કર્યો. પહાડ જેવો પાડો એક તરફ ઢળી પડ્યો. તરત એક સરદારે ઘોડા ઉપરથી ઊતરી 'બિસ્મિલ્લાહ' કરી તલવારથી તેને હલાલ કર્યો. સુલતાનનો બીજો દિવસ આમ પાડાના શિકારમાં પૂરો થયો.

જાંબાસી નદીમાં આઠેક મોટી હોડીઓ તરતી હતી. હોડીમાં બેઠેલાઓ નદીના ચોખ્ખા પારદર્શક પાણીમાં ઝીણી આંખે કાંઇક જોઇ રહ્યા હતા. તેમના હાથમાં લોઢાની ઝીણી અણીઓવાળા લાંબા વાંસ હતા. એવામાં નદીની એક ભેખડ નીચે એમણે જળઘોડાને પાણીને તળિયે શાંતિથી બેઠેલો દીઠો. લાંબા બાંબુની ઝીણી અણી તેની પીઠમાં ઘોંચવામાં આવી. પાણીમાં આરામથી બેઠેલો જળઘોડો (હિપોપૉટૅમસ) એકદમ ચમક્યો અને ત્રણચાર ટન વજનનું આફ્રિકાનું એ રાક્ષસી પ્રાણી પાણીની સપાટી ઉપર આવ્યું. એક હોડી તેને પડખે ચડી અને તેમાં ઊભેલા આબીસીનીઅને તેની પીઠ ઉપર મોટા ભાલાથી ઘા કર્યો. હિપોએ તરત ડૂબકી મારી; પરંતુ લાંબા બાંબુઓની તીણી અણીઓ મારી આસપાસના શિકારીઓએ તેને ભાગતો અટકાવ્યો. આઠે હોડીઓ તેને ઘેરી વળી. જરાક ઉપર આવે કે લાંબા ભાલા તેની પીઠ વીંધી નાખતા. જળઘોડો ત્યાંથી લેશમાત્ર ચસી શક્યો નહિ.

વારંવાર ભાલા વાગવાથી આ ટાઢું પ્રાણી અંતે ઊકળ્યું. તેણે ક્રોધથી પોતાનું રાક્ષસી મોં ખુલ્લું કરી ભયંકર દાંતોની પંક્તિ બતાવી અને હોડીઓ ઉપર ધસ્યું. તેને હોડીની નજદીક ન આવવા દેવા માટે લાંબી અણીવાળા બાંબુ આડા ધરવામાં આવ્યા, પરંતુ પ્રાણીના ધસારા આગળ હવે એ બાંબુઓ કડડભુસ કરતા તૂટી પડયા. ક્ષણવારમાં તો તે એક હોડી પાસે આવી પહોંચ્યું. હોડીવાળા હબસીએ પોતાના સમગ્ર બળથી તેની પીઠમાં ભાલો માર્યો. વિફરેલો જળઘોડો હવે ભાગ્યો નાહ. તેણે હોડી ઉપર હલ્લો કરી પલવારમાં હોડીની બાજુમાં પોતાનું રાક્ષસી માથું માથું મામૂલી તણખલાની પેઠે હોડી પાણી ઉપરથી હવામા ઊંચી ઊછળી ફરી પાણીમાં પટકાઇ અને તેના ચૂરેચૂરા થઇ



જળઘોડો-હિપોપૉટૅમસ

ગયા. તેમાંના બેસનારા સૌ નદીમાં જઇ પડ્યા.

પણ જાનઘોડો પાછો ફરે એટલામાં તો બીજી હોડીમાંથી એક જબરદસ્ત ભાલાનો ઘા થયો. તેના પછી ઉપરાઉપર બીજા ઘા ધચોધચ થયા. નદીનું પાણી લોહીથી લાલ બની ગયું. અનેક ભાલાઓના ઘા ખાવાથી ઘોડો હવે ગાંડો બન્યો. તે પાણી ઉડાડતો અહીંતહીં ધસવા લાગ્યો. તેના આ પછાડાથી શાંત નદીમાં વમળો પેદા થયાં, પાણી ઊછળવા લાગ્યું અને હોડીઓ પાણી ઉપર ડોલવા લાગી. હવે કોઇ હોડીની ઘોડા નજદીક જવાની હિંમત રહી નહિ. બધા દૂર જઇ તમાશો જોવા લાગ્યા. ઘોડાના શરીરમાંથી ધોધ-બંધ લોહી વહ્યે જતું હતું. તેના શરીર ઉપર આશરે પંદરેક મોટામોટા ભાલા ચોટ્યા હતા. થોડા તો-ફાન પછી તે થાકી ગયો, અને હવે વારંવાર પાણી નીચે જઇ ઊંચે આવવા લાગ્યો. ત્રણેક કલાક આમ રીબાયા પછી તે નદીને તળીએ જઇ ઢળી પડ્યો. સુલ-તાનની ત્રીજા દિવસની શિકારયાત્રા પૂરી થઇ.

આ શિકાર કરી સુલતાન પાછા ફરતા હતા એટલા-રાજકાસદે આવી એક પત્ર તેમનાં કદમો પાસે ધર્યો. એ વાંચીને સુલતાને એકદમ ડેરાતંબૂ ઉપાડવાની આજ્ઞા આપી અન પોતે ઘોડેસવાર થઇ તે જ વખતે રાજધાની તરફ પ્રવાસ શરૂ કર્યો. ગેંડા, હાથી અને ચિત્તાના શિકારો મુલતવી રહ્યા.

'ફ્રેંચોના કોઇ વહાણને દરિયાઈ શયતાન હસને લૂંટીને તેમાંના ખલાસીઓને બાન તરીકે પકડ્યા છે. એક માસની અંદર એ સર્વે ખલાસીઓ સહીસલામત પાછા સોંપી સાથે દસ લાખ રીઆલ નુકસાનીના ભરી આપ-વાની આપણા ઉપર ફ્રેંચ કૉન્સલ તરફથી તાકીદ થઇ છે અને એ શરત નહિ પળાય તો આપણો દારેસ્સ-લામનો મુલક તેઓ જપ્ત કરશે.' સુલતાને ચિંતાયુક્ત સ્વરથી પોતાના મંત્રીમંડળ આગળ વાત મૂકી.

'મેં હસનનું એક વહાણ પકડ્યું છે. ઉપરાંત તેનો એક જૂનો વિશ્વાસુ માણસ આપણને મદદ કરવા કબૂલ થયો છે. મેં રસ્તા અને કિલ્લાની માહિતી તેની પાસેથી મેળવી પણ લીધી છે. કિલ્લો ઘણો મજબૂત અને સારી રીતે રક્ષાએલો છે, એટલે લડાયક આગ-બોટોની મદદ વગર આપણે ત્યાં ફાવી શકીશું નહિ. આપણાં લડાયક વહાણો એ સ્થળે કામ આવી શકે તેમ નથી.' ટીપુટીબ નૌકાધ્યક્ષે કારવાહી રજુ કરી.

'પણ આમાં પરદેશી ગીધોની મદદ લેવી ઇચ્છવા-જોગ નથી.' મુરાદઅલીએ કહ્યું. પરંતુ લાંબી વિચારણાને અંતે પણ મંત્રીઓને એ સિવાય બીજો કોઇ યોગ્ય ઉપાય સૂઝ્યો નહિ. અંતે લધાભા બોલ્યા

'હું યે પરદેશીઓ પાસે મદદ માગવાની તો સખ્ત વિરુદ્ધ છું. પરંતુ આપણે આપદ્ધર્મ સ્વીકારવો જોઇએ. આપણને જોઇએ છે તેવાં લડાયક વહાણો માત્ર અંગ્રેજો જ આઠેક દિવસની અંદર આપી શકે તેમ છે. તેમનો સહકાર આ તકે ગમે તે રીતે પણ સાધવાની જરૂર છે. આપણી પહેલી જરૂર બદમાશ હસનને કચરી નાખવાની છે, અને તેમ કરવામાં કિફાયતે તેમજ આપણા મોભાને જરા પણ આંચ ન આવે તે રીતે અંગ્રેજોનો સહકાર મેળવવાની બીજી જરૂર છે. એ સાથે ત્રીજી જરૂર ફ્રેંચોને મળી તેમની બેહૂદી માગણી હળવી કરવાની પણ છે. નામવર સુલતાન મને જો આ કામ સોંપશો તો હું મારાથી બનતું કરવા વચન આપું છું.'

આ સલાહ ઉપર ભારે વાદવિવાદ થયો અને ઘણી ચર્ચાને અંતે મંત્રીમંડળ તેમજ સુલતાને તે મંજૂર કરી.

'પધારો પધારો લધા શેઠ!' અંગ્રેજ કૉન્સલ સર હેનરી કર્કે પોતાના મિત્રને આવકાર આપ્યો.

'આ ફ્રેંચોનો ઘમંડ તો ભારે વધ્યો છે. તમારી ઉપરવટ થઇને સુલતાનનો દારેસ્સલામમાંનો મુલક જપ્ત કરવા માગે છે. આમાં તો તમારી લાગવગ અને સામર્થ્ય ઉપર ફટકો છે. આ ઉપરથી તો લાગે છે કે ફ્રેન્ચે અહીં સત્તા જમાવી તમને ભયરૂપ થઇ પડશે.' લધા-ભાએ ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચેની હરીફાઇ તથા ઇર્ષ્યા આગળ ધરીને વાત શરૂ કરી.

'ખરેખર એ વિચાર કરવા જેવી વાત છે.' અને પછી બંનેએ ત્રણચાર કલાક સુધી ખાનગી મંત્રણા કરી. છેવટે કૉન્સલે પોતાની જોખમદારી ઉપર બે નાની ક્રૂઝરો સુલતાનની મદદમાં મંગાવી આપવાની કબૂલત આપી. માત્ર આ ચડાઈનું ખર્ચ અને આખી યોજના અંગ્રેજ નૌકાધ્યક્ષના ઉપરીપણા નીચે અમલમાં મુકાય એટલી શરત લધાભાએ કબૂલ કરી.

'આપના સરખા સજ્જન ગૃહસ્થ તરફથી મેં વધારે શાણપણ અને સદ્વિચારની આશા રાખી હતી, મૉસી-

અર દુમા!' લધાભાએ હસ્તધુનન કરતાં ફ્રેંચ કૉન્સલને મીઠો ઠપકો આપી જણાવ્યું.

'પણ અમારા લોકો તરફ થએલાં અત્યાચારને હું કેમ સહન કરી લઉં?'

'અવશ્ય; પણ એ અત્યાચારીઓને સજા કરવા નામદાર સુલતાન ક્યારે પાછા પડ્યા છે? માત્ર જરા ધીરજ રાખીને સમય તો આપવો જોઇએ ને? બીજા કૉન્સલો પણ એમ જ કહે છે કે મૉ.દુમા જેવા સુશીલ ગૃહસ્થ આટલા ઉતાવળા કેમ થઇ ગયા?'

'અમારી પ્રજાના સ્વમાન અને હક્કોની રક્ષા કરવાની અમારી ફરજ નથી? વળી નામદાર સુલતાને પણ હમણાં હમણાં અમને વિસારી મૂકયા છે.'

'ખરૂં; પણ તલવારનો ઉપયોગ કાંઇ કાંટો કાઢવા માટે થાય? આથી સત્તાની સમાન તુલા કેમ સચવાશે? યુરોપનાં રાજ્યોમાં આથી અંદર અંદર તકરારો અને વાંધા ઉત્પન્ન નહિ થાય? અને તમારી તથા નામવર સુલતાન વચ્ચેની ૧૮૦૭ની સંધિની શરતો આથી ઉલ્લંઘાતી નથી? હજી ગઇ સાલ જ તમે દારેસ્સલામનાં જંગલોનો ઈજારો મેળવ્યો હતો તે નામવર સુલતાનની કૃપા વગર બની શકયું હતું? નામવર સુલતાન તો તમને લેશમાત્ર ભૂલ્યા નથી; પણ તમારા જેવા શાણા ગૃહસ્થે નામવર સુલતાનને વિસારી દીધા છે. અફસોસ!'

એક કલાકની વાટાઘાટ પછી મૉ.દુમાએ પોતાનો પહેલાંનો ધમકીભરેલો પત્ર પાછો ખેંચી લીધો ને બીજો પત્ર લખી આપ્યો. તેમાં યોગ્ય સમયમાં ચાંચીઆઓને નસીહત આપી બાનો છોડાવી દેવાની તથા થએલું નુકસાન ભરી દેવાની સુલતાનને વિનતિ કરી હતી!

સત્તરમી સદીની શરૂઆતથી જ હિંદના વહાણો આફ્રિકાની સાથે વેપાર કરતાં હતાં. અઢારમી સદીની શરૂઆતમાં મસ્કતના સુલતાને જંગબારનો મોટો પ્રદેશ જીતી લીધો અને પોતાના ગુજરાતી પ્રધાનને તે જંગબાર સાથે તેડી લાવ્યા. ત્યારથી જ તેમના સલાહકાર ગુજરાતી વજીરો અને વેપારીઓ રહ્યા કર્યાં હતા. સુલતાન સયદ, સુલતાન માજીદ અને સુલતાન બરગસના વખતમાં મહાગુજરાતીઓનું સંસ્થાન જંગબારમાં ખૂબ જામ્યું. શેઠ લધા દામજીએ ગુજરાતીઓને ત્યાં ઉત્તેજન આપ્યું. વહાણોમાં બબ્બે માસની મુસાફરી ખેડી સાહસિક ગુજરાતી યુવકો જંગબારના કિનારે ઊતરતા. શેઠ લધાભાને ત્યાં સૌનું આતિથ્ય થતું. લધાભાની સાથે એક પંગતે એકીસાથે છસોછસો જમવાની પત્રાવળીઓ પડતી. રાત્રે લધાભા નવા આવેલાઓને બોલાવી તેમની યોગ્યતા માપી લઇ તેમને પોતાના કોઇ ખાતામાં નીમી દેતા. બે વરસનાં અનુભવ પછી જ્યારે સ્માહિલી ભાષા અને જંગબારના વેપાર સંબંધી પૂરતો અનુભવ તેમને મળતો એટલે ગામડાંઓમાં દુકાનો કરવાનું તેમને ઉત્તેજન આપવામાં આવતું. માલ લધાભા તરફથી ઉધાર આપવામાં આવતો અને તેના પૈસા મોડાવહેલા ભરાય તો પણ જતું કરાતું. બીમાર થએલાની સારવાર કે પાછા દેશમાં જવાની સગવડ પણ લધાભા જ કરાવી આપતા. એમ કરતાં કરતાં ધીમે ધીમે જંગબાર વીસહજાર હિંદીઓનું સંસ્થાન થઇ રહ્યું. એ સૌમાં મહા ગુજરાતીઓની શાખ અને આબરૂ ઊંચાં હતાં. અપ્રામાણિકપણું, ચોરી, ઝગડા અને મારામારીથી ગુજરાતીઓ દૂર રહેતા. સુલતાનોને વેપારના વધારાથી મોટી પેદાશ થતી એટલે આ શાંત વેપારી પ્રજાને આવકાર મળતો.

બે વહાણો મૉમ્બાસા તરફ સફર કરી રહ્યાં હતાં. એ દિવસ ઉપર થએલા તોફાનથી એના કુવાથંભ ભાંગી ગયા હતા. સઢોનાં ચીંથરેચીંથરા ઊડી ગયાં હતાં. પરમાણ તૂટી ગયાં હતાં. તુતકનાં પાટીઆં છુટાં પડી ગયાં હતાં. આલાત હવામાં અધર ઊડતી હતી. પરંતુ માલની ગુણીઓના કરેલા ઢગલાથી માલ સહીસલામત લાગતો હતો. વખાના માર્યાં બેચાર ખલાસીઓ તુતક ઉપર નિરાશ થઇ બેઠા હતા. હસનના બાતમીદારોએ તેમની ખબર કયારની યે પહોંચાડી હતી.

નાળમાંથી વળતાં પાણીના અવાજ સાથે મછવાના હલેસાંનો અવાજ ભેગો મળ્યો અને જોતજોતાંમાં પંદર હોડીઓ નાળમાંથી બહાર આવી અને વહાણોની ચોમેર ફરી વળીને નજદીક આવવા લાગી. પણ જરા વારમાં તો વિલક્ષણ ફેરફાર થઇ ગયો. માલની ગુણીઓના ઓથા પાછળ છુપાએલા હથિયારબંધ લડાયક માણસો ચાંચીઆઓને આવકાર આપવા નીકળી આવ્યા. વહાણોની બંને બાજુએ ભારે ધમસાણ મચી રહ્યું. ચાંચીઆઓ ચારે તરફથી વહાણો ઉપર ચડવા પ્રયત્ન કરવા લાગ્યા.

પણ એટલામાં તો દૂરદૂરથી આકાશમાં ધુમાડાના ગોટેગોટા ચડતા જોવામાં આવ્યા અને જોતજોતાંમાં અત્યંત ત્વરિત ગતિવાળી બે લડાયક ક્રૂઝરો બ્રિટિશ

વાવટો ફરકાવતી નજદીક આવતી દેખાઇ. યોગ્ય અંતરે આવી પહોંચતાં જ ધણધણાટ કરતો તોપનો એક ભયંકર ગોળો એક મછવાની નજદીક આવી પડયો. પાણી ઊંચે ઊડયાં. બીજે ગોળે તો મછવામાં ગાબડું પાડ્યું. થોડી જ વારમાં મનવારોએ આગળ વધી નાળના મોઢા પાસે ચોકી કરવા માંડી. ચાંચીઆઓનો ઘરનો રસ્તો બંધ થઇ ગયો. એટલામાં બીજાં લડાયક વહાણો પણ ક્ષિતિજ પર દેખાયાં. પોતાને આમ ચારે તરફથી ઘેરાએલા જોઇ ચાંચીઆઓ ગભરાયા. મનવારોની તોપો પોતા તરફ મંડાએલી જોઈ તેમનું ધૈર્ય ખૂટયું. અને તેમણે શરણે થવાનો સફેદ વાવટો ઊંચો કર્યો.

'તમારાં બધાં હથિયારો સમુદ્રમાં ફેંકી દો.' ક્રૂઝર નજદીક આવતાં જ તેના કપ્તાને બૂમ પાડી. ચાંચીઆઓ એ હુકમનું પાલન કરતાં જરાં અચકાયા, ત્યાં તો ભીષણ અવાજ સાથે તોપના ગોળાએ આવી તેમને જલદી તાબે થવાની ચેતવણી આપી. મોઢાં બગાડી ચાંચીઆઓએ હથિયારો સમુદ્રમાં પધરાવ્યાં. બે ક્રૂઝરોમાંથી બબ્બે હોડીઓ નીચે ઉતારવામાં આવી અને તેમાંના બ્લ્યુ જૅકેટસો (અંગ્રેજ ખલાસીઓ) હોડીઓની નજદીક જઇ પોતાની રાઇફલો તાકતા ઉપર ચડી ગયા. સૌના હાથમાં હાથકડીઓ પહેરાવી દીધી.

થોડી વારમાં સુલતાનનાં ચાર લડાયક વહાણો આવી પહોંચ્યાં. ત્રણસો ચાંચીઆઓને તેમાંના એક લડાયક વહાણમાં ચડાવી જંગબાર રવાના કરવામાં આવ્યા. થોડા સીદીઓને ચૂંટી કાઢીને સાથે લીધા. ઘણાખરા મછવાઓને ગાબડાં પાડી ડુબાવી દેવામાં આવ્યા.

રાત્રિના આઠ વાગ્યા હતા. દરિયાના જુવાળનાં પાણી નાળમાં વહી ભૂતાવળના જેવા ગેબી અવાજો કાઢતાં હતાં. ક્રૂઝરે હવે નાળનો રસ્તો લીધો. અજબ જેવું તો એ હતું કે તેના સુકાન ઉપર કાસમ સીદી બેઠો હતો! ટીપુટીબની કુનેહે તેને હાથ કર્યો હતો. સુકાન તેના હાથમાં હતું, છતાં તેની બંને બાજુએ ગોરા ખલાસીઓ ભરી રિવૉલ્વરે ઊભા હતા. ક્રૂઝરના મોરા ઉપર રાક્ષસી કૅાયતા જડેલા હતા, જે રસ્તામાં આવતી સાંકળોને કાપી નાખતા. બહુ જ ધીમેથી ક્રૂઝર આગળ વધી શકતી હતી. તેની પાછળ સુલતાનનાં લડાયક વહાણો ધીમી ગતિથી આવતાં હતાં. તેની પાછળ બીજી ક્રૂઝર હતી અને છેલ્લે બેત્રણ બચાવેલી હોડીઓ હતી.

રાતનો પહેલો પહોર ઊતરવા આવ્યો હતો. પહોળી ખાળમાં આવી ક્રૂઝર ઊભી રહી. હવે પેલી હોડીઓને આગળ કરવામાં આવી. તેની પાછળ ક્રૂઝરની ચાર હોડી હથિયારબંધ માણસો સાથે ઊતરી. પછી બીજી આઠ હોડીઓ સુલતાનનાં લડાયક વહાણોમાંથી ઉતારવામાં આવી. આ સર્વે હોડીઓ ચૂપકીદીથી બંદરમાં પડેલાં વહાણો તરફ ગઈ. સાથેના બંદીવાન સીદીઓએ બૅયોનેટોના ભય નીચે પોતાની ઓળખાણ આપી સહિસલામતીનો પરિચય કરાવ્યો એટલે વહાણોવાળા ભરોસે રહ્યા. પણ એટલામાં તો હથિયારબંધ સૈનિકો તુતકો ઉપર કૂદી આવ્યા. આ અણચિંતવ્યા હલ્લાને લીધે ઘણાખરા ચાંચીઆ ખલાસીઓ પકડાઇ ગયા. જે થોડા સામા થયા તેમને હરાવી બંદીવાન કરી દીધા. રાત્રિની શાંતિમાં જ સર્વે ચાંચીઆં વહાણો પકડાઇ ગયાં.

હસનના ગામ નજદીકના મોટા મેદાનમાં પ્રભાતના સૂર્યથી ચકચકીત હીરાની ઝીણી કણી જેવી દરિયાની રેતી ઉપર વિવિધ ખાદ્ય વસ્તુઓના ઢગલા પડ્યા હતા. પાંચસાત હબસણો ખજૂર, ખારેક, ભોંયસીંગ, જરદાલુ, અંજીર વગેરેના ઢગલાઓ જોઇ બીજીઓને આવ્હાન કરતી હતી. જોતજોતામાં ત્યાં મોટું જૂથ એકઠું થયું અને ધીમેધીમે ગામડાની બધી વસ્તી ત્યાં જમા થઇ ગઇ. એવામાં ઓચિંતાં ચારે તરફથી સંખ્યાબંધ હથિઆરબંધ માણસો વૃક્ષોનીઝાડીના આશ્રયમાંથી ધસી આવ્યાં. તેમણે ચાચીઆઓનાં એ કુટુંબોને ઘેરીપકડીલીધાં.

ત્યાં તો ધણધણાટ કરતા ગોળા છૂટવા લાગ્યા ને કિલ્લામાં ગાબડાં પડવા લાગ્યાં. થોડી જ વારમાં કિલ્લાના દરવાજા પાસે ક્રૂઝરની ખેંચી લાવેલી તોપ ગોઠવવામાં આવી અને તે ઉડાડી નાખવામાં આવ્યું. હુમલો કરનારા નાગી તલવાર સાથે અંદર ધસ્યા. કિલ્લામાં મોટું ધમસાણ મચ્યું. કવાયદી ઝાઝા હલ્લા કરનારાઓ સામે ચાંચીઆ ટકી શકયા નહિ. કેટલાક માર્યા ગયા અને ઘાયલ થયા; પણ ઘણાખરા કેદ પકડાયા.

કિલ્લાના મોટા હૉલમાં ચાંચીઆઓનો સરદાર હસન પોતાના આસન ઉપર કુદરતી મૃત્યુના અંકમાં સૂતેલો જોવામાં આવ્યો. તેની પાસે તેની વિશ્વાસુ હસબણ પડી હતી. તેના હૃદયમાં ભોંકાએલી રત્નજડિત કટારની મૂઠ માત્ર બહાર ચળકી રહી હતી.

ડુંગરશી ધરમશી સંપટ



(૧) 'સરાણીઓ'–શ્રીદામ ભટ્ટ (અમદાવાદ); (૨) 'સૌ ચલો...'–નરેન રાવળ (અમદાવાદ); (૩) 'ડૂંસાં ઊડી જો! જો! જાય; નીચે કણ બધાં વેરાય.'–અનંત ગાંધી (કુંડલા); (૪) 'મલબારનું સૌન્દર્ય'–રવીન્દ્ર દવે (રંગૂન).

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ફોટોગ્રાફીનાં વિજ્ઞાન અને કલાનો વિકાસ, મુખ્યત્વે કરીને બિનધંધાદારી અૅમૅચ્યૉરના ઉત્સાહ, અખતરા ને અથાગ મહેનતને આભારી છે. નવા ચીલા પાડવાની ધગશથી પ્રેરાઈ અવનવા પ્રયોગોથી અૅમૅચ્યૉરે ઉપજાવેલી કૃતિઓ સમય જતાં ધંધાદારીઓને માર્ગદર્શક બને છે. તેથી જેમને ફોટોગ્રાફીની કમાણી પર જીવવાનું ન હોય તેવા સર્વ શિખાઉ ફોટો-કલાકારોએ પોતાની પસંદગીની એ દિશામાં બુદ્ધિપૂર્વક કામ કર્યે જ જવું જોઈએ. ચાલુ માસની હરીફાઈના સમય દરમ્યાન દીવાળીની રજાઓ આવી ગએલી છતાં બહુ જૂજ, ઉત્સાહી ભાઇઓએ હરીફાઈમાં પોતાનો ફાળો મોકલાવ્યો છે. તેમજ કૃતિઓ પણ ઊતરતા દરજ્જાની છે.

પહેલું ઈનામ જીતનાર, ભાઈ શ્રીદામ ભટ્ટ (અમદાવાદ)નું 'સરાણીઆ' નામક ચિત્ર છે. ખભે સરાણ ભેરવી ફરતા, પોતાના બાપીકા ધંધામાં એકચિત્તે ચપ્પાની ધારને સરાણે ચડાવતા પઠાણનું એ પોર્ટ્રેટ આકર્ષક છે. તેનું નાક, ભવાં અને દાઢીના મુલાયમ વાળ લક્ષણદર્શક છે ભાઈ નરેન રાવળ (અમદાવાદ)ના 'સૌ ચલો . .'ને બીજું ઈનામ મળે છે. નદીકિનારે સ્નાન સાથે ગમ્મત કરતાં નગ્ન ગ્રામ બાળકોનું રમતિયાળ વાતાવરણ સિલ્હાઉટ ફોટોગ્રાફીની મદદથી આણવાનો એ પ્રયાસ અભિનંદનને પાત્ર છે; પરંતુ આ સંજોગોમાં બાળકો નિજાનંમાં મશગુલ હોય ત્યારે એકાએક સ્નૅપ લેવો જોઇએ. આમાં કૅમેરાની હાજરી બાળકોની નજરથી ચિત્રમાં સ્પષ્ટ જણાઈ આવે છે તે દોષથી બચવું જરૂરનું છે.

ત્રીજા ઇનામને લાયક ચિત્રના અભાવે તે ઇનામ અપાયું નથી. ભાઇ રવીન્દ્ર દેસાઈ (રંગુન)નું 'મલબારનું સૌન્દર્ય' ફોટોગ્રાફીની ટૅકનિકની નજરે સારૂં ચિત્ર છે. વિષયનું એક્સ્પૉઝર તથા નેગેટિવ અને પ્રિન્ટિંગનાં ડેવેલપમેન્ટ યોગ્ય જ છે; પરંતુ ચિત્રમાં વિષયના એકીકરણની ખામી છે. વિષયની રચના તથા સંયોજના ચિત્રજગ્યાની કાપકૂપ કરીને એકાદ વસ્તુને પ્રધાનપદે આણી ભાગ કરવા જોઇએ. જમણી તરફના ગાળામાંથી સુંદર ચિત્ર ઉપજાવી શકાય તેટલી સામગ્રી એ ફોટોગ્રાફમાં ભરેલી છે. ભાઇ દેસાઇએ એટલા ભાગને એન્લાર્જ કરી જોવો.

ભાઇ ગોવિંદભાઇ પટેલ (રહાડ)નું 'કેટલું બધું ભારે' અને ભાઇ અનંત ગાંધી (કુંડલા)ના "ડૂંસાં ઊડી જો! જો! જાય; નીચે કણ બધાં વેરાય" એ બે ચિત્રોના વિષયો આકર્ષક છે. પણ તેમાં, લગભગ બધા શીખાઉ જે અનેક વાર કરે છે છતાં તેના કારણથી અજાણ હોય છે તેવા દોષો છે. ભાઇ પટેલના ચિત્રમાં ફોકસિંગની ભૂલ થએલી છે. બહુ નજીકનાં ચિત્રો માટે પોર્ટ્રેટ લેન્સ વાપરવાની જરૂર છે. તે સાથે ચાંપ દાબવાની દોરી (Release) પણ વાપરવી જરૂરની છે. —બલવન્ત ભટ્ટ



રબ્બર સ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

૬ . . . . સ્ટૅમ્પ બનાવવાની રીત

આ કારીગરીનો ખાસ મુદ્દાનો વિષય આ પ્રકરણમાં આવે છે; માટે ધીરજથી, કાળજીપૂર્વક અને બરોબર લખ્યા અનુસાર જ કામ કરવાની ચીવટ રાખવી. એમ કરવામાં આવશે તો પહેલી જ તકે સારૂં કામ થવા પૂરતો સંભવ છે.

સ્ટૅમ્પના લખાણનું કૉમ્પોઝ (ગોઠવેલાં બીબાં) જે અગાઉ જણાવ્યા મુજબ તૈયાર કરેલું હોય તેને હવે કૉમ્પોઝ પ્લેટમાં મૂકવું. લખાણની ચારે બાજુએ જો કોઈ વેલ, બોર્ડર કે લીટીઓ હોય તો તો ઠીક; પણ તેમ ન હોય તો એ કૉમ્પોઝને ફરતી ચારે બાજુએ બબ્બે લેડ નાખી તેની ચોમેર રૂલપટા અથવા જાડા ઊંચા લેડના ટુકડા મૂકવા. ત્યાર બાદ કૉમ્પોઝના બધા ટાઈપ એકસરખા ઊંચા છે કે નહિ તે તપાસવું અને ન હોય તો કૉમ્પોઝ પર લાકડાની પટી ને પ્લૅનર મૂકી મોગરીથી જરા જરા ઠોકી બધા સરખી સપાટીમાં ફિટ કરી લેવા. આ વખતે ફરીથી કૉમ્પોઝનું પ્રુફ કાઢી વાંચીને તેમાં કંઈ ભૂલ રહે છે કે નહિ તેની ફરીથી ખાત્રી કરી લેવી. ત્યાર બાદ કૉમ્પોઝને લેડના ટુકડાથી અથવા વધારે જગ્યા હોય તો લાકડાના કકડાથી ફિટ કરવું.

આ રીતે તૈયાર થએલા કૉમ્પોઝ ઉપર થોડું એનઝીન, પેટ્રોલ, ટર્પેન્ટાઇન, કેરોસીન કે છેવટે મીઠું તેલ હાથની આંગળી કે નાના બ્રશ વડે ચોપડવું. ત્યાર બાદ તે પર પાણીમાં પલાળીને નીચોવેલું, પરંતુ ભીનું મલમલનું કપડું મૂકવું અને તે પર ટિસ્યુ પેપર અથવા પાતળા પતંગીઆ કાગળ મૂકવા.

હવે ઇનૅમલની એક ડિશ અથવા ઊંડી રકાબી કે ચીનાઇ માટીનો પહોળા મોંનો પ્યાલો લઇ તેમાં એક આઉંસ પ્લાસ્ટર ઑફ પારીસ તથા અરધો આઉંસ મોલ્ડિંગ કૉમ્પોઝિશન લેવાં અને આ બંને ભૂકાઓને એકબીજા સાથે સારીરીતે મેળવી દેવા. પછી એક આઉંસ પાણીમાં એક તોલો ડેકસ્ટ્રીન નાખી બરાબર ડહોળી નાખવું અને તે એકરસ પાતળું ને ચીકણું થાય એટલે ધીમે ધીમે ઉપરના ભૂકાઓમાં જોઇતા પ્રમાણમાં નાખતા જવું અને તેમને ચોળતા જવું. આમ કરવાથી થોડી વારમાં તેની નરમ કણેક બંધાશે. આ રીતે તૈયાર થએલું પ્લાસ્ટર (કણેક) એક પ્લેટમાં મૂકવું ને તેના પર ઝીણું મલમલનું કપડું મૂકી એકસરખો વજનદાર એક ગોળ લીસો સળિયો તેના ઉપર ફેરવતા જવું, એટલે પ્લેટ ઉપર પ્લાસ્ટર એકસરખું પથરાઇ રહેશે. કણેક આ રીતે એકસરખી સપાટીએ રાખવાની ખાસ કાળજી રાખવી જોઇએ અને તેમાં ઝીણાં છિદ્રો, પરપોટા કે ગાંઠો લેશમાત્ર ન રહેવાં જોઇએ.

આ કણેકમાં જલદી સુકાઈ જવાનો ગુણ હોય છે; માટે તે સુકાવા માંડે કે તરત જ આપણે તેના ઉપરથી કપડું હટાવી લઈ તેને કૉમ્પોઝવાળી પ્લેટ પરના લૂગડું ઢાંકેલા કૉમ્પોઝ પર મૂકવી અને એ બંનેને સ્ટૅમ્પ-મશીનમાં મૂકી સહેજ દાબ કરવો. આથી પ્લાસ્ટર (કણેક)માં બરોબર ટાઇપો માફક ખાડા પડશે—એટલે કે ટાઇપોની છાપ નરમ પ્લાસ્ટરમાં પડશે; પણ લૂગડાનો અંતરાય હોવાથી એકદમ ચોકખી છાપ હશે નહિ. અત્રે લૂગડું મૂકવાની જરૂર એટલા માટે છે કે સીધો પ્લાસ્ટરમાં દાબ લેવામાં આવે તો પ્લાસ્ટર તૂટી આવી ટાઇપોમાં ભરાઈ જવા સંભવ છે, અને તેમ થાય તો તેને કાઢીને સાફ કરતાં ઘણો વખત બગડે છે; માટે અગમચેતીના સાધન તરીકે લૂગડું મૂકવું જોઇએ.

આ દાબ બરાબર આવ્યો છે કે કેમ, તેની ખાતરી માટે એ તપાસી જવું કે ટાઇપોનો ઠેઠ સુધીનો ચોરસ ભાગ પણ પ્લાસ્ટરમાં દબાયો છે કે નહિ. જો એ પ્રમાણેનો બરાબર દાબ આવ્યો હોય તો પછી કૉમ્પોઝ પરથી ધીમેથી લૂગડું ઉખેડી લેવું; અને હવે દાબ લીધેલી એ પ્લાસ્ટર પ્લેટ ધીમેથી કૉપોઝપ્લેટ પર ઊંધી મૂકવી. આ ક્રિયા એટલી કાળજીથી કરવી જોઇએ કે ટાઇપે ટાઇપનો ખાડો બરોબર ફિટ તે ને ટાઇપો પર

આવી રહે અને લેશમાત્ર આઘુંપાછું થઇને પડેલી છાપને નુકસાન ન પહોંચાડે. આ રીતે કાળજીપૂર્વક પ્લાસ્ટરપ્લેટ કૉમ્પોઝપ્લેટ પર મૂકયા પછી ફરીથી મશિનમાં મૂકી સહેજ વધુ દાબ લેવો: એટલે પ્લાસ્ટરની અંદર ટાઇપોની હવે આબેહૂબ નકલ આવશે. આ ક્રિયામાં બહુબહુ કાળજી રાખતાં છતાં પણ કોઇકોઇવાર આવો બીજો કે ત્રીજો દાબ લેતાં પ્લાસ્ટરના એકાદ ભાગમાંથી પ્લાસ્ટર જરા ઉખડી આવી બધું કામ બગાડે છે. આવે વખતે છેડા પરના દાબ વગરના વધારાના ભાગ પરથી થોડું પ્લાસ્ટર લઇ તે તૂટેલા ભાગ પર મૂકી આખી યે પ્લેટનો ફરીથી દાબ લઈ આખી પ્લેટ બચાવી શકાય છે. પણ આ ક્રિયામાં અતિશય કાળજી અને ચતુરાઈ રાખવાં જોઇએ.

આ પ્રમાણે દાબ લેવાઇ રહ્યા બાદ પ્લાસ્ટર-પ્લેટમાં ઉપરી આવેલા વધારાના પ્લાસ્ટરને, સહેજ સુકાઇ ગયા બાદ, સીધી ધારવાળી છરીથી સરખું છોલી નાંખવું જોઇએ. તે પછી પ્લાસ્ટરને સૂકવી નાખવા માટે પહેલાં ખુલ્લી જગ્યાએ પા કે અરધો કલાક રાખ્યા બાદ ધીમા તાપથી સૂકવાય તો પ્લાસ્ટર ફાટવા બીલકુલ સંભવ નથી. પ્લાસ્ટર સૂકવવામાં સીધા તાપનો કદી યે, ભૂલેચૂકે પણ, ઉપયોગ ન કરવો; એટલેકે દાબ લીધેલી પ્લાસ્ટર-પ્લેટ નીચે સીધો તાપ ન કરવો. એમ કરવાથી પ્લાસ્ટર તડકી અથવા ફાટી જાય કે પ્લેટમાંથી આખું યે પડ ઉખડી જાય તો બધી યે મહેનત રદ થવાનો સંભવ છે. કોઇ પણ પ્રકારના તાપથી થોડે દૂર રાખી, તદ્દન ધીમી ગરમીથી, અથવા સૂર્યના તડકામાં, અથવા એક વાસણમાં રેતી ભરી તે રેતી ગરમ કરીને તેના પર પ્લેટ મૂકીને સૂકવવી. કેટલીક વાર ઉપરથી પ્લેટ સુકાએલી દેખાય છે, પણ અંદરથી ભેજવાળી હોઈ સ્ટૅમ્પ બગડે છે. માટે તેને આ પ્રકારે કોઇ પણ જાતની ગરમીથી બરાબર સૂકવવી તો જોઇએ જ. પ્લાસ્ટર આમ સુકાઇને બરાબર બંગડી જેવું થયા પછી તેને કાચકાગળ અથવા સૅન્ડપેપરથી પૉલિશ કરવું જોઇએ. પ્લાસ્ટરને આ વખતે જેટલું સારૂં પૉલિશ કરો તેટલો સ્ટૅમ્પનો અંદરનો ભાગ સારો પૉલિશવાળો અને સફાઇદાર આવશે. આમ સૅન્ડપેપર માર્યા પછી ડેક્સ્ટ્રીનના પાણીમાં બોળેલી આંગળી કે મુલાયમ પીંછી તે ભાગ પર ફેરવવામાં આવે તો સપાટી એકદમ સુંવાળી, સરખી અને સફાઇબંધ થશે.

હવે આવી રબ્બર ઉપર દાબ લેવાની ક્રિયા. આને માટે સ્ટૅમ્પિંગ મશીનનો ફરી ઉપયોગ કરવાનો આવશે, અને આ ક્રિયામાં તો મશીન ગરમ પણ હોવું જોઇએ. આને માટે પ્લાસ્ટરમાં દાબ લીધા પછી તરત જ સ્ટૅમ્પના મશીનની નીચે સ્ટવ અથવા સગડી મૂકી રાખી હોય તો ઉપલી ક્રિયા દરમ્યાન તે ગરમ થતું થાય. રબ્બરસ્ટૅમ્પ માટે મશીનની ગરમી ૨૪૮ ડિગ્રી ફેરનહીટ અથવા ૧૨૦ ડિગ્રી સેન્ટીગ્રેડ કે સેલીશિયસ અથવા ૯૬ ડિગ્રી રૂમર (Reaumur) હોવી જોઇએ. આ ગરમી માપવાના ત્રણે જુદી માપણીવાળાં થર્મોમીટરો બજારમાં તૈયાર મળે છે; પણ જો આ ત્રણ જાતમાંથી એકે જાતનું થર્મોમીટર–ઉષ્ણતામાપકયંત્ર–આપણી પાસે હાજર ન હોય તો એક સાદી કસોટી છે. મશીનની ઉપરની પ્લેટ પર પાણીનો છાંટો નાખવાથી તે તુરત વરાળ થઇને ઊડી જાય એટલું ગરમ મશીન થાય તો સમજવું કે જોઇતી ગરમી મળી ગઇ છે.

આમ મશીનને તૈયાર રાખ્યા બાદ વલ્કેનાઇઝિંગની–એટલે રબ્બરને ગરમ કરી તે પર છાપ લેવાની–ક્રિયા આવે છે. આ માટે પહેલાં તો સુકાવેલી પ્લાસ્ટર-પ્લેટ પર સ્ટૅમ્પના કાચા રબ્બરનો એક ટુકડો મૂકવો. ટુકડો મૂળ દાબના માપથી સહેજ મોટો કાપવો. સ્ટૅમ્પનું આવું કાચું રબ્બર, ગંધક અને બ્લાઇટિંગ મેળવેલું તૈયાર, $\frac{3}{32}$ ઇંચની જાડાઇના રોલરમાં તૈયાર આવે છે તે જ મંગાવીને વાપરવું. આ રબ્બરનો ટુકડો, ઉપર કહ્યા પ્રમાણે, પ્લાસ્ટર–પ્લેટ ઉપર મૂકી એક પાતળું ટિનનું પતરૂં અથવા મજબૂત કાગળ મૂકવો અને આ બધું ગરમ મશીનમાં મૂકવું. એકાદ મિનિટ આ પ્લેટો ગરમ થાય કે તરત જ ઉપરથી ધીમો દાબ કરતા જવું. એથી ત્રણ મિનિટ પછી રબ્બર પીગળવા માંડશે. જેમજેમ રબ્બર પીગળતું જાય તેમતેમ દાબને જરા જરા વધારતા જવું. આ વખતે સ્ટવ અથવા સગડી હટાવી લેવાં; નહિતો જો વધુ તાપ થઇ જશે તો રબ્બર બળી જવાનો સંભવ છે. આશરે ચારેક મિનિટ બાદ છેલ્લો દાબ જરા વધારે દેવો. આ વખતે પ્લાસ્ટરમાંથી એક જાતની ગંધ આવવા માંડશે. તે આવે કે તરત રબ્બર સાથે પ્લાસ્ટર પ્લેટને મશીનમાંથી બહાર કાઢી લેવી.

તે કાઢી લીધા બાદ ઉપરનું ટિનનું પતરું કે કાગળ (જે હોય તે) ઉચકી લઇ રબ્બરનો એક ખૂણો ચિંપીસ કે ઝીણા ચીપિયા વડે ઊંચો કરી જોવો. એમ કરવાથી તરત માલૂમ પડશે કે રબ્બર દાબમાં બરાબર ઊતરી ગયું છે કે નહિ. જો ઊતર્યું હશે તો તેના અક્ષરો સાફ દેખાશે. અને તેમ હોય તો પ્લાસ્ટરપ્લેટ પરથી હળવેથી રબ્બર ઉખેડી લઇ તેને ગરમ ને ગરમ ફ્રેંચ ચૉકના ભૂકામાં નાંખી તે પર ચાક ઘસવો અને તે ઠંડું થાય ત્યાં સુધી એ ચાકમાં જ રહેવા દેવું. ત્યાં પછી કાતરથી તેની વધારાની બાજુઓ કાપી નાખવી. આ રબ્બરસ્ટૅમ્પની પતરી તૈયાર થઇ.

આ બધી ક્રિયાઓમાં ક્યાં ક્યાં ભૂલો થવાનો સંભવ છે તે નીચે મુદ્દાવાર બતાવ્યું છે. એ બરોબર ધ્યાનમાં રાખીને તેવી દરેક જગ્યાએ સાવચેતી રખાય તો પછી નાઉમેદ થવાનો કદી વખત આવતો નથીઃ

(૧) કૅમ્પોઝમાં પહેલી ભૂલ થવાનો સંભવ છે; માટે કૅમ્પોઝને સ્ટૅમ્પ માટે તૈયાર કરતાં પહેલાં તેની પ્રુફ કાઢીને લખાણની સાથે તે બરાબર ઝીણવટથી સરખાવી જોવું.

(૨) કૅમ્પોઝ ચેનપ્લેટમાં જરાપણ હાલતું ન રહેવું જોઇએ, તેમજ અક્ષરો ઊંચાનીચા રહેવા ન જોઇએ.

(૩) પ્લાસ્ટરની પ્લેટમાંનું પ્લાસ્ટર સુકાઇ જવાની તૈયારીમાં હોય તે અગાઉ જ તે પ્લાસ્ટરમાં દાબવું જોઇએ. પ્લાસ્ટર સખત થયા પછી દબાવવામાં આવે તો પ્લાસ્ટર ફાટી જવાનો ભવ છે; તેમજ એ પ્લાસ્ટર ઘણું સખત થયું હોય તો ટાઇપોને પણ નુકસાન પહોંચાડે તેવો સંભવ છે.

(૪) પ્લાસ્ટર–પ્લેટ ઉપરનું પ્લાસ્ટર સૂકવવા માટે તેને ઘણો જ ધીમો તાપ આપવો જોઇએ, એ તો ખાસ સંભાળવાનું છે. જો જરાક પણ પ્લાસ્ટર ભીનું રહી ગયું હોય અને રબ્બર તે પર મૂકવામાં આવ્યું હોય તો એ ભીનાશની વરાળથી રબ્બર ફૂલી જાય છે અને સ્ટૅમ્પ બગડે છે; અને જો સખત તાપથી સૂકવવામાં આવે તો પ્લેટ ઉપરથી પ્લાસ્ટર ઊખડી જવાનો અથવા તરડાઇ જઇ આખો દાબ બગડવાનો સંભવ છે. માટે આ સૂકવવાની ક્રિયામાં તો ભૂલ ન જ થવી જોઇએ. પ્લાસ્ટર ઊખડી જવાનાં બીજાં કારણો પણ હોય છે. તે કારણો અને તેના ઉપાયો નીચે પ્રમાણે છે:

પ્લેટને તેલ અથવા કેરોસીન લાગી ગયું હોય તો પ્લેટ પ્લાસ્ટરને પકડે નહિ. પ્લેટ હદ ઉપરાંતના પૉલિશવાળી હોય તોપણ પ્લાસ્ટર તેના પરથી ઊખડી આવે; તેમ બીજી બાજુ પ્લેટ પર કાટનું પડ બાઝ્યું હોય તોપણ તેને લઇને કાટ સાથે પ્લાસ્ટર ઊખડી આવે. આનો ઇલાજ એ છે કે પ્લેટને તેલ કે કેરોસીન તો હરગીઝ લાગવા દેવું નહિ. તેમજ દર બીજે ત્રીજે દિવસે પ્લાસ્ટર–પ્લેટને રફ સૅન્ડપેપર કે એમરી પેપરથી સાફ કરતા રહેવું. તેથી તેની સપાટી એકદમ પૉલિશવાળી ન રહેતાં સહેજ ખરબચડી રહેશે. કાટ લાગેલો હશે તો તે પણ રફ સૅન્ડપેપરના ઉપયોગથી નીકળી જશે. કેટલીક વખતે રબ્બર મૂક્યા પછી તેનો સ્ટૅમ્પ બનાવતી વખતે પણ પ્લાસ્ટર રબ્બરને ચોંટી આવે છે. આનું કારણ પ્લાસ્ટર–પ્લેટ તદ્દન સુકાએલી ન હોય એ છે. પ્લેટ બરોબર સુકાઇ છે કે કેમ તે જાણવાની એક તદબીર છે. સુકાઇ ગએલી પ્લેટ પર છેવટે એક અરીસો ધરી જોવો. જો પ્લેટ થોડીક પણ ભીની હશે તો તેમાંથી નીકળતી ભીનાશની વરાળથી અરીસો ઝાંખો પડી જશે. આમ થાય તો સમજવું કે પ્લેટ હજુ યે વધુ સૂકવવી જોઇએ.

(૫) મશીન ગરમ રાખવા બાબતમાં પણ કાળજી રાખવાની જરૂર છે. જો ગરમી ઓછી હોય તો રબ્બર બરાબર ઓગળતું નથી; અને કદાચ ઓગળે તો અક્ષરો તેમાં સાફ ઊતરતા નથી. કદાચ અક્ષરો પણ સાફ આવે, તોપણ રબ્બર તો સફેદ અને નરમ રહેજ છે. અને આવા સ્ટૅમ્પ ઉપયોગમાં આવે ત્યારે બહુ ચાલતા નથી. રબ્બર બરોબર પાક્યું છે કે નહિ તેની કસોટી એ છે કે તૈયાર સ્ટૅમ્પના રબ્બરનો રંગ આછા સ્લેટના રંગ જેવો થવો જોઇએ; અને બીજી કસોટી એ છે કે તેમાં ટાંકણી ખોસી પાછી ખેંચી લઇએ તો ટાંકણીએ પાડેલું છિદ્ર તરત તેની મેળે જ પુરાઇ જવું જોઇએ. આ બંને કસોટીમાં પાર ઉતરે તો સ્ટૅમ્પ બરાબર થયો છે એમ માનવું. રબ્બરને જરૂર કરતાં વધારે ગરમી અપાઇ ગઇ હોય છે તો તે કાળું પડી જાય છે અને તેની જોઇતી નરમાશ નાશ પામી એકદમ બરડ અને સખત થાય છે. તેમ પણ ન થવું જોઇએ.

પ્લાસ્ટરમાં દાબ લીધેલી અને સૂકવેલી પ્લાસ્ટર પ્લેટ પણ વલ્કેનાઇઝ કરતાં (રબ્બર ઓગાળતા)

પહેલાં એકલી થોડીવાર ગરમ મશીનમાં મૂકીને તેને પણ મશીન જેટલી જ ગરમ કરી હોય અને તે પછી તે પર શંખજીરૂં કે ફ્રેંચ ચૉક ઘસીને તેનો વધારાનો ભાગ બરાબર સાફ કર્યા પછી વલ્કેનાઇઝ કરવામાં આવે તો પરિણામ ઘણું જ સારૂં આવે. રબ્બરને પણ થોડું શંખજીરૂં લગાડે તો વધારે સારૂં. એથી પાંચ કે છેવટે સાત મિનિટમાં તો રબ્બર જોઇએ તેવું પાકું થાય છે. સૌસૌને સંજોગો અને મશીન પ્રમાણે અનુભવે ચોક્કસ વખતનો અંદાજ આવી જાય છે.

(ચાલુ)

પુરુષોત્તમ દ. પટેલ

નવાં પુસ્તકો

જૈન ધર્મ: હર્બટ વૉરનના મૂળ અંગ્રેજી ગ્રંથનું ભાષાંતર; પ્રકાશક · શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર, ૧-૦-૦; **ગધેડાં:** (ઇસપનાં પાત્રો–૧) શોધનાર–ગિજુભાઈ, ચિત્રો કરનાર–સોમાલાલ શાહ, પ્રકટ કરનાર–શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર, ૦-૫-૦. **શ્રીમદ્ ભગવદ્ગીતા:** (સમશ્લોકી ગુજરાતી ભાષાંતર–મૂળ સાથે)કરનાર તથા પ્રકાશક–ન્હાનાલાલ દલપતરામ કવિ, ૨-૦-૦. **ખાખનાં પોયણાં:** (કાવ્ય) કરસનદાસ માણેક, પ્રકાશક–ઊર્મિ કાર્યાલય, ડેન્સો હૉલ, કરાચી ૦-૪-૦; **સ્મશાનમાં** (કાવ્ય) ચમનલાલ ગાંધી, પ્રકાશક–ઉપર પ્રમાણે, ૦-૬-૦; **વ્યાયામક્ષેત્ર વ શ્રીમંત મહારાજા સાહેબ** (મરાઠીમાં)લેખક–રાજરત્ન પ્રો. માણિકરાવ, પ્રકાશક–શેઠ હીરાલાલ છગનલાલ મોદી, બાજવાડા, વડોદરા, ૧-૪-૦; **સ્વામી:** શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાયના મૂળ બંગાળી ઉપરથી અનુવાદક–રમણલાલ પી. સોની, પ્રકાશક–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧-૪-૦; **નડિયાદ ગવર્નમેંન્ટ હાઈસ્કુલ સ્નેહસંમેલન સ્મારક અંક:** સંપાદક અને પ્રકાશક–મગનલાલ કે. મુલાણી, ગવર્મેન્ટ હાઇસ્કુલ નડિયાદ, ૦-૩-૦; **રાસકુંજ:** સંગ્રાહિકા–સૌ. શ્રી શાંતિબહેન ચુનીલાલ બરફીવાળા (શ્રી નરસિંહરાવ ભોળાનાથના આશીર્વાદ અને શ્રી ઝવેરચંદ મેઘાણીની પ્રસ્તાવના સાથે),બરફીવાળા લૉજ, અંધેરી, ૧-૪-૦; **નાપિત પ્રકાશ:** લેખક–પરભુભાઇ ગોવિંદભાઇ, પ્રકાશક–નારણભાઇ દાજીભાઈ નવસારી, ૧-૦-૦; **વેદીનાં ફૂલો:** લેખક–નાગરદાસ પંડયા, પ્રકાશક–ભારતી કાર્યાલય વઢવાણ સિટી, ૦-૧૦-૦; **ગીતાધ્વનિ:** લેખક–કિશોરલાલ ઘ મશરૂવાળા, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, ૦-૨-૦; **અહિંસા:** લેખક–ગાંધીજી, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦-૮-૦; **વર્ણવ્યવસ્થા:** લેખક તથા પ્રકાશક ઉપર પ્રમાણે ૦-૬-૦; **બાળકોનો પોકાર:** લેખક–રાવજીભાઇ મણિભાઇ પટેલ, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦-૮-૦; **સીતા:** (રામાયણનાં પાત્રોની માળાનો પહેલો મણકો) લેખક–નાનાભાઇ, પ્રકાશક–શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર, ૦-૪-૦; **નીલપંખી:** મૅારીસ મૅટરલિંકના 'બ્લુબર્ડ'-નો ભાવનુવાદ, ઉતારનાર–દિલીપ કોઠારી, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦-૧૪-૦; **આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય:** એમની નોંધો ઉપરથી તૈયાર કરી પ્રસિદ્ધ કરનાર–મૂળચંદ આશારામ શાહ, માધવબાગ સામે અમદાવાદ, ૧-૦-૦; **ચીન જાપાન યાત્રા:** લેખક–શ્રી ક્ષિતિમોહન સેન, પ્રકાશક–પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૦-૮-૦; **આપણાં સાક્ષરરત્નો:** લેખક અને પ્રકાશક–ન્હાનાલાલ દ.કવિ.એલિસપૂલ અમદાવાદ,૧-૮-૦.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનાં ૧૯૩૪નાં પ્રકાશનો

મિરાતે અહમદી: વૉ ૨, ખંડ ૨, અનુવાદક–કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, કિં. ૧-૦-૦; **પદાર્થવિજ્ઞાન:** (પૂર્વાર્ધ) લેખક–ધનજીભાઇ ફકીરભાઇ, કિં. ૧-૦-૦; **સમાજસુધારાનું રેખાદર્શન:** લે. નવલરામ ત્રિવેદી, કિં. ૦-૮-૦; **સગાળશાનું આખ્યાન:** સંપાદક · બ્રજરાય મુકુંદરાય દેસાઇ; કિં. ૧-૦-૦. **સંસ્કૃત નાટકો:** ભા. ૨, અનુવાદક–નર્મદાશંકર ભો. પુરોહિત, કિં. ૧-૦-૦; **પ્રાચીન હિંદમાં સંઘજીવન:** લે.–ભરતરામ ભા. મહેતા, કિં. ૧-૦-૦; **રસગંગા:** લે –વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી, સંપાદક–શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી, કિં ૦-૪-૦; **ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ:** (વિભાગ ૩) સંયોજક · હીરાલાલ ત્રિ. પારેખ, કિં. ૧-૦-૦; **ગ્રંથ** અને **ગ્રંથકાર:** (પુસ્તક પાંચમું) તૈયાર કરનાર- ઉપર મુજબ, કિં. ૧-૦-૦; **હાલના જમાનામાં સ્ત્રીઓની ફરજ:** લેખિકા–નિર્મળાબહેન કલ્યાણરાય જોશી, કિં. ૦-૪-૦; **ગુજરાતી લગ્નવ્યવસ્થા** અને **કુટુંબસંસ્થા:** લેખિકા–સૌ. સરોજિની મહેતા, કિં. ૧-૦-૦; ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો રીપોર્ટ.

પરમેશ્વર વિના પોતાનું કોઇ સંગી નથી એવી નિરાશાની ઝનૂનભરી શ્રદ્ધાથી ઇશ્વરને જ પોતાની જીવનદોરી સોંપી દઇ સ્વસ્થ જીવતર ગાળનાર

હરિના જન

અમારા ગામના લોકો પ્રમાણમાં ખરાબ નથી. હરિજનો પ્રત્યે તેઓનું વર્તન ક્રૂર નથી. તેમને તોછડાં નામે ન બોલાવતાં શિવચરણ, પ્રાણસુખ, નારાયણી એવા પૂરા નામે બોલાવે છે. પાણીનો ઘડો લઇ કોઇ ભંગીકુમાર કે ભંગીકન્યા કૂવા પાસે આવે તો પોતાનું ગમે એવું કામ હોય તોયે લોકો તેમને વધુ ટળવળ્યા વિના પાણીનો ઘડો ભરી આપે છે. લગનમાં, મેળામાં ભંગીઓ સારાંસારાં કપડાં પહેરીને ફરે તો તેમને મારતા ધમકાવતા નથી. ભંગીએ પાળેલાં જાનવરો ખેતરોમાં બગાડ કરે તો અથવા ભંગી એવો કોઇ બીજા વાંકમાં આવી જાય તો તેમને ધમકાવે, ગાળો ભાંડે, તેમના પર લાકડી ઉગામે, પણ મારે નહિ. મારે તો તે કોઇક જ વાર. આવા સારા ગામમાં પણ પ્રાણસુખની હાડમારી જાણ્યા પછી, ભંગીને જન્મને વાંકે જ તરછોડવામાં અજાણ્યે લોકોથી કેટલી ક્રૂરતા થઇ જાય છે તેની અટકળ આવે છે.

પ્રાણસુખ મધ્યમ કદનો, તંદુરસ્ત, નમ્ર સ્વભાવનો અને ઉદ્યોગી ભંગી છે. ભંગીઓને આંગણે શાળા ચાલે ત્યારે તેને ભણવાની તો હોંશ થાય જ; પણ ચોપડી લઇ વાંચવા બેસવાનો તે વખત કાઢે તો એનાં છોકરાંઓને શિરામણ ખોવું પડે. ગામડાગામમાં મ્યુનિસિપાલિટીના રસ્તા વાળવાનું કામ તો હોય નહિ. મોટા ગણાતા ખેડુતોનાં પાયખાનાં સાફ કરવાનું અને તેમનાં આંગણાં વાળવાનું પ્રાણસુખની સ્ત્રી સવારે કરી આવે અને બદલામાં દરેક ઘેરથી એકએક લૂખી રોટલી લઇ આવે. પ્રાણસુખ રોજ બેત્રણ સૂપડાં બનાવે અને તે વેચીને ચાર આના અથવા તેટલાનું અનાજ લઇ આવે. સરકટનું સૂપડું ગૂંથતાંગૂંથતાં એ શાળાના વર્ગોમાં ચાલતા કામ ઉપર ધ્યાન દે; રામાયણની કથા ને બીજી વાતો સાંભળી યાદ રાખે; કવિતા પણ થોડી થોડી યાદ કરી લે; અને ગણિતમાં તો પૂરેપૂરૂં ધ્યાન આપે. સાંજ સવાર વખત મળે ત્યારે નાની નાની છોકરીઓ પાસેથી 'ક', 'ખ' વાંચતાં પણ એ શીખે.

ગામમાં મૅલેરિયા ચાલ્યો. પ્રાણસુખને યે હાડકાં ભાંગી નાખનારી ટાઢ ચડીને તાવ આવ્યો. પહેલે દિવસે તો તાવમાંને તાવમાં તેણે પોતાનું કામ કર્યે રાખ્યું. એક દિવસ ત્રણ સૂપડાં બનાવવાનું છોડે તો તેના ચાર આના જાય. ત્રીજે દિવસે તેને અને તેની સ્ત્રીને બેયને કડકડીને ટાઢ ચડી. ભઠ્ઠી સમો તાવ આખી રાત રહ્યો. પ્રાણસુખે 'ખાદી કોઠામાં' જઈ કડવી દવા લીધી અને ઘડીકમાં સૂઇને તથા ઘડીકમાં બેસીને બેને બદલે એક જ સૂપડું બનાવ્યું. તેને પોતાના કરતાં સ્ત્રીની ચિંતા વધુ હતી. અધૂરામાં પૂરૂં તેના દીકરા અને દીકરીને પણ તાવ શરૂ થયો. ઘરમાં ચારે જણ માંદાં! ક્વિનાઇન લીધા છતાં પ્રાણસુખને ત્રીજીવાર એકાંતરિયો તાવ આવ્યો. નિશાળ ચાલતી હતી એ લીમડા નીચે તે ગોદડામાં પોટલું થઇ પડયો હતો ને 'વોય' 'વોય' કરતો હતો. આજે તેની હિંમત તૂટી ગઈ હતી. તે કહેતો હતો કે 'હવે જો ફરી વાર તાવ આવશે તો હું જીવતો નથી રહેવાનો. મારી નસેનસ ફાટતી હોય એમ લાગે છે.' છતાં જેટલી બને તેટલી હિંમત એકઠી કરી તે ધીરજપૂર્વક તાવ ઊતરવાની રાહ જોતો હતો. આ તાવ ઊતર્યા પછી તેણે પૂરતી દવા લઇ તાવ કાઢવાનો નિશ્ચય કર્યો અને પહેલી વારના કરતાં બમણા પ્રમાણમાં તેણે કડવી કડવી દવા લીધી.

ચોથી વાર તાવ આવવાનો દિવસ હતો. પ્રાણસુખનું માથું ભમતું હતું. જમીન પર પગ માંડતાં તે લથડી પડતો હતો. પણ ઘરમાં હાંડલાં ખાલી હતાં. આઠ આઠ દિવસ સુધી તે પોતાનાં સૂપડાં વેચવા જઇ શક્યો ન હતો. ઘરમાં ઘઉં કે ચોખાનો દાણો ન હતો; પાસે પાઇ ન હતી. સ્ત્રી ને બાળકો બધાં ખાટલાવશ હતાં. તેમનું દુઃખ પ્રાણસુખથી સહ્યું જાય એમ ન હતું. પોતાના ભત્રીજા, પિતરાઇ અને જેના પર નજર પડી તે પડોશીને દયામણે સાદે તેણે પૂછી જોયુંઃ 'ભાઇ,

મને તાવની વારી છે, તો ગુજરીમાં જઇ તમે મારૂં આટલું કામ ન કરી દો? મારાં સૂપડાં વેચી અનાજ ન લાવી આપો?' પણ સૌ પોતપોતાનામાં પડ્યું હતું. એને માટે આખો દિવસ ભાંગી પોતાનું કામ કોણ રખડાવે? કોઇને તાવ હતો, કોઇનાં જનાવર તરસ્યાં હતાં, કોઇને બજારમાંથી પોતાનો જ એટલો સામાન લાવવાનો હતો કે પ્રાણસુખ પર પરોપકાર કરવાનું મન થાય તોય તે કરવું શક્ય નહોતું.

છેવટે તે પોતે જ ઊપડ્યો. જે ગામમાં મોટી ગુજરી ભરાય છે તે ગામ અમારા ગામથી ત્રણ સાડા-ત્રણ માઇલ દૂર છે. રસ્તો ખેતરોમાં થઇને જાય છે. વચ્ચે વચ્ચે ક્યાંક મોટાં ઝાડનો છાંયડો મળે, પણ મોટે ભાગે ભાદરવાનો કારમો તડકો માથે વહોરવો જ પડે. લોકો બપોરે બેત્રણ વાગ્યે ઘેરથી નીકળી સૂર્યાસ્ત પહેલાં તો ગુજરીમાં જઈ પાછા આવી જાય. પરંતુ તાવથી સાવ નબળા પડી ગએલા પ્રાણસુખના શરીરમાં ચાર કલાકમાં ત્રણ માઈલ જઇને ત્રણ માઇલ પાછા આવવાની શક્તિ ન હતી. તેણે અગમચેતી વાપરી અને તાવ આવવાનો વખત થયા પહેલાં આઠ વાગ્યામાં જ ગુજરીવાળે ગામ જવાનું નક્કી કર્યું. ટોપલો તથા સૂપડાં લઇ તે રવાના થઇ ગયો.

ગુજરીને બીજે દિવસે શાળા વખતે પ્રાણસુખને ધમકાવીને હાજરી લેવામાં આવી: 'અલ્યા ભાઇ, તમારી બુદ્ધિ સાવ બહેર કેમ મારી ગઇ છે? કાલે એટલી બધી તાવની દવા લીધી હતી અને તાવનો વારો હતો છતાં તડકે ગુજરીએ ગયા?—આમ ફરી હાથે કરી માંદા પડવું હોય તો દવા શા માટે લઇ જાઓ છો?'

પ્રાણસુખે જવાબ આપ્યો: 'શું કરૂં? મારે તો ઘણું યે નહોતું જવું, પણ પરાણે જવું પડયું. હું ન જાત તો ઘરમાં બધાં ભૂખે મરત. છોકરાઓને (પોતાના ભત્રીજાઓને) કહ્યું પણ કોઇ ગુજરીએથી સામાન લાવી આપવા તૈયાર ન થયું.'

'દવાએ કંઇ અસર કરી ખરી? કાલે તમને તાવ તો જરાયે નહોતો ને?'

'તાવ? તાળવું ફાટી જતું હતું! એટલો તાવ હતો. મેં ધાર્યું કે દવા લીધી છે એટલે તાવ જરા મોડો આવશે ને થોડોયે આવશે. પણ એ તો બરાબર ટાણાસર આવીને ઊભો. દસ વાગ્યા ન વાગ્યા ત્યાં તો ટાઢ એવી ચડી કે ગુજરીમાં જ એક ઝાડ નીચે ટૂંટિયું વાળી પડ્યો. પાણી આપનારૂં યે કોઇ ન હતું. રખેવાળ એક ભલો ભગવાન હતો. દોઢેક કલાકે ટાઢ ઊતરી ત્યારે જેમતેમ કરી ઢસડાતે ઢસડાતે સૂપડાં વેચ્યાં અને દાણો ખરીદ્યો. પણ ભર્યા તાવમાં એટલો બધો ભાર ઉપાડયો કેમ જાય? ગુજરીમાંથી નીકળીને છાંયડે મારાથી બેસી પડાયું. ઘણું યે મન કરૂં, પણ ઊભું થવાય જ નહિ. ત્યાં થઇને આપણા ગામનું જે નીકળે તેને કહું "ભાઇ, બાપા, આટલો ટોપલો લઇ ચાલોને? હું ઘેરે નહિ પહોંચું તો બાળકો બીચારાં ભૂખ્યે ટળવળશે." કલાકોના કલાકો સુધી બેસી રહ્યો. કોઇને કરગરવાનું બાકી ન રાખ્યું. તાવ તો વધુ ને વધુ ધખ્યે જ જતો હતો. બધા યે મારી સામું જુએ પણ જોઇજોઇને ચાલતી પકડે. અમ ભંગી પર દયા કેની?

મેં જોયું કે મારા કાલાવાલા કંઇ કામ આવવાના નથી; કોઈ ટોપલો ઉપાડી દેવાનું નથી; પોતાનું પોતે જ ફોડી લીધે છૂટકો છે. જીવીએ કે મરીએ, વા'લાને કરવું હશે તેમ થાશે. એમ કહી ભગવાનનું નામ લઇ મારામાં જેટલું બળ હતું એટલું કરી ટોપલો માથે મૂકી હું ચાલી નીકળ્યો. અહીં સુધીનો દોઢ ગાઉ કેમ કાપ્યો એ ફક્ત હું ને મારો પરમેશ્વર જાણીએ છીએ. ચાર છ વાર તો રસ્તે લોથ થઇ પડ્યો. એમ જ કહોને કે જમીન પર આળોટતો આળોટતો માંડ ઘર ભેગો થયો છું! ભગવાને જ બાળકોનું મોઢું ફરી દેખાડ્યું! અમ રાંકની સામું એના વિના બીજું કોણ જોનાર હતું, લા?

આ બધું લખાણ પ્રયત્નપૂર્વક કરવું પડ્યું છે. પણ પ્રાણસુખના આ નિસાસા એટલા સ્વાભાવિક હતા કે એ સાંભળતાં જ હૈયું પીગળીને પાણી થઇ જતું હતું. આટલી વાત કરી તે પોતાનું સૂપડું ગૂંથવા મંડ્યો ને એ વાત સાંભળનાર વિચારમાં પડ્યો. એ વિચારમાં બે મુદ્દા સ્પષ્ટ હતા:

૧ પ્રાણસુખ ભંગી હોવાના ખબર જો લોકોને ન હોત તો તેને એવડી મોટી ગુજરીમાંથી કોઇ જરા પણ મદદ કરનારૂં ન મળે એવું બનત ખરૂં?

૨ ભજનો અને શ્લોકો લલકારતા રહેનારા આપણે આસ્થાવાળા કે રામને પોતાની જીવનદોરી પૂરેપૂરી સોંપી દઇ સ્વસ્થ રહેનાર આ હરિજન પ્રાણસુખ?

પ્રભુદાસ છગનલાલ ગાંધી



સોમનાથ સલાટ

મારું મકાન ચણાતું હતું ત્યારે સોમનાથ હમેશાં મારે ત્યાં ઘડવા આવતો. એ જાડું પહેરણ ને નેનકલ કની પાઘડી પહેરતો. ટાંકણાં ને હથોડી આવે ત્યારે સાથે લેતો આવતો. સોમનાથ સલાટ હતો.

સોમનાથ જ્ઞાતિએ તો બ્રાહ્મણ, પણ ધંધો સલાટનો કરે. પથ્થર ઘડે ને મકાન ચણે એટલે અમે બધા એને સલાટ કહેતા. એમની નાત તો સોમપુરા બ્રાહ્મણની.

સોમનાથ આવીને ચલમ ભરે ને ધુમાડાના થોડાક ગોટા કાઢે ત્યારે એને બરાબર મજા પડે. સોમનાથ કહેશે કે હવે ઠીક તમાકુ સળગી છે. તે પછી એ ચાર લાંબા દમ મારે–તે ઠેઠ કાંકરા સુધી ખેંચી જાય. તમાકુ બધી બાળી નાખે. સોમનાથ બંધાણી હતો.

સોમનાથ પછી સરસ મજાનો પથ્થર લે, કાટખૂણો મૂકે ને માપ કાઢે. ઘડીક વિચાર કરે તે પછી તો એનાં ટાંકણાં ને હથોડા, ધડાધડ ફડદાં કાઢી નાખે. એનો હાથ એવો ફરે કે બે ઘડી જોઇ રહીએ. ઘડી વારમાં તો એમાંથી ઘાટ નીકળે. આપણે તાકી રહીએ ને એના હાથ રમતા હોય એમ ફરે. એટલામાં સરસ પૂતળી કંડોરાઇ જાય. જાણે જીવતી જાગતી કોઇ છોડી ઊભી હોય એવું સરસ એ કામ કરે. સોમનાથ શિલ્પી હતો.

સોમનાથ પછી એમાં કલ્પનાના રંગ પૂરે; જાત-જાતની રેખાઓ ઉપસાવે ને નસેનસ તરી નીકળે. એવી સરસ કોરણી કરે કે લોકો જોઇને બે ઘડી મોમાં આંગળાં ઘાલી જાય. સોમનાથ કલાકાર હતો.

સોમનાથ પૂતળાં કોતરે, ઘાટ ઘડે, થાંભલા ને જાળીઓમાં કોતરકામ પણ સુંદર કરે. એની કળા ચોતરફ વખણાય. નવા મકાનમાં શોભા કરવાની હોય તો સોમનાથ પહેલો. થાંભલીઓ ઉપર બેસાડવા પૂતળીઓ કે અગાશીમાં ચોડવા જાળી તો સોમનાથ-ના જ શોભે. લોકો સોમનાથને મોં માગ્યા પૈસા આપે. સોમનાથ હુન્નરી હતો.

પ્રદર્શન ભરાય ત્યાં યે એનાં પૂતળાં ખપે. મેળામાં એની કારીગરી માટે લોકો પડાપડી કરે, ને જેટલો માલ હોય એટલો બધો ખપી જાય. ગણપતિ પણ એ મજાના બનાવે. નવરો પડે ત્યારે ખલો પણ ઘડે. ઘડતર ને કોતરણી કરવા સોમનાથ બેસે ત્યારે જાણે બ્રહ્મા દુનિયાનું સર્જન કરવા બેઠા! સોમનાથ શિલ્પ-કળામાં પાવરધો હતો.

વળી વારતહેવારે સોમનાથ છોકરાંઓ ભેગાં કરે, તેમને રમાડે ને કોઈ સુંદર છોકરી કે છોકરાનું મોં બરાબર નિરખી નિરખીને જોઇ લે, અને પછી એવો જ ઘાટ આબેહૂબ ઉતારે. ચિતારાની પીંછી સાથે એનું ટાંકણું હરીફાઇમાં ઊતરે એવું. પણ એ કોઇથી ગાંજ્યો જાય નહિ. સોમનાથ એની કળામાં બીનહરીફ હતો.

સોમનાથ સાંજ પડે એટલે વિશ્વકર્માના મંદિરમાં દર્શને જાય, ઘેર આવી વાળુ કરે ને મોડે સુધી રામ-કથા વાંચે. આડોશીપાડોશી સૌ ભેગાં મળી કીર્તન ગાય ને મોડી રાતે વીખેરાય. સોમનાથ ભગત હતો.

સોમનાથ ગયો પણ એનાં પૂતળાં હજુ યે લોકોમાં નવા પ્રાણની પ્રેરણા પૂરે છે. એની કારીગરી ઘરની શોભા વધારે છે. ઘર છે–પૂતળાં છે ત્યાં સુધી લોકોના હૈયામાં સોમનાથ જીવતો જાગતો છે.

મનુભાઈ જોધાણી

કેમ જાણું ?

રેતીના રણમાં ક્યાંથી આ નીકળી
પાણીની વીરડી મીઠી રે...કેમ જાણું?
મારા જીવનના વેરાન વનમાં
શાળી મેં છાંયડી દીઠી રે...કેમ જાણું?
મેં તારી બદલી, તેં મારી બદલી
થોડા દા'ડા અંગુઠી રે...કેમ જાણું?
ભાઇ રે ભાઇ મને ભૂલી ના જાતો
જે'દિ ચોળાય તને પાઠી રે...કેમ જાણું?

પ્રેમશંકર ભટ્ટ



મધુકરી

કાર્લાઇલ

એનું નામ પરદેશી છે, એનું જન્મસ્થાન પર મુલકમાં છે, પણ એના વિચારો ભારતવર્ષના ઋષિમુનિઓના જેવા છે; એનું માનસ હિંદુસ્તાનનું માનસ છે. અંગ્રેજ ગ્રંથકારોમાં તેનું સ્થાન આગળપડતું છે. તે ઇતિહાસકાર અને ટીકાકાર છે, પણ બીજા ઇતિહાસકારોથી તે જુદો પડે છે. એનો ઇતિહાસ વીરરસપ્રધાન કાવ્યો જેવો છે. તત્ત્વવેત્તાના સાચા અર્થમાં તે તત્ત્વવિજ્ઞાની નહોતો, પરંતુ તેના સાધુ-જીવન પરથી તેને તત્ત્વવેત્તાનું નામ મળ્યું છે. એ મહાપુરુષનું નામ ટૉમસ કાર્લાઇલ.

સ્કૉટલંડના ઍક્લેફેચન ગામમાં ઇ.સ. ૧૭૯૬માં કાર્લાઇલનો જન્મ થયો હતો. રંક માતાપિતાએ તેને સારૂં શિક્ષણ આપ્યું. એડિન્બરોના વિશ્વવિદ્યાલયમાં તેણે અભ્યાસ કર્યો હતો. એ વિશ્વવિદ્યાલય સંબંધી તેના વિચારો સારા ન હતા. ઓગણીસમે વર્ષે તેણે અભ્યાસ પૂરો કર્યો અને ત્યાર પછી નોકરીને માટે ધર્મશાસ્ત્રનો અભ્યાસ આદર્યો. પણ તે ક મને, કેમકે તેના સ્વતંત્ર માનસને નોકરી તરફ મૂળથી જ તિરસ્કાર હતો.

રંક સ્થિતિને લીધે વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ આપીને તેમાંથી તેને નિર્વાહ કરવો પડતો. ધર્મગ્રંથોના અભ્યાસ સાથે જર્મન ભાષાનો અભ્યાસ પણ તેણે ચાલુ કર્યો. કેટલોક વખત તો એ પ્રમાણે ચાલ્યું, પણ ત્યાર પછી તેણે શિક્ષકની જગ્યા સ્વીકારી. નોકરી તરફ અણગમો તો હતો જ, અને તેમાં વળી પંતુજીનું કામ મળ્યું એટલે તો તેના ત્રાસની સીમા જ ન રહી. જેમતેમ કરીને તેણે બે વર્ષ કાઢ્યાં અને ઇ.સ. ૧૮૧૮માં એ ધંધાને તેણે તિલાંજલિ આપી.

હવે તેણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો; પરંતુ થોડા જ વખતમાં એ અભ્યાસ પણ છોડી દીધો અને એક મિત્રની ભલામણથી બુલર નામના સદ્‌ગૃહસ્થને ત્યાં તેના છોકરાના ખાનગી શિક્ષક તરીકેનું કામ હાથમાં લીધું. અહીં નવરાશના વખતમાં જર્મન ભાષાનો અભ્યાસ તેણે ખૂબ વધારી દીધો. જર્મન ગ્રંથકારોની તેના ઉપર ઘણી સારી છાપ પડી. મહાકવિ ગટીનો તો એ શિષ્ય બની રહ્યો.

ઓગણત્રીસ વર્ષની ઉમરે બુલરના કુટુંબની સાથે કાર્લાઇલ લંડન ગયો. આજ સુધી તેણે સ્કૉટલંડની સરહદ બહાર પગ મૂક્યો નહોતો. તેનું જ્ઞાન વિશાળ હતું, તેનું વાચન અને ચિંતન અગાધ હતાં, જર્મન ફ્રેંચ અને અંગ્રેજી ભાષામાં તેણે ઘણી નિપુણતા મેળવી હતી, છતાં વિશાળ જગતનું તેનું જ્ઞાન કંઇ જ નહોતું. લંડન આવ્યા બાદ થોડા જ દિવસમાં તેણે બુલરની નોકરી છોડી દીધી અને પોતાની બુદ્ધિમત્તા તથા લેખનશક્તિ ઉપર જીવનનિર્વાહ ચલાવવાનો નિર્ણય કર્યો.

ઇ.સ. ૧૮૨૫માં ડૉક્ટર વેલ્સ નામના એક સ્કૉચની પુત્રી જેન્સ વેલ્સ સાથે તેણે લગ્ન કર્યું. ક્રેજનપેટૉક નામના ગામમાં એક ઘર અને થોડી જમીનની ભેટ રંક કાર્લાઇલને સસરા તરફથી મળી અને તેનું ગૃહસ્થજીવન શરૂ થયું. પણ એ સ્થળ અતિ ત્રાસદાયક હતું. જેની એકએક માઇલ ફરતી વસ્તી જ ન મળે એવા ઘરનો વાસ વનવાસ નહિ તો બીજું શું કહેવાય? પરંતુ ગરીબીને લીધે કાર્લાઇલે એ વનવાસ પણ હસતે મુખે વધાવી લીધો. તેની સ્ત્રી પણ સહન-

તોય મા તે મા!

અપમાનિતા અપયશવતી તું: તોય મા તે મા!
પરવશ પરાજિત લથડતી તું: તોય મા તે મા!

તુજ પરાજયની ધૂળને
ધરશું અમારે મસ્તકે
ચરણો વીંધાયલ કટકે.
ચૂમી લઇશું મા!

મધરાત મારગમાં પડી
આકાશ ઝીંકે છે ઝડી
તું મૂર્છિતા ને આંધળી
દોરી જઇશું મા!

તુજ ખોળલા ભરિયલ હતા
ત્યાં લગી મીઠા લાગતા:
ખાલી પડી! આપી ખતા
ચાલ્યા ન જાશું મા!

ચાલ્યા જનારા છો જતા!
અણસમજના શા ઓરતા!
પણ તને ઠોકર મારતા
કયમ જવા પામે મા?

તું તો નવલ યુદ્ધે ચડી:
આલમ બધી જોવા ચડી:
તે સમે તારી ઠેકડી
કપુતો જ કરશે મા!

હીણાયલી રોળાયલી તું: તોય મા તે મા!
જે હતી તેની તે જ છે તું: દિલ અમારે મા!

(જન્મભૂમિ)

શીલતાનો નર્યો અવતાર હતી. તે બુદ્ધિમાન અને શિક્ષિત હતી. કાર્લાઇલના ઉગ્ર મિજાજને સાચવીને પોતાની રંક દશામાં પણ તેણે એક આદર્શ આર્યપત્ની જેવું જીવન જીવી બતાવ્યું છે.

અહીં સ્થિર થયા પછી કાર્લાઇલે સ્કૉટલંડના વિખ્યાત સાહિત્યપત્ર 'એડિનબરો રિવ્યુ'માં નિબંધો લખવાનું શરૂ કર્યું. 'જીન પૉલ' નામના જર્મન ગ્રંથકાર વિષે તથા જર્મન વાઙ્મયની આધુનિક સ્થિતિ ઉપર એમ બે નિબંધ તેણે લખ્યા. એના વિચિત્ર મતો અને વિલક્ષણ લેખનશૈલીથી તેનાં એ લખાણ લોકોમાં રુચિકારક ન નીવડયાં. રિવ્યુનો સંપાદક જેફ્રે કાર્લાઇલની વિદ્વત્તાથી અજાણ નહોતો; પણ લોકોની રુચિ પ્રમાણે જ કાર્લાઇલે લખવું જોઇએ અને તેમ કરે તો જ તેનું લખાણ સર્વત્ર પ્રિય થઇ પડે એવો તેનો મત હતો. કાર્લાઇલ નવો રસ્તો પાડતો હતો અને તેથી તરંગી, ગાંડો, જગતની વિરુદ્ધ બડબડાટ કરનાર વગેરે નામોથી લોકો તેને નવાજતા. આવી પરિસ્થિતિ હોવાથી તેની આર્થિક સ્થિતિ હમેશાં સંકડામણમાં જ રહેતી. એક વખત તો તે છેક નિરાધાર બની ગએલો, પરંતુ એવા વખતમાં પણ તેણે જેફ્રેની ૧૦૦ પાઉન્ડની ભેટ સાભાર પાછી વાળી હતી પોતે રંક હતો પણ બીજા પાસેથી દાન માગતાં કે લેતાં તેના કંઠે પ્રાણ આવતા. બીજાને આપવું એ હા, પણ ઉદરને માટે ભિક્ષા માગવી કે મફતનું સ્વીકારવું એ એને મન અતિ નીચ કૃત્ય હતું. તે કહેતો કે આ સો પાઉન્ડ આકાશમાંથી પડયા હોત તો હું દારિદ્રયમાંથી છૂટત; પરંતુ દાન તરીકે કંઈ પણ લેવાનું તો હું મરણાન્તે યે ન સ્વીકારું. આવી તંગ સ્થિતિમાં થતા આ લેખનકાર્ય ઉપર પણ તે પોતાના બે ભાઇઓને પોષતો હતો. લોકોની રુચિ અનુસાર લખવાનું તેને પસંદ નહોતું એટલે એની આવક પણ અસ્થિર હતી. આ કસોટીના સમયમાં તેનું સાંત્વન એકમાત્ર સાધુપુરુષોનાં ચરિત્રોનું મનન હતું. તે લખે છે કે ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા ન રાખવાથી જ આપણે દુ:ખી થઇએ છીએ. સૉક્રેટીસ પણ ગરીબ હતો; છતાં એક સંતોષના સાધનથી તે પૂર્ણ સુખી હતો. ઈશ્વર પર બધો બોજો ફેંકી દઇએ તો પછી મનઃસંતાપ શા માટે થાય ?

હવે તે લંડન જવાના નિશ્ચય પર આવ્યો. એનો 'સાર્ટર રિઝાર્ટસ' નામનો સુપ્રસિદ્ધ ગ્રંથ તેણે એ વખતે પૂરો કર્યો હતો. એ પુસ્તકના એને ઘણા પૈસા મેળવવાની આશા હતી. પણ લંડન પહોંચ્યા પછી તેને નિરાશા જ મળી. કોઇને તેના તરફ દષ્ટિપાત કરવાનું પણ યોગ્ય લાગ્યું નહિ! આમ એનો એક મહાન ઉદ્દેશ નિષ્ફળ ગયો; પરંતુ આ વેળા મોટામોટા ગ્રંથકારો સાથે તેને પરિચય થયો અને છુટક લેખનકાર્ય પણ મળવા લાગ્યું. ધીમેધીમે તેની દરિદ્રતા કમી થતી ગઇ. પણ માંડ ગાડું ચીલે ચડયું ત્યાં ઈ.સ. ૧૮૩૨માં તેના પિતાનું અવસાન થયું એટલે તેને વતનમાં પાછા ફરવાની ફરજ પડી.

મહાપુરુષોનું પોષણ વતનમાં કદી થતું જ નથી. ચાર માસની ટૂંકી મુદતમાં જ તે એડિનબરોથી કંટાળી ગયો અને



ફરી ક્રેજનપટૉક ગયો. એ સ્થાનમાં એક વર્ષ સુધી તેણે વાચન-વ્યવસાય કર્યો. એ જ્ઞાનસંચય તેને પોતાના ભાવિ લેખનકાર્યમાં ઘણો મૂલ્યવાન થઇ પડયો. આ નિવાસ દરમિયાન પ્રખ્યાત અમેરિકન લેખક એમર્સન યુરોપના પ્રવાસે આવેલો. કાર્લાઈલનાં લખાણોએ એમર્સનનું આકર્ષણ કર્યું હતું, એટલે સ્કૉટલંડના એક અજ્ઞાત ખૂણામાં તે વસતો હતો છતાં અનેક સંકટો વેઠીને પણ એમર્સન ત્યાં તેને મળવા આવ્યો. બંને વચ્ચે ખૂબ વાતચિત થઇ અને જીવનપર્યંતની મિત્રાચારી બાંધી તે છૂટા પડ્યા.

ઇ.સ. ૧૮૩૪માં કાર્લાઈલ ફરી લંડન ગયો અને પોતાનું અત્યુત્તમ પુસ્તક 'સાર્ટર' એક માસિકમાં છુટકછુટક પ્રસિદ્ધ કરવા માંડયું. પણ લોકો એ પુસ્તકને અતિ ક્ષુદ્ર ગણતા હતા; અને તે પૂરૂં છપાઇ ગયું ત્યાર પછી તો કાર્લાઈલની ઉદ્ધત, ગાંડા અને તરંગીમાં ગણના થવા લાગી. આવાં ગહન પુસ્તકોની પણ એ વખતે આવી દશા હતી!

પરંતુ જગતની ઉપેક્ષા કરનાર આ નિસ્પૃહી અને મહાન નરની પિછાન ઇંગ્લંડના મોટા પુરુષોને હવે થઈ ચૂકી હતી. પણ આર્થિક લાભ માટે કાર્લાઈલ તેમની ખુશામત કરે એવો નહોતો. આવા નિર્ભય અને સ્વતંત્ર મિજાજના નરને એ લોકો સાથે કેવી રીતે બને? વિચારસ્વાતંત્ર્ય ગુમાવીને દાસ્ય સ્વીકારવું પડે તેમ હોવાથી તો તેણે વર્તમાનપત્રોના પગારદાર લેખક થવાનું પણ માંડી વાળ્યું, અને અનેક સંકટોની વચ્ચે જીવનનિર્વાહ ખેડતો રહ્યો. છતાં પોતાનું કથન તો તેણે બેધડક કહેવાનું ચાલુ જ રાખ્યું. કોઇપણ ભોગે આપણે આપણું કથન લોકો સમક્ષ રજુ કરવું જોઇએ અને વર્ષોને અંતે પણ લોકોએ તે સાંભળવું જ જોઇએ એવો એનો દઢ મત હતો.

ઇ.સ. ૧૮૩૭માં એનું વિખ્યાત 'ફ્રેંચ રેવોલ્યુશન'નું આખું પુસ્તક તેણે લખી નાખ્યું. પણ તે છપાવવાના પૈસા તો હતા

નહિ. એટલામાં તેના મિત્રમંડળે તેની પાસે વ્યાખ્યાનો અપાવીને એક સારી રકમ એકઠી કરી આપવાની ગોઠવણ કરી. 'જર્મન વિદ્વાનો' ઉપર કાર્લાઇલે છ વ્યાખ્યાનો આપ્યાં. લોકો ખુશ થયા. કાર્લાઇલને યોગ્ય રકમ મળી. પુસ્તક છપાયું અને મોટા લોકોને પણ એ પુસ્તકની વાહવાહ બોલવી પડી. મેકૉલે આદિ અભિમાનીઓની જીભ બંધ થઇ ગઇ અને તેની યોગ્યતાનો બધાને સ્વીકાર કરવો પડ્યો. પુસ્તકપ્રકાશકો હવે તેની સાથે નરમાશથી વર્તવા લાગ્યા. કાર્લાઇલનો દિવસ ફર્યો અને ત્યાર પછી તેણે લેખનને જ પોતાના નિશ્ચિત ધંધા તરીકે સ્વીકાર્યો.

વિભૂતિપૂજા પરનાં તેનાં વ્યાખ્યાનોથી લોકો તેના તરફ પૂજ્યભાવની લાગણીથી જોવા લાગ્યા અને ઇ.સ. ૧૮૪૧માં એડિન્બરો વિશ્વવિદ્યાલયના ઇતિહાસના અધ્યાપક થવા માટે તેને વિનતિ કરવામાં આવી. કાર્લાઇલ જેવા પ્રોફેસરને સાંભળવાનું વિદ્યાર્થીઓ અંતઃકરણથી ઇચ્છતા. પાંચસાત વરસ ઉપર આ વિનતિ આવી હોત તો તેણે આ જગ્યા સ્વીકારી હોત; પણ હવે તો તેને પૈસાની ઝાઝી દરકાર રહી નહોતી એટલે એ માગણીનો તેણે અસ્વીકાર કર્યો.

ઇ.સ. ૧૮૪૫માં ક્રૉમ્વેલ વિષેનું તેનું પુસ્તક પ્રસિદ્ધ થયું. એ પુસ્તકને લોકોએ એટલો સારો આવકાર આપ્યો કે અલ્પ સમયમાં તેની ત્રણ આવૃત્તિઓ બહાર પડી. ૧૮૬૧માં પોતાના મિત્ર સ્ટર્લિંગનું જીવનચરિત્ર તેણે લખ્યું. ૧૮૫૧માં ફ્રેડરિક ધ ગ્રેટનું ચરિત્ર લખવાનો સંકલ્પ તેણે કરેલો; પણ એ કામ સુગમ નહોતું. તે વખતે એની ઉમર ૫૬ વર્ષની થવા આવી હતી અને પ્રવાસ તથા પુસ્તકોના ઢગ ઊથલાવવાની આવશ્યક્તા હતી. છતાં એક વાર નક્કી કરેલું કાર્ય પૂરૂં કરવું જ એવો તેનો સ્વભાવ હતો. એટલે વૃદ્ધાવસ્થા છતાં એ જમાનામાં પણ તેણે બે વખત જર્મનીનો પ્રવાસ ખેડચો, અપાર સામગ્રી એકઠી કરી અને ઈ.સ. ૧૮૫૭ થી ૧૮૬૪ સુધીમાં છુટકછુટક ત્રણ ભાગ પ્રસિદ્ધ કર્યા. આ પુસ્તકના પરિશ્રમ સંબંધી લખતાં તે કહે છે કે 'એ લખતાં હું અધમૂઓ થઇ ગયો હતો.' તેનાં સર્વ પુસ્તકોમાં એ અત્યુત્તમ ગણાયું. તેની અનેક આવૃત્તિઓ ખપી ગઇ અને જર્મન ભાષામાં પણ તેનું ભાષાંતર થયું.

આજ સુધી જે વતને તેનો ઉપહાસ કર્યો હતો તેણે—સ્કૉટલંડે પણ હવે તેની કદર કરી. એડિન્બરો યુનિવર્સિટીએ તેને 'રેક્ટ' ની માનવંતી પદવી આપીને પોતાની ભૂલ સુધારી.

કાર્લાઇલને ત્યાં હવે લક્ષ્મીની રેલંછેલ થવા માંડી. પણ એ બધા પૈસાની તેને ઝાઝી જરૂર રહી નહોતી. રંક અને ભિખારીઓમાં તે પોતાની આવકનો ઘણો ભાગ ખરચતો. ગુપ્ત દાનમાં પણ તે પુષ્કળ ધન આપતો, પરંતુ જાહેર ફંડોમાં નામના મેળવવા માટે તે કદી પણ પૈસા ભરતો નહિ! પોતાની પત્નીના અવસાન પછી ક્રેજનપૅટૉકમાંનું પોતાનું ઘર અને ખેતર પણ તેણે એડિન્બરો યુનિવર્સિટીને આપી દીધાં અને એ આવકમાંથી ગરીબ વિદ્યાર્થીઓને માટે સ્કૉલરશિપો સ્થાપી આપી. તેનો કાર્યક્રમ કોઈ ઋષિ જેવો હતો. કેટલા યે દુઃખીઓની મૂંઝવણો તેણે દૂર કરી હતી. કોઇ પૈસા માગે અને કાર્લાઇલ ન આપે એ તો બને જ નહિ. જોકે આથી ઘણી વાર લુચ્ચા મનુષ્યો પણ તેની ઉદારતાનો ગેરલાભ લઈ જતા; પણ તેમની તેણે કદી પરવા કરવા કરી નથી કે તેમની તરફ ક્રોધ સરખો યે દર્શાવ્યો નથી.

કાર્લાઇલને આડંબર અને તમાશાની ઘણી જ ચીડ હતી. એકવાર ડ્યૂક ઑફ વેલિંગ્ટનની સ્મશાનયાત્રાના ભવ્ય ઠાઠમાઠમાં વિશાળ માનવમેદની જામવાથી બે બાઇઓ છૂંદાઇને મરણ પામી. એ પ્રસંગે તેનો તિરસ્કાર ભભૂકી ઊઠયો. એ બોલ્યો: 'ઇંગ્લંડને દુઃખ થાય છે તે દર્શાવવા માટે આવા પ્રદર્શનની શી જરૂર છે? દુઃખી મનુષ્ય તે રસ્તામાં નાચતા કુદતા ફરે કે ઘરમાં મૌન રાખીને બેસે? આવા શોક પ્રસંગે મેળા ભરીને નિર્દોષ સ્ત્રીઓના પ્રાણ લેવામાં શી શોભા છે?'

ઈ. સ. ૧૮૭૪માં જર્મન સરકારે તેને 'ઑર્ડર ઑફ મેરિટ'ની એક ગૌરવસૂચક ઉપાધિ આપી. આ ઉપાધિ કેવળ જર્મનીના કલ્યાણ માટે તનતોડ મહેનત કરનારને જ આપવામાં આવતી હતી. ખુદ રાજકુટુંબનાં માણસોને પણ મહાન કાર્ય કર્યા સિવાય તે મળતી નહોતી. આવું અસાધારણ માન મળવાનું હોવાથી તેણે એ ઉપાધિનો સ્વીકાર કર્યો. પછી તો જર્મનીનું અનુકરણ કરીને બ્રિટિશ સરકારને પણ તેને ઉપાધિ આપવાની ઇચ્છા થઇ આવી. પણ કાર્લાઈલને તે પસંદ નહોતી તેથી નમ્રતાપૂર્વક તેણે પોતાની અનીચ્છા દર્શાવી. ઇ. સ. ૧૮૮૧ના ફેબ્રુઆરીની પાંચમી તારીખે લંડનમાં પંચ્યાશી વર્ષની વયે આ પ્રસિદ્ધ અને લોકપ્રિય ગદ્યકવિનું અવસાન થયું.

આમ પંચ્યાશી વર્ષે વીર કાર્લાઇલના ઉદ્યોગપરાયણ જીવનનો અંત આવ્યો. કર્મમાર્ગનો એ સાચો ઉપાસક હતો. 'કામ કરો, કામ કરો, ફળની અપેક્ષા રાખ્યા વિના કામ કર્યે જાઓ. પ્રામાણિકપણે ઉદ્યોગ કરવા માટે જ આપણને જિંદગીની બક્ષિસ આપવામાં આવી છે' એવો ગીતાના કર્મયોગનો ઉપદેશ જ તેનાં લખાણો તેમજ જીવનમાંથી આપણને ઠેરઠેર મળે છે. માનવજાત દેશી ને પરદેશીના ભેદ ભલે પાડે, પરતુ આવા મહાત્માઓ તો જગતની સર્વસાધારણ મિલકત છે. આખી વસુધાને પોતાનું કુટુંબ માનીને સમગ્ર માનવજાતનેઉદ્દેશીનેતેઓબોલેછે.

'મહાપુરુષો સદા ખુલ્લા–સરળ મનના અને શુદ્ધ અંતઃકરણના હોય છે. જે તેમને સત્ય લાગે છે તેનો પક્ષ ગ્રહણ કર્યા વિના તેઓ કદી રહેતા નથી. બોલ્યા પ્રમાણે વર્તવું એ તેમની પ્રથમ પ્રતિજ્ઞા હોય છે. સ્વહિત સાધ્ય થાઓ વા નહિ, પરંતુ તેમને જે માર્ગ યોગ્ય લાગે તે માર્ગે વિચર્યા વિના તેઓ રહેતા નથી. તેઓ જે જે કાંઇ બોલે તેમાં કાંઇ ને કાંઇ અર્થ રહેવાનો જ.' પોતાના એક પુસ્તકમાં કાર્લાઇલે મહાપુરુષોનું એક મોટું લક્ષણ આ શબ્દોમાં જણાવ્યું છે. તેના આ શબ્દો તેને જ લાગુ ન પાડી શકાય? (પાટણ અભ્યાસગૃહ પત્રિકા)

બનાવટી રેડીઅમ

રેડીઅમનાં આદ્ય શોધક પતિપત્ની પીઅરી ક્યૂરી અને માદામ ક્યૂરીની પુત્રી માદામ આઇરીન ક્યૂરી તથા તેના પતિ જીન ફ્રેડેરિક જૉલિયટે લંડનમાં તાજેતરમાં ભરાએલી આંતરરાષ્ટ્રીય ભૌતિકશાસ્ત્રીઓની પરિષદ સમક્ષ જાહેર કર્યું છે કે તેમણે કરેલી શોધોને પરિણામે બનાવટી રેડીઅમ હવે ટૂંક વખતમાં દુનિયાભરના વૈજ્ઞાનિકો ઉત્પન્ન કરતા થઇ જશે.

સૌ જાણે છે કે દુનિયાની કિંમતીમાં કિંમતી ધાતુ તે રેડીઅમ છે. કૅન્સર જેવાં અસાધ્ય અને જીવલેણ દરદો મટાડવામાં તથા બીજા વૈદિક અને વૈજ્ઞાનિક ઉપયોગોમાં એની જરૂર પડે છે. પણ દુનિયામાં એનો જથ્થો ઘણો—અતિઘણો ઓછો છે.

ઉપરની શોધ પછી આ ખોટ જણાશે નહિ. વૈજ્ઞાનિકો તો ખાતરી આપે છે કે આ બનાવટી રેડીઅમમાંથી સાચા રેડીઅમ જેટલાં જ—બલ્કે ઊંચી પંક્તિનાં રેડિયોઍક્ટિવ તત્ત્વો ઉત્પન્ન કરી શકાશે, જે દવાઓ વગેરેના ઉપયોગમાં આવશે.

(લિટરરી ડાઇજેસ્ટ)

ઑટોગ્રાફના શૉખીનો માટે

પ્રસિદ્ધ નરોના હસ્તાક્ષરો (ઑટોગ્રાફ) એકઠા કરવાની ધૂનવાળા આજકાલ ઘણા નજરે પડે છે. કૉલેજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ અથવા કોઇ લાગવગવાળા ઘરનાં બાળકો આ ધમાલમાં ખૂબ પડ્યાં છે, અને કેટલીક વાર તો ઉદ્યોગી માણસોને ત્રાસરૂપ પણ થવા લાગ્યાં છે. મહાત્મા ગાંધીજી તેમની આ ધૂન પર કટાક્ષ રાખી પોતાની સહી માટે ફંડમાં નાણાં ભરાવતા હતા, જેથી તેઓ એ રીતે પણ થોડાક પરોપકારમાં ભાગીદાર બને અને સહી લેવાનો નાદ સહેલો ન માને.

પરંતુ આવા લોકો માટે હિંદુસ્તાનમાં એક જુદું જ ક્ષેત્ર છે તે તરફ નજર પહોંચાડે તો દેશસેવા પણ થાય અને સાથે તેમની ઑટોગ્રાફ મેળવવાની ભૂખ પણ ભાંગે. આજે આપણા દેશમાં સેંકડે એંસી માણસો અક્ષરો પણ ઉકેલી શકતા નથી. તેવા પૈકી એકાદને આવો ઑટોગ્રાફનો યોગી પ્રેમથી અક્ષરજ્ઞાન કરાવી તેની પ્રથમ સહી પોતાની નોંધ માટે મેળવે તો એ વાંકાચૂંકા અક્ષરોના સંગ્રહમાં સેંકડો વ્યક્તિઓનો મહત્ત્વનો વિકાસ નોંધાશે.

('સકાળ' સાપ્તાહિક)

નંગા પર્વતનું આરોહણ

હિમાદ્રિ શિખરોમાં રુદ્ર સમા 'નંગા પર્વત'નું અશક્ય મનાતું આરોહણ સિદ્ધ કરવા જતાં ગઇ તા. નવમી જુલાઇએ ત્રણ જર્મન વીરો કાફલા સાથે ભોગ બની ગયા એ વાતથી એ શિખરનો પડકાર વધુ કઠોર બન્યો છે.


નંગા પર્વતનું શિખર એવરેસ્ટ યાને ગૌરશંકર શિખરથી બીજે નંબરે (માત્ર ૨૫૦૦ ફૂટ ઓછું) ૨૬,૬૨૯ ફૂટની ઊંચાઇનું છે. અત્યાર સુધી સર થએલી ઊંચાઇમાં કામટ શિખરનું જ નામ મોખરે છે. આથી નંગા પર્વત ઉપર સાહસિક પ્રવાસીઓનો હલ્લો થવા લાગ્યો છે. અગાઉ માત્ર એક જ વાર ઇ. ૧૮૯૫માં પ્રખ્યાત શિખરિણી એ. એફ. મમરી એક કાફલો લઇ ત્યાં ચડવા ગએલો, પણ તે ભોગે થઇ પડ્યો.

૧૯૩૨માં હેર વિલી મર્કલ નામના જર્મન રેલવે અમલદારે સરદારી લઈ નંગા પર્વત પર આક્રમણ કર્યું હતું. તેનો સર્વ ખરચ પણ જર્મન રેલવે અને રેલવેના કામદારોએ ફાળો કરી આપ્યો હતો. પણ એ કાફલો છેલ્લી ટૂંકથી થોડે જ નીચે પહોંચ્યો ત્યાં પહાડી તોફાનોએ તેને પાછો હઠાવ્યો અને પ્રયાસ છોડાવી દીધો. પણ એથી હારી ખાય એવા એ માઈના પૂત નહોતા.

ફરીવાર આ વર્ષમાં હેર મર્કલની સાથે ડૉ. વાઇલૅન્ડ, ડૉ. વેલ્ઝેનબૅક, હેર સ્નાઇડર અને હેર ઍશનબ્રેનર થોડાક પહાડી મજૂરો સાથે નંગા પર્વતની તાલ પર પડાવો ઠોકતા ચાલ્યા. ચિત્રમાં દર્શાવેલા નંબર એકથી સાત પડાવ સુધી તો તેઓ ખોરાક, સામાન, સમાચાર વગેરેનો સંબંધ ગોઠવતા પહોંચી ગયા અને નંગા પર્વતનું શિખર આ રહ્યું એમ લાગ્યું. પણ ત્યાં તો કુદરતે આંખ તાણી. ભયંકર સુસવાટાભરી બરફની આંધી



નંગા પર્વતના આરોહણમાં જાન ગુમાવનારા વીર જર્મનો; ડાબી બાજુથી :
ડૉ. અલ્રિશ વાઇલૅન્ડ, હેર વિલી મર્કેલ (નાયક), ડૉ. વેલ્ઝેનબૅક



કાશ્મીરમાં હિમાલયની ગિરિમાળામાં આવેલું નંગા પર્વતનું શિખર. તેના ઉપર નાખેલી આઠ છાવણીઓના અંગ્રેજીમાં સ્થળ નિર્દેશ સાથે. ઉપર શિખર ટોચ તીરના નિશાનથી બતાવી છે. આરોહણની ટુકડીના નાયક હેર મર્કેલ છઠ્ઠા નંબરની છાવણી આગળ મૃત્યુ પામ્યા, અને તેની ઉપરના ઢાળે ડૉ. વાઇર્લૅન્ડ અને વેલ્ઝેનબૅક ખતમ થયા.

ઝાપટવા માંડી. આગળ વધવાનું તો અશક્યજ બન્યું, પણ પાછા ફરવાના માર્ગમાં યે કુદરતે ભયંકર જોખમ બિછાવી દીધું.

હેર સ્નાઈડર અને ઍશનબ્રેનર ચોથા નંબરના પડાવ સુધી પહોંચ્યા, પણ બીજા ઉપર રોકાઈ ગયા. ઉપરના બધા પડાવ તોફાનમાં ઘસડાઇ ગયા હતા એટલે ઉપર મદદ પહોંચાડવાનું પણ હવે બને તેમ નહોતું.

ડૉ. વાઇર્લૅન્ડ સાત નંબરના પડાવે પહોંચતાંજ પહેલા મૃત્યુ પામ્યા. હેર મર્કેલ છઠ્ઠા નંબર સુધી ઝૂઝતા પહોંચ્યા અને એક મજૂરની હકીકત પ્રમાણે તે બરફના પેટાળમાં બીજા મજૂરને ભેટીને કેટલાક દિવસ રહ્યા. ખોરાક કોઇ જાતનો મળ્યો નહિ; છતાં તા. ૧૪મી જુલાઈ સુધી હેર મર્કેલ જીવતા હતા. પણ મદદનું કોઇ સાધન નહિ રહ્યું હોવાથી છેવટે લેશ પણ આશા રહી નહિ.

એમ કહેવાય છે કે આ કાફલા પાસે રેડિયો-સંદેશનાં સાધનો સારી હાલતમાં હોત તો આવું બનવા પામત નહિ. તા. ૭મી જુલાઇએ પૂનાના વાયુશાસ્ત્રીએ જાહેર કર્યું હતું કે નંગા પર્વત ઉપર એ દિવસે તોફાન નીકળશે. આ સમાચાર કાફલાને મળ્યા હોત તો તેઓ પાછા વળી જાત. પણ પચીસમી જૂનથી જ તેમની રેડિયો સેટ ખરાબ થઇ ગઇ હતી અને સંદેશાઓ માટે માણસો દોડાવીને કામ લેવાતું હતું.

માતૃભૂમિ જર્મનીની ગોદ છોડી પરદેશનાં આ ભીષણ દુર્ગમ શિખરો પર જાન કુરબાન કરનારા વીરો! તમને કયા ભાવો પ્રેરણા આપતા હશે? હજારો સલામ ઓ બહાદુર આત્માઓ તમને!

(લંડન ન્યુસમાં આવેલી હકીકતો તથા ચિત્રો ઉપરથી)

કચ્છનું વહાણવટું

કચ્છનું વહાણવટું અતિ પ્રાચીન છે, પરંતુ તેનો શ્રૃંખલાબદ્ધ ઇતિહાસ મળવો મુશ્કેલ છે. કચ્છ રાજ્ય પોતાનાં પ્રાચીન સાધનો પ્રકાશમાં મૂકે તો ઘણું જાણવાનું મળી શકે તેમ છે.

હિંદના પશ્ચિમ કિનારે આવેલાં કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં બંદરોનો સંબંધ જગતનાં જાણીતાં બંદરો સાથે ત્રણેક હજાર વર્ષો ઉપર પણ હતો તે ઇજિપ્તની કબરોમાંના જૂના અવશેષો પરથી જણાય છે. જે સમયે યુરોપવાસીઓ બહુ જ પછાત સ્થિતિમાં હતા તે વેળા કચ્છના સાહસિક નાવિકો પોતાનાં વહાણોથી ધમધોકાર વેપાર ચલાવતા. હિંદના પશ્ચિમ કિનારા પરનાં બંદરોમાં કચ્છના વહાણવટા અને નાવિકોના હ્યુએટ નામના ગ્રંથકર્તાએ ભારે વખાણ કર્યાં છે. ગ્રીક ઇતિહાસવેત્તા હીરોડોટસે પણ કચ્છના વહાણવટા વિષે ઉલ્લેખ કર્યો છે. ઇ. સ. ૧૫૦માં ઇતિહાસકાર ટૉલેમીએ પોતાના બર્ટીએસ નામના ગ્રંથમાં કચ્છના વહાણવટાનું વર્ણન કરેલું છે. ઈ. સ. ૨૪૬ માં ગ્રીક ગ્રંથકાર પેરિકિલસે પોતાના ગ્રંથમાં કચ્છી અખાતનું લંબાણથી વર્ણન કરેલું છે. હાલમાં જ્યાં રણ છે ત્યાં અગાઉ સિંધુ, સરસ્વતી અને બીઆસના પાણીનો મોટો પ્રવાહ વહેતો હતો. ગ્રીક લેખક એરીસન એમાં નાનાં વહાણો ફરતાં હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ

કરે છે. પ્રસિદ્ધ ચીની મુસાફર હ્યુએનસંગે પણ ઈ. સ. ૬૪૦માં કચ્છની મુલાકાત લઇ પોતાના પ્રવાસગ્રંથમાં કચ્છના વહાણવટા સંબંધે વર્ણન લખ્યું છે. આફ્રિકાના કિનારા પર વેપાર ખેડતા કચ્છી વહાણવટીઓની અને ત્યાંના વેપારની વિખ્યાતિ આફ્રિકાના 'ટીપુ ટીપુ'માં વાંચવામાં આવે છે. એ રીતે ઘણા પ્રાચીન ગ્રંથકારો કચ્છના વહાણવટા અને વેપારની પ્રાચીનતા બતાવી ગયા છે.

કચ્છની જૂનામાં જૂની ભદ્રાવતી નગરી એ પ્રાચીન કાળમાં મહા ભવ્ય બંદર હતું. તેનો વેપાર બહોળો ને જલવંત હતો. એ બંદરના ઘણા સાહસિક વેપારીઓ જગતનાં તે વખતનાં જાણીતાં બંદરો સાથે વેપાર ચલાવતા. સને ૧૩૧૫માં આખા હિંદમાં ભારે દુકાળ પડ્યો તે વખતે એ ભદ્રાવતીના પ્રખ્યાત વેપારી જગડુશાહ જેની દુકાનો હિંદના સર્વ ભાગોમાં હતી તેણે સર્વત્ર અનાજના મોટા જથ્થા મોકલી દુકાળીઆઓને મફત અને ઓછે ભાવે અનાજ પૂરૂં પાડ્યુ હતું. ભદ્રેશ્વરમાં જગડુશાહનું બાંધેલું મોટું જૈન મંદિર સારી હાલતમાં અને વ્યવસ્થામાં હાલ પણ અસ્તિત્વમાં છે. માંડવીથી એક ગાઉ છેટે રિવાણ અથવા રાયપુર બંદરની નિશાનીઓના અવશેષો હજી પણ મળી આવે છે. પ્રાચીન સમયમાં એ મોટું બંદર ગણાતું. બે હજાર વર્ષો ઉપર ત્યાં નૌકાવ્યવહાર ધીકતો ચાલતો હતો.

રાયપુર અથવા માંડવી, મુંદ્રા, તુણા, ખારી, રોહર, કોટેશ્વર, જખૌ, લખપત, અને ભદ્રેશ્વર એ કચ્છનાં આઠ મુખ્ય બંદરો છે. હવે શ્રી કંડલા બંદર નામે નવું કચ્છના વેપારની વૃદ્ધિને માટે બાંધવામાં આવ્યું છે. એ બંદર છેલ્લામાં છેલ્લી શોધ અને સગવડથી બંધાયું છે. કચ્છનાં બીજાં બંદરો ચોમાસામાં વહાણો માટે બંધ રહે છે, જ્યારે કંડલા બંદર બારે માસ ખુલ્લું છે. વિલાયત અને જાપાનની સ્ટીમરો કંડલા બંદર ખાતે સીધી મુલાકાત લઇ જેટ્ટી ઉપર માલ ઉતારે છે.

કચ્છનું મુખ્ય બંદર હજી પણ માંડવી છે. તેનો વેપાર કચ્છનાં સર્વે બંદરો કરતાં ધીકતો છે. કચ્છનો અરધા ઉપરનો વેપાર ત્યાં ચાલે છે. છેલ્લાં બસો વરસ થયાં માંડવીનો વેપાર આફ્રિકાનાં અને ઇરાની અખાતનાં બંદરો સાથે ચાલતો હતો. તે વખતે માંડવી બંદર ભારે સમૃદ્ધિશાળી હતું. તેના સાહસિક વેપારીઓએ ઝંગબાર, મસ્કત અને તેના પ્રદેશોમાં સંસ્થાનો સ્થાપ્યાં હતાં. આફ્રિકામાં કચ્છી વેપારીઓની ભારે લાગવગ હતી. ત્યાંના સુલતાને પણ તેમને દરેક બાબતમાં અગત્ય આપી પોતાના કસ્ટમનો કબજો કચ્છી વેપારીઓને સોંપ્યો હતો. કચ્છી વેપારીઓએ પોતાની પેઢીઓ જમાવી મોટી સ્થાવર જંગમ મિલકત ત્યાં ખરીદી હતી ને કરોડો રૂપિયા કમાયા હતા તથા હજારો કચ્છીઓ માટે ત્યાં કાર્યપ્રદેશ કરી મૂક્યો હતો.

દોઢસો વરસ પહેલાંથી માંડવીમાં સેંકડો કોટીઆ, બતેલા, નાવડાં અને બીજાં જંગી વહાણો કચ્છી વેપારીઓની માલિકીના દરિયામાં પર્યટન કરતાં હતાં. તે વખતે સ્ટીમરોનો જમાનો નહોતો. કચ્છી વહાણવટાએ હિંદના દરેક ભાગમાં ભારે નામના મેળવી હતી. બહાદુર, સાહસિક ખડતલ અને મરદ એવા કચ્છી નાવિકો પોતાનાં વહાણોને દરેક દિશાએ લઇ જતા. લંકા, સીંગાપુર, જાવા, સુમાત્રા, એડન, બહેરીન, બસરા, મોઝાંબિક, ઝંગબાર, કીલ્વાની અને માડાગાસ્કર સુધી કચ્છી વહાણવટીઓ સફરો કરતા ને માલ વેચતા, ખરીદતા તથા ફેરબદલ કરતા અને નાણાં લઇ જતા. તેઓ અનેક દેશોની ભાષા, રીતરિવાજો અને વેપારથી પરિચિત હતા. વાવડાનાં તોફાનોમાં અને વંટોળિયામાં વીંટળાતા, ચાંચીઆઓના હાથમાં સપડાતા, જંગલીઓનાં હાથમાં પકડાતાં ગુલામો તરીકે વેચાતા.

માંડવીનો વેપાર સર્વત્ર હતો. આફ્રિકાથી હાથીદાંત, સરેસ, લવંગ, ટોપરાં ને રબર વગેરે આવતાં તથા ત્યાં મીઠું, રેશમ ને કાપડ વગેરે મોકલાતાં ઊન, રૂ, હાથીદાંત, ગેંડાનાં ચામડાં મલબારનાં બંદરોમાં ઊતરતાં હતાં અને ત્યાંથી લાકડું, શ્રીફળ, કાથો, ટોપરાં, સોપારી ને ચોખા ચડતા. મદ્રાસથી કાપડ, સેલાં ને પટકાં આવતાં. મુંબઇ અને સુરતથી પોલાદ, લોખંડ ને સાકર આવતાં. મસ્કતથી ખજુર અને ખારેક આવતાં. સિંધ સાથે તો જૂનો સંબંધ હતો. કચ્છી વહાણો દરિયાના સર્વે ભાગમાં જતાં. માત્ર માંડવીના જ વેપારીઓ પાસે ચારસો કોટીઆ, ત્રણસો બતેલા, સાઠ નાવડી અને બીજાં વહાણો હતાં. માંડવીમાં અને બીજાં બંદરોમાં ઘણા કરોડપતિ વેપારીઓ હતા. તેમના મહાજનનું રાજ્યમાં ભારે ચલણ હતું. કચ્છ રાજ્યને એ ચારે શહેરનાં મહાજનો ભેગાં મળી અનુકૂળ રાજ્યનીતિ ગ્રહણ કરવા ફરજ પણ પાડી શકતાં હતાં. ઘણી વખત તેઓ રાજ્યને મોટી રકમો પણ ધીરતા ઘણી વખત આરબો અને બીજા લડવૈયાઓ રાખી લડાઇઓ પણ લડતા. હંસરાજ શાહ, આશકરણ શાહ, મેઘજી શેઠ વગેરે ઘણા વેપારીઓ આ રીતે રાજ્યમાં સત્તાધારી થયા હતા. શેઠ સુંદરજી શિવજી સોદાગરની બ્રિટિશ સરકારમાં ભારે લાગવગ હતી.

માંડવી, મુંદ્રા, જખૌ અને બીજાં ઘણાં બંદરોમાં વહાણો બાંધવાનો ઉદ્યોગ ધમધોકાર ચાલતો હતો. જાતજાતનાં વહાણો, મછવા ને હોડકાં ઉપરાંત પડાવ, નાવડી, હોડકાં, બગલા, બતેલા વગેરે મોટી સંખ્યામાં કચ્છમાં બંધાતા અને કાઠિયાવાડનાં બંદરોથી ઠેઠ આફ્રિકાનાં બંદરો સુધી જોઇતાં વહાણો કચ્છ તરફથી પૂરાં પડાતાં હતાં. કહેવાય છે કે યુરોપીઅનો વેપાર અર્થે કચ્છમાં આવ્યા ત્યારે મજબૂત, ઘાટીલાં ને સારાં વહાણો જોઇ કચ્છમાંથી તેમણે પોતાના ઉપયોગ માટે કેટલાંક વહાણો ખરીદ્યાં હતાં. એવી પણ કહેતી છે કે તે સમયે માંડવી બંદરમાં જર્મનીએ કેટલાંક વહાણો ખાસ બંધાવ્યાં હતાં.

આ વહાણવટાથી કચ્છના હુન્નરોને ભારે ટેકો મળ્યો હતો. રામસંગ માલમે કચ્છની કારીગરીનાં જે સુંદર બીજો વાવ્યાં હતાં તે હવે વિકાસ પામ્યાં હતાં. માંડવી જિલ્લામાં

ભારે ટકાઉ અને સુંદર રેશમ બનતું હતું ને રેશમની હજારો શાળો ચાલતી હતી. જાપાનીઝ રેશમે આજે એ ઉદ્યોગને તોડી પાડયો છે. કચ્છી રેશમ આફ્રિકાના સરદારો તથા સુલતાનોની બેગમોમાં બહુ મશહૂર હતું. આજે તો માંડવીના એ રેશમના ઉદ્યોગનું નામમાત્ર રહ્યું છે. કચ્છનું ભરતકામ પણ બહુ વખણાતું હતું. મોચીનાં સેંકડો કુટુંબો પોતાની સરસ કારીગરીથી ટેબલક્લૉથો, ટોપીઓ, કોરો, ભરતકામવાળા પડદાઓ, વેલબુટ્ટાની નવીનવી જાતની નકશીઓ બનાવી તૈયાર કરતાં હતાં. રાજ્યાશ્રય મળે અને જગાતોમાંથી રક્ષણ મળે તો એ ઉદ્યોગ હજી પણ જરૂર ફૂલેફાલે. સોનારૂપા ઉપરની કળામય નકસી અને સુંદર ઘાટોવાળી બનાવટ તો કચ્છની હજી પણ વખણાય છે. નાજુક વેલો, રૂપાળા બુટ્ટાઓ, સોનેરી ફૂલો, અને જીવતાં જેવાં લાગતાં પશુપક્ષીઓ તથા એનાં રૂપ, કારીગરો પોતાની ઝીણી છીણીથી આબાદ કોતરતા હતા. જગાતને લીધે એ હુન્નર આજે શિથિલ દશામાં છે.

યુરોપના જગદ્વ્યાપી મહાયુદ્ધને સમયે કચ્છનું વહાણવટું સારી સ્થિતિમાં આવ્યું હતું. ત્યારે હિંદનાં બંદરો માટે માલ લઇ આવવા માટે વહાણોની માંગ વધી પડી. લડાઇ માટે કાચાં દ્રવ્યોની ખૂબ માંગણી નીકળી, નૂરો વધવા લાગ્યાં, વહાણોની અછત થઇ પડી અને નવાં વહાણો ધમધોકાર બંધાવા માંડયાં, પરંતુ લડાઇને લીધે વહાણો બનાવવાની વસ્તુઓ બહુ થોડી મળવા લાગી તેથી નવાં વહાણોની પ્રગતિ મંદ હતી. નૂરોના ભાવો છથી દસ ગણા થઇ ગયા હતા. એક સફરમાં વહાણની અસલ કિંમત વસૂલ થઈ જતી હતી. પાંચ હજાર રૂપિયાના વહાણની કિંમત પચીસ હજાર થઈ પડી હતી. આ તેજી સને ૧૯૨૦ સુધી ચાલી. ૧૯૨૧થી સ્ટીમરોની હરીફાઇ શરૂ થઈ અને વહાણવટું થાકયું.

કચ્છના મછવા અને વહાણોની બનાવટ બહુ વખણાય છે. મછવા ૨૫૦ થી ૨૫૦૦ સુધીની કિંમતના તૈયાર થાય છે. દરિયાકિનારે રેતી ઉપર ખુલ્લામાં એ વહાણો તૈયાર થાય છે. વહાણ બનાવનાર સુતારોને વાઢા કહે છે. તેમને રૂ.૧ા થી ૧ાા રોજ મળે છે. મિસ્રીને રૂ. ૨) રોજ મળે છે. પ્રથમ આખા વહાણની લંબાઇનું લાંબું મજબૂત લાકડું (પઠાણ) તૈયાર કરે છે. પછી વહાણની લાકડાની પાંસળીઓ જડાય છે, એટલે ખોખું તૈયાર થાય છે. તેમાં પાટીઆં જડી ઊંચો કુવાથંભ બેસાડે છે. વહાણની બહાર માછલીનું તેલ અને બીજા પદાર્થો લગાવી મખ કરે છે. ૨૫૦ ખાંડીના વહાણ ઉપર રૂ. ૭૦૦૦) થી રૂ. ૮૦૦૦) બેસે છે. વહાણો શ્રાવણ માસમાં માંડવી અથવા પુણેથી હંકારે છે. આ વહાણો ૫૦થી ૯૦ ફીટ લાંબા અને ૧૫થી ૨૫ ફીટ પહોળાં હોય છે તથા ૧૨ થી ૧૫ ફીટ ઊંડાં રહે છે.વહાણમાં લગભગ એક સો ઘડા મીઠું પાણી રાખવાની ટાંકી હોય છે.

દરેક વહાણને કચ્છના રાજ્ય તરફથી કોલ એટલે વહાણનો દસ્તાવેજ મળે છે. તેમાં વહાણના ટન તથા માલ ઉપાડવાની મર્યાદા જણાવેલી હોય છે. આ કોલ(Passport) દરેક કસ્ટમ તથા પોર્ટ ઑફિસમાં નોંધાવવા પડે છે. ઘણી વખતે હુંડીની સગવડ મળતી નથી તો વહાણો રોકડનાણું પોતાની સાથે લઇ જાય છે. તોફાન વખતે ખલાસીઓ ભારે સહનશક્તિ, અગમચેતી અને નીડરતા બતાવે છે.

કચ્છના ખારવાઓ હિંદુ–મુસલમાન બંને છે. તેમાં મુસલમાનોમાં ભાડેલા, વાઢેર, વાઘેર, મિયાણા વગેરે હોય છે. તેઓ શરીરે સશક્ત, મજબૂત પણ તદ્દન નિરક્ષર હોય છે. પરંતુ પુષ્કળ દેશાવરોના વેપારના અનુભવથી માલની કિંમત, જાત ને વજન સમજી શકે છે, નાણાંનો વ્યવહાર બરાબર સાચવી જાણે છે. વહાણ ઉપર બહુ સાદાઇથી વર્તે છે, પણ પરદેશોમાં નવાં કપડાં પહેરી સોદાગર થઇ નીકળે છે. પોતાનાં નાનાંનાનાં વહાણોને ઠેઠ માડાગાસ્કર સુધી લઇ જાય છે. એઓમાં માલમી વિદ્યા એટલે સફર કરવાની વિદ્યા વંશપરંપરાથી ઊતરી આવે છે. દર વહાણમાં એક માલમ હોય છે. સૂર્યચંદ્રની ગતિ ઉપરથી ગણત્રી કરી તે પોતાના વહાણને નિયત બંદરે હંકારી જાય છે. હવે નકશાઓ ને પાશ્ચાત્ય સાધનોનો ઉપયોગ થાય છે.

માંડવીના હિંદુ ખારવાઓ ભડાલા તરીકે આળખાય છે. એઓ વધારે ભણેલા અને પ્રામાણિક ગણાય છે. તેઓ તાડી પીએ છે અને મચ્છી ખાય છે. મુસલમાન ખારવાઓ કચ્છી ભાષા બોલે છે અને હિંદુ ખારવાઓ ગુજરાતી બોલે છે. મુસલમાન ખારવાઓમાં જીવતે ધણીએ બીજો પતિ કરવાનો ચાલ છે તેથી ઘણી તકરારો અને મારામારી થાય છે. અભણ, વહેમી અને સંસ્કૃતિને પહેલે પગથીએ તેઓ છે, પરંતુ શરીરે કદાવર, મહેનતુ અને સશક્ત હોય છે. સ્ત્રીઓ પણ કાંઇક કામ કરે છે. એ મુસલમાન ખલાસીઓ ફકીરો તથા મુલ્લાંઓને બહુ શ્રદ્ધાપૂર્વક માને છે.

એ નાખવાઓના કેટલાક પારિભાષિક શબ્દો વહાણવટાની બહાર અજ્ઞાત છે તે પણ જાણવા જેવા છે.

સથો–તુતક.

નીરમ–વહાણોને સમતોલ રાખવા ભરેલી રેતી અથવા પથ્થર.

ફનો–લંગરનાં દોરડાં રાખવાનું સ્થળ.

કુવો–વહાણ વચ્ચેનો મોટો થંભ.

પઠાણ–વહાણના બરડાનું લાકડું.

મહોરો–મોઢું.

પરમાણુ–સઢને બાંધવાનું લાકડું.

જાળી–વાંકનું લાકડું.

ધામણ–સાંધામાં નીચે પાણી ભરાય તે.

છત્રી–ભંડાર ઉપરનું છાપરું.

વીણો–સુકાન ફેરવવાનો દાંડો.

ડંબર–દોરડાં ખેંચવાનું સાધન.

ગાયમ–પાછલા ભાગમાં છેડો બાંધવાનું સાધન

કાવરાન–વહાણમાં વધારે ભરતી કરવી.

બરૂદ-પાણી માપવાનો સીસાનો કટકો.

ગુડ-રૂ તથા તેલથી સાંધો પૂરવી તે.

ગોસરાળ-ચાલતા વહાણને ધીમું પાડવું.

હેરીઓ-સઢને પવન ફરે તેમ ફેરવવો.

હાંજા હંકાર-સઢ ચઢાવવો.

બારગોસ તાણ-પરમાણ સાથે બાંધેલ દોરડાને છોડવું.

બારગોસ છોડ-અંદર રેતી કે કાદવ નીરમ માટે ભરવો.

કચ્છમાં ખલાસીઓનો પગાર સફર ઉપર અપાય છે,—પછી સફર જલદી થાય કે મોડી પતે. બસરાથી પાછા ફરી આવતાં બે માસ લાગે તેના ખલાસીને રૂ. ૨૪) અને નાખુદાને બમણા એટલે રૂ. ૪૮) મળે છે. તે સિવાય ખલાસી દીઠ દરરોજ ૧ પાયલી અનાજ તેને તથા ૦ાા પાયલી અનાજ તેને ઘેર પહોંચાડે છે. છોકરાઓને અર્ધો ખલાસ મળે છે. નાખુદાને વહાણવણી થોડો વેપાર કરવાનું સાધન પણ કરી આપે છે. વહાણના સઢો, દોરડાં સર્વે કચ્છ રાજ્યના કારીગરો જ તૈયાર કરે છે.

કચ્છમાં વહાણનો અને માલનો વીમો ઊતરાવે છે. તેને 'અડવંગ' શબ્દથી ઓળખવામાં આવે છે. વહાણ દેશાવરોમાં માલથી ભરાઇ જવાનો તાર આવતાં જ વેપારી પોતાના માંડવીના આડતીઆને વીમો ઉતારવા તારથી ખબર આપે છે. વીમાના દલાલ દસબાર વેપારીઓને મળી થોડો વીમો સૌને આપે છે. વીમો ઉતરાવનાર વેપારી ૩૦-૪૦ ટકા રોકડા રૂપીઆ અગાઉથી બહાના તરીકે લે છે અને વહાણ સહીસલામત આવ્યે નાણાં પાછાં વ્યાજશીખે આપે છે. વીમાનો ભાવ ઋતુ અને બંદર પ્રમાણે રૂ. ૧થી રૂ. ૪) સુધીનો સેંકડે હોય છે. વહાણ અથવા માલને નુકસાન થાય તો વેપારીઓનાં પંચ પાસે ખરી કિંમત અંકાવી વીમો ઉતારનાર ૭૫થી ૮૦ ટકા ઉતરાવનાર વેપારીને ચૂકવે છે. વાંધા ઘણા થાય છે, પરંતુ વેપારીઓ પતાવી દે છે. કોઇ કોર્ટે જતું નથી. જો વહાણને નુકસાન થાય છે તો એક વેપારી રીસીવર તરીકે નીમાય છે. રીસીવર સૌ વેપારીઓ પાસેથી ખરચ પેટે નાણાં ટકા મુજબ વસુલ કરે છે અને સૌ. વેપારીઓના માલના પ્રમાણમાં વહેંચી આપે છે. ઓછુંવત્તું નુકસાન હોય છતાં સરખા ભાગે વહેંચાય છે તેને 'વરાડ' એવા શબ્દથી ઓળખે છે.

વહાણવટાનો ધંધો રાજ્યાશ્રય અને સહકાર માગે છે. જો વેપારીઓ પરસ્પર સંપ રાખી પરસ્પરની હરીફાઈમાં ન ઊતરે તો વહાણવટાને જરૂર ફાયદો થાય. રાજ્ય પણ એ બાબતમાં સારી મદદ આપી શકે. ઉત્પન્ન થતી જગાતમાંથી થોડો હિસ્સો જુદો કાઢી વહાણવટાને દરબાર જરૂર મદદ કરી શકે. કયો દેશ પોતાના વહાણવટાને મદદ કરતો નથી? દરેક સુધરેલો દેશ પોતાના વહાણવટાને આર્થિક મદદ આપે છે. વહાણવટું એ વેપારનું હૃદય છે અને વેપાર એ રાજ્યનું હૃદય છે. ઈંગ્લંડ, જર્મની, અમેરિકા, ફ્રાંસ વગેરે દરેક સુધરેલી સરકાર પોતાના વહાણવટાને મદદ આપી રહી છે. વહાણવટાનો ઉદ્ધાર કરવા જાપાનીઝ સરકારે તો ભારે સગવડો આપી છે. શું કચ્છના મહારાજા પોતાના વહાણવટાના ઉત્તેજન માટે કંઇ નહિ કરે?

(શારદા) —ડુંગરશી ધરમશી સંપટ

ધુમ્મસિયો પ્રદેશ

દક્ષિણ ઍટલાન્ટિક મહાસાગરમાં કેટલાક ટાપુઓ એવા છે કે જ્યાં સદાકાળ ધુમ્મસ રહ્યા જ કરે છે. આનું કારણ ઍટલાન્ટિકમાંથી નીકળતી ગરમ હવા ઍન્ટાર્કટિકની ઠંડી હવાની સાથે અથડામણમાં આવે છે તે છે. ત્યાંના સાઉથ શેટલાંડ ટાપુઓનો આખો સમૂહ તો હજી લગી પૂરો કોઇ એક નજરે જોવા પામ્યું નથી, એટલું જ નહિ પણ તેમાંનો કોઈ એક ટાપુ પણ આખો જોઇ શક્યું નથી એટલું ઘાડું ને સતત ધુમ્મસ ત્યાં રહ્યા જ કરે છે. સૂર્યનો પ્રકાશ પણ ત્યાં દુર્લભ. કવચિત્ વાદળાંમાં એકાદ ગાબડું આવી જાય ને દેખાય એટલું જ. પવન જેમ જોરથી ફૂંકાય તેમ ધુમ્મસ ઘાડું થતું જાય.

(અંગ્રેજી ઉપરથી)

તવંગર ભિખારીઓ!

ઇંગ્લંડના એક ડિટેક્ટીવે પોતાના શિકારની શોધ માટે એક વખત ભિખારીનો વેશ લીધો. કામ પતી ગયા પછી ભિખારી વેશ દરમ્યાન એની તરફ ફેંકાએલી આનીઓની એણે ગણત્રી કરી જોઇ તો અઠવાડિયે રૂા. ૭૫)ની સરેરાશ આવી! ત્યાર પછી એક રીપોર્ટરે ભિખારીઓ સંબંધોના પોતાના લેખમાં સ્વાનુભવ ઉપયોગી થાય તે હેતુથી ભિખારીનો વેશ લીધો. એ દરમ્યાન એની આવક રૂા. ૧૮૨)ની થઈ! ત્યાં કેટલાક ભિખારીઓ તો એવા ગરીબ હોય છે કે પોતાના નિવાસસ્થાનથી પોતાની રોજની જગ્યાએ પોતાની મોટરમાં આવે છે! આ બનાવ પરથી સરકારનું આ બાબત પર લક્ષ ખેંચાયું છે અને લાયક ભિખારીઓને સર્ટિફિકેટો આપવાનું કામ શરૂ કરવાનો વિચાર ચાલે છે! (ગુજરાત સમાચાર)

દરિયાના પાણીમાંથી પેટ્રોલ!

આલ્બર્ટ નામના ફ્રેંચ વિજ્ઞાનીએ દરિયાના પાણીમાંથી પેટ્રોલ બનાવવાની યુક્તિ શોધી કાઢી છે. આથી લગભગ અરધા પેન્સના ખર્ચે એક ગૅલન પેટ્રોલ બનાવી શકાશે!

આ શોધ તે ૨૫ કરોડ પૌંડમાં વેચી નાખવા ઇચ્છે છે. પેટ્રોલની સાથે ક્ષારો હોય છે જ; તે ઉપરથી તેણે આ શોધ કરી છે. તેના આ યંત્ર આગળ બે મશિનગનો તેની ગુપ્તતા જાળવવા માટે રાખવામાં આવી છે. (ગુજરાત સમાચાર)

પૃથ્વીની ઉંમર

ઑસ્ટ્રીઅન ભૌતિકશાસ્ત્રીઓએ કૅનેડાના જૂના પર્વતોની રેડિયો ઍક્ટિવટી પરથી હમણાં કરેલી ગણતરી પ્રમાણે પૃથ્વી આશરે ૧,૭૨,૫૦,૦૦,૦૦૦ વર્ષ જૂની છે. તાજેતરમાં ખળભળી ઊઠેલા વીએનામાં બળવા વખતે જ્યારે લશ્કરી સિપાઇઓ પ્રયોગશાળાની આગળ દોડધામ કરતા હતા ત્યારે પણ આ ગણતરી અને અખતરાઓ અંદર શાંતચિત્તે ચાલુ રહેલા!

ગૂજરી વાતને સમજ ગઇ રાત તે, વાદળી કાળી ગઇ ઊતરી તે

જેનું ચરિત્ર ગયા અંકમાં આવી ગયું તે રશિયન રાષ્ટ્રના ઘડનાર મહાન પીટરને એક વાર કોઇ પરરાષ્ટ્રનો એલચી મળવા આવેલો તેને તેણે સવારના છ વાગ્યાનો વખત આપ્યો. રાજા તે આટલા વહેલા ઊઠતા હશે? એમ ધારી એલચી જરા મોડો ગયો, તો પીટર મહેલમાં મળે નહિ. એ તો એના પ્રિય વ્યવસાય (વહાણવટા) માટે વહાણ પર ગએલો. એલચી ત્યાં ગયો. પીટર ત્યાં ઊંચા કુવાથંભને મથાળે બેઠો કામ કરતો હતો. તેણે એલચીને ઉપાલંભ આપતાં કહ્યું, 'મને શું મોડો ઊઠનારો આળસુ માની લીધો? હવે હું મારૂં કામ ખોટી કરી નીચે આવવાનો નથી. તમારે કામ હોય તો અહીં ઉપર આવીને વાત કરી જાઓ!'

અનેકાર્થી શબ્દ: **ગતિ**=ચાલ; ઝડપ; મતિ; શક્તિ કે બળ; સ્થિતિ; મરણ પછીની હાલત; પ્રવેશ–પ્રવેશ કરવાની બુદ્ધિ.

સ્કૉટલંડના ફ્રેઝર ડાર્લિંગ નામના વૈજ્ઞાનિકે જણાવ્યું છે કે ગરુડની ઊડવાની ઝડપ કલાકના ૧૨૦ માઇલની હોય છે. તેણે કરેલા અખતરામાં સાડા ત્રણ માઇલના અંતરનાં બે બિંદુઓ વચ્ચે ગરુડ એ વેગથી ઊડેલું અને તે દરમ્યાન ૧૦૦૦ ફૂટ ઊંચાઇએ તે ચડેલું.

કોલસાનું આજનું મોટું ધામ જે ઇંગ્લંડ ત્યાં ચૌદમી સદીમાં કોલસો બાળવો એ ગુનો મનાતો! માનશો?

જગતમાં આજે ૫૮,૬૦૭ જાતની ટપાલની ટિકિટો ચાલુ છે.

હાડકું ભાંગવાથી કે વાગવાથી કે ઘાથી થતા દુખાવાના કળતર ઉપર લોબાનનો ધૂપ આરામ આપશે.

પાણીમાં સોય તરાવવી છે? તો પાણી ભરેલા વાસણમાં બારીક પતંગિયા કાગળનો ટુકડો તરતો મૂકી તે પર હળવેથી સોય મૂકજો. થોડીવારે કાગળ પલળી નીચે બેસી જશે અને સોય પાણી પર તરશે.



લાકડાના એક પાટિયાની વચ્ચે ચોરસ કાણું પાડી, તેની બે સામસામી બાજુએ બે લાકડાના કટકા જડી, તેમની બાજુમાં પાડેલા ખાંચામાં ચપ્પુ કે છરી મૂકીને કેળાં, બટાટા, કાકડી, રતાળુ વગેરેનાં પતીકાં ઉતારતો સંચો બનાવી શકાશે. પતીકાંની જાડાઇનો આધાર શાના પર છે તેનો વિચાર કરશો તો એક જ સંચામાંથી બે જાતનાં પતીકાં ઉતારવાનું પણ ગોઠવી શકશો.

શિક્ષક: અંગ્રેજીમાં તને ૯૦ માર્ક આપતાં મને બહુ હર્ષ થાય છે.

વિદ્યાર્થી: તો સાહેબ ૧૦૦ કરી નાખીને વધુ હર્ષ લ્યોને!


દુનિયામાં વધારેમાં વધારે ફેલાવો પામેલું પુસ્તક બાઇબલ ગણાય છે; અને એના પછી બીજે નંબરે અમેરિકાની સ્કાઉટ હૅન્ડબુક આવે છે. તમે એ જોઇ છે?

કોઇપણ ઊંચા ઝાડની ઊંચાઇ માપવાની સહેલી રીત તેના પડછાયા પરથી છે. ઝાડની નજીક એક નાનકડી લાકડી ઊભી રાખી તેના પડછાયાની લંબાઇ માપો. પછી તે વડે ઝાડના પડછાયાને ભાગી નાખીને જે આવે તેને લાકડીની ઊંચાઇ વડે ગુણો, એટલે ઝાડની ઊંચાઇનું ચોક્કસ માપ મળી રહેશે.

ન્યૂ યૉર્કની ૫૮ લાખની વસ્તીમાંથી વીસ લાખ તો પરદેશીઓ જ છે. ઇટાલીના પાટનગર રોમમાં છે તે કરતાં વધુ ઈટાલિયનો, ડબ્લિનની વસ્તી કરતાં પણ વધુ આઇરિશમેનો અને જગતભરના યહુદીઓનો દસમો ભાગ ત્યાં વસે છે.

હિંદી મહાસાગરના મૉરિશ્યસ ટાપુમાંના બ્રિટિશ તોપખાનાના બરાકમાં હમણાં દુનિયાનું એક વૃદ્ધમાં વૃદ્ધ પ્રાણી મરણ પામ્યું. તે ૧૫૨ વરસની વયનો કાચબો હતો.

પ્લાસ્ટર ઑફ પેરીસમાં સફેદો મિલાવી કરેલું સીમેન્ટ વૉશ બેઝીન વગેરેની તરડો પૂરવામાં અકસીર છે.



કરવતીના અવતાર : છેક અતિ પુરાણા કાળ (જેને ઇતિહાસવેત્તાઓ પથ્થરયુગ કહે છે તે કાળ)માં વપરાતી પથ્થરની કરવતીઓથી માંડીને ઉત્તરોત્તર તેમાં જે સુધારાવધારા થતા ગયા તથા રૂપ બદલાતાં ગયાં તે દર્શાવીને અહીં છેક આજના યુગમાં મશિનોમાં વપરાતી વિવિધ ઘાટની કરવતીઓ સુધી સમાવેશ કર્યો છે.